॥ अर्हं ॥

ધર્મબીજ

[મૈત્રી–પ્રમોદ–કરુણા–માધ્યસ્થ્ય]

[પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય લિખિત
'ઉપોદ્ઘાત' તથા 'પવિત્રતાના સંદેશ' સાથે]

લેખક :

અનાહત

પ્રકાશક :

હીરાલાલ મણિલાલ શાહ
ગીરધરનગર, અમદાવાદ.

ધર્મબીજ

[મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય]

*

[પ. પૂ. પન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય લેખિત
'ઉપોદ્‌ઘાત' તથા 'પવિત્રતાનો સંદેશ' સાથે]

: લેખક :

અનાહત

: પ્રકાશક :

હિરાલાલ મણીલાલ શાહ
ગિરધરનગર, અમદાવાદ.

આર્થિક સહાયક : રમણલાલ મણિલાલ ઝવેરી
ખરતરની ખડકી, ઝવેરીવાડ, અમદાવાદ.

[સ્વ. બહેન રંજનબાળાના સ્મરણાર્થે]

મૂલ્ય : ભાવનામય જીવન

પ્રથમ સંસ્કરણ : સં. ૨૦૧૪ : ૧૫૦૦.

પ્રાપ્તિસ્થાન : હિરાલાલ મણીલાલ શાહ
ગિરધરનગર, અમદાવાદ.

: મુદ્રક :

જીવણલાલ પુરુષોત્તમદાસ પટેલ
શ્રી ઉત્કૃષ્ટ મુદ્રણાલય
ગાંધીરોડ, પુલ નીચે : અમદાવાદ

મંગલાચરણ

मैत्रीपवित्रपात्राय मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय तुभ्यं योगात्मने नमः ॥

[શ્રીવીતરાગ સ્તોત્ર,]

મૈત્રીના પવિત્ર ભાજન, મુદિતાથી પ્રાપ્ત થયેલ પરમાનંદવડે શોભતા, કરુણા અને માધ્યસ્થ્ય વડે જગત્-પૂજ્ય બનેલા અને યોગસ્વરૂપ એવા હે! વીતરાગ તમને ત્રિકરણશુદ્ધ નમસ્કાર હો!

નિર્મળ **મૈત્રી** ભાવથી,
ભરપૂર હે ભગવંત !
મુદિત ભાવ ઉદિત થયો,
પૂર્ણ કળાએ સંત. ૧

નિર્મળ **કરુણાનો** ઝરો,
ચૌદ રાજ રેલાય;
તેના પ્રભાવે હે પ્રભુ !
જગ જીવ દુઃખ ધોવાય. ૨

મધ્યસ્થ દૃષ્ટિ છે આપની,
પક્ષપાત નહીં લેશ;
×**'ધર્મબીજ'** છો હે પ્રભુ !
યોગ સ્વરૂપ વિશેષ. ૩

એવા શ્રી વીતરાગને,'
*ત્રિકરણ શુદ્ધે આજ;
વંદન કરું હું ભાવથી,
જય જય શ્રી જિનરાજ. ૪

× 'ધર્મબીજ'=ધર્મનું પ્રભવસ્થાન : આ ગ્રંથનું નામ.
* ત્રણ કરણો : મન, વચન અને કાયા.

જેમની પરમ **મૈત્રીએ**
મારી મનોભૂમિમાં '**ધર્મબીજ**'નું વપન કર્યું,
જેમનામાં રહેલી પવિત્ર **પ્રમોદ** ભાવનાએ
મારામાં પંચપરમેષ્ઠિઓ પ્રત્યે ભક્તિ જગાડી,
જેમની નિષ્કારણ **કરૂણાએ**
મને આ અપાર ભવોદધિમાંથી ઉગાર્યો,
જેમની અનુપમ **માધ્યસ્થ્ય** ભાવનાએ
મારામાં અનેકાંતમય દિવ્ય તત્ત્વજ્ઞાનની જ્યોત
પ્રકટાવી,
તે
પરમોપકારક પ. પૂ. **ગુરૂદેવના**
પરમપવિત્ર કરકમળોમાં
સવિનય

સમર્પણ

—**અનાહત**

આમુખ

મૈત્ર્યાદિ ભાવનાઓ રૂપ અમૃતકુંડમાં જીવ-હંસ સતત રમે એવો વિચાર મારા મનમાં પાંચેક વરસથી રહ્યા કરતો હતો, પણ તદનુકૂલ ચિંતનના અભાવે તે વિચાર કેવળ વિચારરૂપે જ રહી જતો હતો. ગયા ૫-૬ મહિનામાં ભાવનાઓના વિષયમાં થોડું થોડું લખવાનું ચાલુ કર્યું. લખવાનો આશય એટલો જ હતો કે તેવા લેખનના નિમિત્તે ચિંતન વધે અને તે ચિંતન ભાવનાઓને આત્મસાત્ બનાવવામાં સહકારી બને. એ લેખન વખતે પણ જો યોગશાસ્ત્ર, જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મકલ્પદ્રુમ, શાંત-સુધારસ, પાતંજલ યોગસૂત્ર, વગેરે ગ્રન્થો સામે ન હોત તો લખવાનું કાર્ય આગળ વધત જ નહિ.

કેવળ પોતાના આત્મા માટે લખેલું આ લખાણ જયારે કેટલાક મુમુક્ષુઓના હાથમાં આવ્યું ત્યારે તેમને એમ લાગ્યું કે આ વસ્તુ બહાર મૂકાય તો ઘણાંને ઉપયોગી થાય. તે મુમુક્ષુઓની પ્રેરણાથી આ લખાણ પ્રગટ થઈ રહ્યું છે. 'ઉપોદ્દઘાત' અને-'પવિત્રતાનો સંદેશ' આ ગ્રંથની ઉપયોગિતામાં ખૂબ જ વૃદ્ધિ કરશે, એવી આશા છે.

પ્રાથમિક વાંચકની સરલતાની ખાતર, ટિપ્પણીઓમાં કેટ-લાક પારિભાષિક શબ્દોનો ભાવ માત્ર વ્યક્ત કર્યો છે; તે તે શબ્દોની તે શાસ્ત્રોક્ત વ્યાખ્યાઓ નથી.

અતિપવિત્ર એવી આ ગુર્જરગિરાનો મારો અભ્યાસ લગભગ નહિવત્ છે, તેથી ભાષાની દૃષ્ટિએ આ લેખમાં સૌંદર્ય ન હોય, એ સ્વાભાવિક છે: આ ગ્રંથને ભાષાની દૃષ્ટિએ ન જોતાં તેમાં આવતા સાત્ત્વિક વિચારો તરફ જ લક્ષ્ય આપવા મુમુક્ષુ-ઓને ખાસ ભલામણ છે. સત્પુરુષ—હંસો આ પુસ્તિકા—રૂપ પાત્રમાંથી ક્ષીરના અંશનો આસ્વાદ લેશે અને નીરના અંશને તજી દેશે, એ આશાએ વિરમું છું.

રાજનગર,
જયેષ્ઠ શુકલા ત્રયોદશી,
૨૦૧૪.

—અનાહત

સ્વ. બહેન રંજનબાળાની આછી જીવન ઝરમર

'ધર્મબીજ' જેમની પુણ્ય સ્મૃતિથી અંકિત કરવામાં આવ્યું છે, તે બહેન રંજનબાળા રમણલાલ ઝવેરીની આછી જીવન ઝરમર અહિં આપવામાં આવી છે.

અમદાવાદમાં ઝવેરીવાડ (ખરતરની ખડકી) ના રહીશ શ્રીયુત્ રમણલાલ મણીલાલ ઝવેરી જેઓ અરવિંદ મીલના બાહોશ સેલ્સમેન તરીકે સુપ્રસિદ્ધ છે અને જૈન ધર્મના અડગ શ્રદ્ધાવાન શ્રમણોપાસક શ્રાવક તરીકે જીવન સૌરભ ધરાવે છે, તેમને ત્યાં વિ. સંવત ૧૯૯૨માં આ પુણ્યવતી બાળાનો જન્મ થયેલો. જૈન કુળના ઉત્તમ સંસ્કારોમાં ઉછરેલી બહેન રંજનબાળાએ ધાર્મિક અભ્યાસની સાથે વ્યાવહારિક શિક્ષણ પણ ઉચ્ચ કક્ષાએ પ્રાપ્ત કર્યું હતું. તેણીએ બી. એ. સીનીયરની સ્કોલરશીપ મેળવી હતી. અભ્યાસમાં ખૂબ એકાગ્રતા અને તીવ્ર બુદ્ધિમત્તા તરી આવતી હતી. ફિલોસોફી અને સાઈકોલોજીના વિષયો લઈ તેઓ ગ્રેજ્યુએટ થયા હતા.

જન્મથી જ જેમનામાં વિનય, નમ્રતા, ઉદારતા અને વિવેક જેવા સદ્ગુણો વિકાસ પામી રહ્યા હતા, તેવા એક આશાસ્પદ અને જૈન બાળાઓને આદર્શભૂત બહેન, માત્ર એકવીસ વર્ષની ભર તારુણ્યાવસ્થામાં કેન્સર જેવા જીવલેણ વ્યાધિના પાશમાં ઝડપાઈ ગયા અને તા. ૧૪-૮-૫૭ ના રોજ શ્રી નવકાર મહામંત્રનું એકાગ્રતાથી ધ્યાન કરતાં કરતાં કાળધર્મને પામ્યા.

આ સંસાર કેવો અસાર છે ? ગમે તેટલી આશાઓ અને અભિલાષાઓથી માત્ર ભૌતિક આબાદીઓ મેળવવા મથનારને આ બહેનનું જીવન એક ચીમકી રૂપ બની જાય છે. આત્માની અમરતાને જાણનાર વિવેકી આત્માઓ, ધર્મના સ્વરૂપને સમજીને 'ધર્મબીજ' ના બળે આ જીવન અને આગામી જીવનોના પાથેયરૂપ મૈત્ર્યાદિ ભાવનાઓની એકાંત હિતકરતાને સમજી, પોતાના જીવનને ભાવનામય બનાવો, એ જ અંતરની 'ભાવના'.

— સૌભદ્રેય.

આંતરિક ગુંજારવ

—મૈત્રી—

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે. ૧.

—પ્રમોદ—

ગુણથી ભરેલા ગુણી–જન દેખી, હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણ–કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે. ૨.

—કરુણા—

દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે. ૩.

—માધ્યસ્થ્ય—

માર્ગ ભૂલેલા જીવન–પથિકને, માર્ગ ચિંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ માર્ગની, તો યે **સમતા** ચિત્ત ધરું. ૪.

[એક ભાવનાપ્રિય વ્યક્તિનો
આ આંતરિક ગુંજારવ છે]

અનુક્રમ

વિષય	પાનું
ઉપોદ્ઘાત	8
પવિત્રતાનો સંદેશ	12
પ્રારંભિક વક્તવ્ય	૧
મૈત્રી ભાવના	૭
પ્રમોદ ભાવના	૨૨
કરુણા ભાવના	૪૩
માધ્યસ્થ્ય ભાવના	૬૬
પવિત્રતા, આનંદ અને પૂજ્યતાનાં સાધનો	
અંતિમ વક્તવ્ય	
અભ્યાસ	

चित्तबालक ! मा त्याक्षीरजस्रं भावनौषधीः ।
यत्त्वां दुर्ध्यानभूता न च्छलयंति च्छलान्विषः ॥

[અધ્યાત્મકલ્પદ્રુમ, ૧. ૫.]

તારા છિદ્રને (શુભભાવનારૂપ ઔષધી વિનાની અવસ્થાને) જોનારા દુર્ધ્યાનરૂપ ભૂતો તને દુઃખ ન આપે, તે માટે હે ચિત્ત બાળક! શુભભાવનારૂપ ઔષધીઓનો તું કદી પણ ત્યાગ ન કર.

ઉપોદ્‌ઘાત

(લેખક : પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય)

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ॥
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते ॥

અર્થ:—કોઈપણ પ્રાણી પાપ ન કરો, કોઈપણ પ્રાણી દુઃખી ન થાઓ, પ્રાણી માત્ર મોક્ષને પામો, આ પ્રકારની મતિને શાસ્ત્રકારો મૈત્રી ભાવના કહે છે.

આ જગતમાં ઇચ્છા કોને હોતી નથી ? સંસારી જીવ માત્રના હૃદયમાં કોઇને કોઈ પ્રકારની ઇચ્છા હોય જ છે. બધી ઈચ્છાઓનો સમાવેશ માત્ર બે જ પ્રકારની ઇચ્છાઓમાં થાય છે. 'મને પોતાને જરા જેટલું પણ દુઃખ ન આવો અને જગતમાં જેટલું સુખ છે, તે બધું મને જ મળો' આ બે પ્રકારની ઇચ્છાઓ સંસારી જીવ માત્રના હૃદયમાં નિરંતર રહ્યા જ કરે છે. બીજી બધી ઇચ્છાઓના મૂળમાં પણ આ બે પ્રકારની જ ઇચ્છાઓ રહેલી હોય છે. તે બંને જાતની ઇચ્છાઓ કદી પણ પૂર્ણ થતી નથી, એ વાત પણ સતત લક્ષમાં રાખવા જેવી છે. એ કારણે શાસ્ત્રકારોને એ સિદ્ધાંત નક્કી કરવો પડયો છે કે ઇચ્છા એ જ દુઃખ છે, અને ઇચ્છાનો-અભાવ એ જ સુખ છે !

આહારની અયોગ્ય ઇચ્છામાંથી મુક્ત થવા માટે શાસ્ત્રકારોએ તપ ધર્મ ઉપદેશ્યો છે; અર્થ અને કામની અયોગ્ય ઇચ્છાઓમાંથી ક્રમશઃ મુક્તિ મેળવવા માટે દાન અને શીલ ધર્મ ઉપદેશ્યો છે.

જેમ, અર્થ, કામ અને આહારાદિની અયોગ્ય ઇચ્છાઓ જીવના દુઃખની વૃદ્ધિનું અને સુખની હાનિનું કાર્ય કરે છે, તેમ, તેથી પણ અધિક સુખહાનિ અને દુઃખવૃદ્ધિનું કાર્ય ઉપર્યુક્ત બે પ્રકારની અશુભ ઇચ્છાઓ કરે છે.

'મને જ સુખ મળો અને મારું જ દુઃખ ટળો' આ ઈચ્છા એ સૌથી વધારે કનિષ્ટ કોટિની અને સૌથી વધુ પીડાકારક છે, છતાં તે વાતનું જ્ઞાન ઘણાં થોડાંઓને જ હોય છે. આ કનિષ્ટ પ્રકારની ઈચ્છા અને તેમાંથી જન્મ પામતી કિલષ્ટ કોટિની પીડાનો પ્રતિકાર હજારોનાં પણ ધનથી , કરોડો વર્ષના પણ શીલથી, કે કોટિ જન્મોનાં પણ તપથી થઈ શકતો નથી.

દાન, શીલ અને તપ વડે ક્રમશઃ પરિગ્રહ, મૈથુન કે આહારની સંજ્ઞાઓનું જોર ઘટે છે અને તેથી થતી વિવિધ પ્રકારની માનસિક તથા શારીરિક પીડાઓથી અવશ્ય બચી જવાય છે, પરન્તુ તે બધી બાધાઓ અને પીડાઓના સરવાળા કરતાં 'મને એકલાને જ સુખ થાઓ અને મારા એકલાનું જ દુઃખ ટળો'; એ પ્રકારની અયોગ્ય, અઘટિત અને અશકય ઇચ્છા વડે થતી માનસિક અને શારીરિક પીડાઓના સરવાળાની તો કોઇ અવધિજ નથી. શાસ્ત્રકારોએ તે અશકય ઇચ્છાઓને પૂર્ણ કરવાના અશકય મનોરથમાંથી ઉત્પન્ન થતા અનંત કષ્ટોથી ઉગરી જવા માટે શુભ ભાવનાનો માર્ગ ચીંધ્યો છે. તેને ધર્મનો ચોથો પ્રકાર કહ્યો છે. એ ચોથો 'ભાવ' ધર્મ કોઇ પુણ્ય

પુરુષને જ દેવગુરૂની પૂર્ણ કૃપાથી લાધે છે. બીજાઓને તે ઉપાયની ગંધ પણ પ્રાપ્ત થતી નથી. આ ઉપાય પ્રાપ્ત થવામાં જીવની લઘુકર્મિતા કે આસન્નસિદ્ધિતા જ મુખ્ય ભાગ ભજવે છે.

ઉપાય તદ્દન સરળ છે, અને તેનો બોધ થવો પણ સુલભ છે; છતાં પ્રત્યક્ષ અનુભવ એમ કહે છે કે, તે તરફ કોઇ વિરલ જીવનું જ લક્ષ જાય છે, અથવા કોઈ વિરલ આત્મા જ તે ઉપાય પર યોગ્ય વિચાર કરી તેને જીવનમાં ઉતારવા કટિબદ્ધ થાય છે.

કેવળ પોતાના જ સુખદુઃખસંબંધી તીવ્ર સંકલેશનો અશુભ ભાવ ટાળવાનો એકનો એક (અનન્ય) ઉપાય આ લેખની આદિમાં જ ટાંકવામાં આવ્યો છે. તે ઉપાયનું નામ મૈત્રી ભાવના છે.

જેમ કાંટાથી કાંટો કાઢી શકાય અને ઝેરથી ઝેરનું વારણ કરી શકાય, તેમ કનિષ્ટ કોટિના અધમ સ્વાર્થી ભાવને ઉત્તમ કોટિના મૈત્રીભાવ કે પ્રશસ્ત ભાવથી દૂર કરી શકાય અને પરિણામે ઇચ્છામાત્રથી રહિત થઇ શકાય છે. દાન-શીલ-તપ એ ત્રણે પ્રકારની સાથે આ ચોથો ભાવધર્મનો પ્રકાર ભળે તો જ તે લોકોત્તર ધર્મસ્વરૂપ બને અને જીવને સંપૂર્ણ સુખી અને સર્વ પ્રકારનાં દુઃખથી મુક્ત બનાવે.

જીવ જ્યારે ઉપર્યુક્ત મૈત્રી ભાવનાથી ભાવિત અંતઃકરણવાળો બનીને વિધિયુક્ત દાનાદિ ધર્મોનું સેવન કરે છે, ત્યારે તેનાં ચિત્તના કલેશ શાંત થતા અનુભવાય

છે. માત્ર પોતાનાં જ સુખ કે દુઃખની ચિન્તા કરવાને ટેવાયેલો અને તેના પરિણામે તીવ્ર સંક્લેશને અનુભવતો જીવ જ્યારે બીજાની હિતચિંતારૂપ મૈત્ર્યાદિ વિચારણાઓથી વાસિત થાય છે, ત્યારે તે અત્યંત શીતલતા અને શાન્તતાનો ચિત્તમાં સાક્ષાત અનુભવ કરે છે. એવું સુખ તેને ભવચક્રમાં જાણે પહેલી જ વાર મળતું હોય તેવો તેને અનુભવ થાય છે. ચિત્તની શાન્તિ કે સુખનો જ નહિ પણ પ્રત્યેક ધર્માનુષ્ઠાનની સફળતાનો આધાર, પણ શાસ્ત્રકારોએ મૈત્ર્યાદિ પ્રશસ્ત ભાવનાઓની દૃઢતા પર જ અવલંબેલો કહ્યો છે; તે કારણે પ્રત્યેક ધર્માનુષ્ઠાનની પાછળ આ ભાવનાઓનું બળ હોવું જોઈએ અને તે હોય ત્યારે જ તે તે ધર્માનુષ્ઠાન સફળ થાય, એમ ફરમાવ્યું છે. આ ઉદ્દેશને સામે રાખીને જોતાં મૈત્ર્યાદિ ભાવનાવિષયક આ ગ્રંથનું 'ધર્મબીજ' એવું નામ ઉચિત (સાર્થક) લાગે છે.

જીવ જ્યારે મૈત્રી ભાવમાં નિપુણ બને છે, ત્યારે તેની સાથે સંબંધવાળા પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ્ય ભાવો આપોઆપ પ્રગટે છે, અને એ ભાવો સહિત ધર્માનુષ્ઠાનો અપ્રશસ્ત ઇચ્છાઓને ટાળી પ્રશસ્ત ઇચ્છાઓને પેદા કરે છે. દુઃખના મૂળમાં રહેલી અશુભ ઇચ્છાઓને આ રીતે મૈત્ર્યાદિ ભાવનાઓના બળથી બાળીને જીવ ધર્મમય બની શકે છે.

[ઉપોદ્‌ઘાત સમાપ્ત]

પવિત્રતાનો સંદેશ

[લેખક : પ્રશમરસમહોદધિ પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ સાહેબ]

૧. परहितचिंता मैत्री

પોતા સિવાય બીજા પ્રાણીઓનું હિત ચિંતવવું તે મૈત્રી ભાવના છે. પોતા સિવાય બીજા પ્રાણીઓ મુખ્યપણે ચાર પ્રકારના હોય છે : (૧) પોતાના ઉપર ઉપકાર કરનારા (સૌથી થોડા), (૨) પોતાનાં સગાં-વહાલાં (એથી વધારે), (૩) પોતાનાં પરિચિતો (એથી પણ વધારે) અને (૪) પોતાથી અપરિચિતો (સૌથી વધારે). જે પોતાના ઉપકારીઓનાં હિતની ચિન્તા કરતો નથી, તે કૃતઘ્ન કહેવાય છે. જે પોતાના સ્વજનોની હિતચિન્તા કરતો નથી, તે કૃપણ કહેવાય છે. જે પોતાના પરિચિતોની હિતચિન્તા કરતો નથી, તે સ્વાર્થી કહેવાય છે. જે દુનિયાના કોઈ પણ જીવની હિતચિન્તા કરતો નથી, તે એકલપેટો ગણાય છે. બીજાઓની હિતચિન્તારૂપ મૈત્રીભાવ જેના અંતરમાં સદા રમણ કરે છે, તેનામાં કૃતઘ્નપણું, કૃપણપણું, સ્વાર્થીપણું અને એકલપેટાપણું વગેરે દુર્ગુણોનો નાશ થવા સાથે કૃતજ્ઞતા, ઉદારતા, પરોપકારિતા, પરમાર્થવૃત્તિતા વગેરે સદ્ગુણો પ્રગટી નીકળે છે.

જીવ અનાદિકાળથી જેમ અચેતન પદાર્થો ઉપર રાગભાવ અને દ્વેષભાવને વશ છે, તેમ સચેતન પદાર્થો

ઉપર પણ રાગભાવ અને દ્વેષભાવને આધીન છે. પોતાની જાત ઉપર તેને એટલું બધું મમત્વ હોય છે કે પોતાની જાતનાં સુખની ખાતર કોઈ પણ પ્રકારનાં પાપકાર્યો કરતાં તે અચકાતો નથી. મૈત્રીભાવ તેને પોતાની જાત ઉપરના મમત્વથી ખસેડી પરનાં સુખ માટે ચિન્તા કરનારો બનાવે છે. મૈત્રીભાવ આવ્યા પહેલાં પોતાની જાતનું જ એક મમત્વ તેના અંતરમાં હોવાથી 'દુનિયાનાં સઘળાં સુખો તેને પોતાને જ મળે' એવી અનંત તૃષ્ણા તેનામાં છુપી રીતે રહેલી હોય છે. બધાં સુખો એક જ આત્માને મળી જાય, એવી પરિસ્થિતિ દુનિયાની કદી હોતી નથી, તેથી મૈત્રીભાવવિહીન આત્મા હંમેશાં અત્યંત અતૃપ્ત અને શોકગ્રસ્ત જ રહે છે. જે સુખ પોતાને જોઈએ છે, તે સુખ પોતાને નહિ મળતાં બીજા કોઈને પણ મળે, ત્યારે તેના પ્રત્યે તે ઈર્ષ્યાભાવવાળો બની રહે છે. એ રીતે ઈર્ષ્યા, શોક, અતૃપ્તિ, વગેરે અનેક દુઃખો પોતાની જાત ઉપર જ રાગવાળા જીવને સદા સતાવ્યા કરે છે. એ બધાં દુઃખોથી છોડાવનાર કોઈ પણ ચીજ આ દુનિયામાં હોય તો તે એક મૈત્રીભાવના છે. મૈત્રીભાવનાથી તેને પોતાની જ એકલી જાત ઉપરનો રહેલો રાગભાવ નાશ પામે છે, અને પોતા સિવાય આ દુનિયામાં રહેલા બીજા અનંત પ્રાણીઓનાં હિતની અને સુખની ચિન્તા ઉત્પન્ન થાય છે. તેથી પોતા સિવાય બીજા જેટલા પ્રાણીઓ સુખને મેળવતા દેખાય છે, તેને જોઈને તે પોતે તે સુખી થનાર પ્રાણીઓ જેટલો જ આનંદનો અનુભવ કરે છે; અને

પોતાને મળેલાં થોડાં પણ સુખમાં તે હમેશાં તૃપ્ત રહે છે. એ આનંદથી તેનો ઈર્ષ્યાભાવ અને તૃપ્તિથી તેનો શોકભાવ નાશ પામે છે.

મૈત્રી ભાવ ટકાવવાના ઉપાયો

વૈર અને વિરોધરૂપી અગ્નિને પ્રગટાવનારી આ દુનિયામાં બે વસ્તુઓ છે. એક પોતે કરેલા બીજાના અપરાધોની માફી ન માંગવી અથવા પોતાનાં જ સુખની ચિન્તા કર્યા કરવી અને એ સુખ ખાતર પોતા સિવાય બીજાને ગમે તેટલી પીડા થાય તો પણ તેને ન ગણવી, અથવા પોતા સિવાય બીજાનાં સુખની ચિન્તા બિલકુલ ન કરવી અને તેના ઉપર આવેલા ગમે તેટલા કષ્ટોને નિવારણ કરવાને માટે છતી શક્તિએ બેદરકારી બતાવવી. એ વસ્તુને સરળરીતે નીચે મુજબ સમજાવી શકાય.

(૧) પોતાનાં સુખની ચિન્તા કર્યા કરવી.

(૨) બીજાનાં સુખની ચિન્તા બીલકુલ ન કરવી.

(૩) પોતાના અપરાધોની માફી કદી ન માગવી.

(૪) બીજાઓએ કરેલા અપરાધોની માફી કદી ન આપવી. મૈત્રીભાવ ટકાવવા માટે આ ચાર પ્રકારની વૃત્તિઓને ત્યજવી જોઇએ. (૧) આ માટે પોતા સિવાય બીજાઓનાં સુખની ચિન્તા પોતાના સુખની ચિન્તા જેટલી જ કરવી. (૨) બીજાઓના ઉપર આવેલા દુઃખોનું નિવારણ કરવાને માટે પોતાના દુઃખ નિવારણના પ્રયત્ન જેટલો જ

પ્રયત્ન કરવો, (૩) પોતાની થતી ભૂલોની ક્ષમા માગવા સદા તત્પર રહેવું અને (૪) બીજાઓથી પોતા તરફ થતી ભૂલોની ક્ષમા આપવા સર્વદા તત્પરતા બતાવવી.

૨. परदुःखविनाशिनी करूणा

દુઃખ બે પ્રકારનું છે, શારીરિક અને માનસિક. શારીરિક દુઃખોને દ્રવ્ય દુઃખો કહ્યાં છે અને માનસિક દુઃખોને ભાવ દુઃખો કહ્યાં છે. શારીરિક દુઃખોનું કારણ અશાતાવેદનીય કર્મનો ઉદય છે અને માનસિક દુઃખોનું કારણ મોહનીય આદિ કર્મોનો ઉદય છે.

માણસને પોતાનાં દુઃખોનું નિવારણ કરવાને માટે કુદરતી જ લાગણી હોય છે, તો પણ તેનાં બધાં દુઃખોનું નિવારણ અશકય પ્રાયઃ હોય છે. તેથી કોઈને કોઈ દુઃખની હયાતી તેને સદા પજવે છે અને તેની શાન્તિમાં ભંગ કરે છે, તેથી અકળાઈને આત્મા દુઃખ નિવારણના વાસ્તવિક ઉપાયોને છોડી અવાસ્તવિક ઉપાયો લે છે. દુઃખનિવારણ કરવાનો વાસ્તવિક ઉપાય, પોતા સિવાય બીજા આત્માઓનાં દુઃખોનું નિવારણ કરવા તત્પર રહેવું તે છે. એથી બે જાતના લાભ થાય છે, એક તો એ પુરૂષાર્થ કરતી વખતે તેટલો કાળ પોતાનાં દુઃખોનું વિસ્મરણ થાય છે અને બીજું બીજાનાં દુઃખો દૂર કરવાના પ્રયત્નથી શુભ-કર્મ ઉપાર્જન થાય છે તથા તેના પરિણામે ઉત્તરોત્તર શાન્તિ અને સુખની વૃદ્ધિ અનુભવાય છે.

કરૂણા ભાવનાનાં પાત્ર જીવો પણ ચાર પ્રકારના હોય છે– (૧) વર્તમાનમાં દુઃખી અને ભવિષ્યમાં દુઃખી

થાય તેવા પાપ માર્ગે જ પ્રવર્તનારા, (૨) વર્તમાનમાં આહાર, વસ્ત્ર, શયન, આસન, ઔષધાદિ સામગ્રીના અભાવે દુઃખ ભોગવનારા, (૩) વર્તમાનમાં સુખી પણ હિંસાદિ પાપકર્મો કરીને દુર્ગતિનાં દુઃખો ઉભાં કરનારા તથા (૪) વર્તમાનમાં સુખી પણ મિથ્યાત્વાદિ પાપકર્મ કરીને ભાવિ દુઃખોને ઉત્પન્ન કરનારા.

એ રીતે દુઃખ અને તેના કારણભૂત પાપથી રીબાતા જીવોને તે બન્નેથી છોડાવવાની વૃત્તિ તે કરૂણા ભાવના છે.

દુઃખીનું દુઃખ દૂર થાઓ, કે ન થાઓ, પણ દુઃખ દૂર કરવાની ભાવના અને પ્રયત્ન કરનારને અવશ્ય લાભ મળે છે. એ રીતના પ્રયત્નથી નિકાચિત કર્મનો ઉદય ન હોય તો સ્હામાનું દુઃખ દૂર પણ થાય છે. દ્રવ્ય દુઃખો દૂર કરવાના પ્રયત્નો કરતી વખતે તે દુઃખના કારણભૂત પાપકર્મોથી એને બચાવવાનું પણ લક્ષ્ય રહેવું જોઇએ. ભાવદયાના પરિણામ વિના થનારી દ્રવ્યદયા ધર્મસ્વરૂપ બનવાને બદલે ઘણીવાર અધર્મસ્વરૂપ બની જાય છે. દ્રવ્ય અને ભાવદુઃખોને અન્ય દર્શનકારોએ ત્રણ વિભાગમાં વહેંચ્યાં છે.

(૧) આધ્યાત્મિક–શરીર અને મન સંબંધી દુઃખો.

(૨) આધિભૌતિક–હિંસક પશુ–પક્ષી આદિ પ્રાણીઓ તરફથી પ્રાપ્ત થતાં દુઃખો.

(૩) આધિદૈવિક–દેવતાઇ ઉપદ્રવો, જેવા કે ધરતી–કંપ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, અગ્નિ, આદિના ઉપદ્રવો. ઉપરનાં દુઃખોનો જૈનસાસનની રીત મુજબ ત્રણ વિભાગમાં સમાવેશ થઇ શકે છે. (૧)મિથ્યાત્વ–કુમતની વાસના,

અને અસર્વજ્ઞ પ્રરૂપિત કુશાસ્ત્રોમાં નિરૂપણ કરેલા સિદ્ધાંતો ઉપર મજબૂત વિશ્વાસ. (૨) અવિરતિ-પ્રારંભમાં સુખદાયી પણ પરિણામે કડવાં એવાં વિષયનાં સુખોની તીવ્ર અભિલાષા, અને મરતાં પણ તેને નહિ છોડવાના પરિણામ, (૩) અશાતાવેદનીયનો ઉદય—તેનાથી ક્ષય, જ્વર, ભગંદર, કુષ્ટાદિ દુષ્ટરોગોની પીડાનો અનુભવ.

परसुखतुष्टिर्मुदिता

પોતાથી બીજાને અધિક સુખી અથવા ગુણી દેખીને તેના સુખ કે ગુણ ઉપર ઈર્ષ્યા કે અસૂયાનો ભાવ ન થવા દેવો પણ હર્ષ ધારણ કરવો. એ પ્રમોદભાવનાનું લક્ષણ છે. ઈર્ષ્યા એટલે બળતરા અને અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષોનું ઉદ્ભાવન. પ્રમોદ ભાવનાવાળો બીજાને પોતાથી અધિક સુખી અગર ગુણી દેખીને હૃદયમાં બળતો નથી, આનંદ ધારણ કરે છે, તેઓના સુખ કે ગુણને દૂષિત કરવાને બદલે તેને આગળ લાવવા પ્રયત્ન કરે છે.

'ગુણબહુમાન 'નો પ્રભાવ અચિન્ત્ય છે તથા પોતાના કરતાં પારકાના સુખની કિંમત ઘણી વધારે છે, એ વસ્તુ સમજાયા વિના સાચી પ્રમોદ ભાવના પ્રગટી શકતી નથી. ગુણબહુમાનથી નિત્ય નવીન નવીન ગુણોની પ્રાપ્તિ થાય છે, તેથી ગુણનો અર્થી ગુણ અને ગુણીનું સન્માન કે બહુમાન કર્યા સિવાય રહી શકતો નથી. જે પોતા સિવાય બીજાના ગુણને જાણતો જ નથી, અથવા જાણવા કાળજી પણ ધરાવતો નથી, અથવા જાણવામાં આવ્યા પછી પણ તેનું સન્માન કરવાની ભાવનાવાળો થતો નથી, તેને ગુણની

પ્રાપ્તિ થવી સંભવિત નથી. એ જ રીતે જે બીજા સુખી આત્માના સાચા સુખને જાણતો નથી, જાણવાને દરકાર ધરાવતો નથી, અથવા જાણવામાં આવે તો પણ હૃદયથી રાજી થતો નથી, તે આત્માને પણ વાસ્તવિક સુખની પ્રાપ્તિ સંભવિત નથી. ગુણી આત્માના બહુમાન વિના ગુણની પ્રાપ્તિ શક્ય નથી તેમ સુખીના સુખને જોઈને હર્ષિત નહિ થનારને કે ઈર્ષ્યાગ્નિથી બળનારને પણ સાચા સુખની પ્રાપ્તિ સુલભ નથી.

સુખ બે પ્રકારનાં છે, એક વૈષયિક અને બીજું આત્મિક. વિષયોથી થનારૂં સુખ અપથ્ય આહારથી થનારી તૃપ્તિ જેવું પરિણામે અસુંદર છે. તેથી સ્વ કે પરના વૈષયિક સુખોને જોઈને સંતુષ્ટ થવું એ સાચી પ્રમોદ ભાવના નથી.

સાચી પ્રમોદભાવના તો પરિણામે સુંદર, હિત, મિત અને પથ્ય આહારના પરિભોગથી થનારી ચિરકાલીન તૃપ્તિ સમાન છે. એવાં સુખ પોતાને મળતાં જે સ્વાભાવિક આનંદ થાય તેવો જ આનંદ પરનાં સુખો દેખીને થવો જોઇએ.

આત્મિક સુખોની પરાકાષ્ટા તો મોહાદિના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનારા અવ્યાબાધ અને શાશ્વતસુખસ્વરૂપ મોક્ષમાં છે. એ મોક્ષસુખને પ્રાપ્ત થએલા મહાપુરૂષોના સુખને જોઇને હૃદયમાં આહ્લાદ થવો, એટલું જ નહિ, પણ એ મોક્ષસુખના માર્ગે રહેલા મહામુનિવરોથી માંડીને સમ્યગ્દૃષ્ટિ અને માર્ગાનુસારી પર્યંતના જીવોના ગુણોને અને સુખોને દેખીને હર્ષિત થવું તે પણ પ્રમોદભાવનાનો વિષય છે. એ હર્ષ પ્રગટાવવાનાં મુખ્ય સાધનો મન, વચન અને કાયા છે. મનથી આદર, વચનથી પ્રશંસા અને કાયાથી

વન્દન નમસ્કારાદિ કરવાથી પ્રમોદભાવ પ્રગટ થઈ શકે છે.

ગુણી આત્માની સ્વ–પર ઉભયકૃત વન્દનાદિ પૂજા જોઈને સર્વ ઇન્દ્રિયોથી અભિવ્યક્ત થતો હર્ષ જ્યારે સ્વભાવસિદ્ધ બને ત્યારે પ્રમોદભાવના પરિપૂર્ણ થાય છે.

૪. परदोषोपेक्षणमुपेक्षा

દોષો બે પ્રકારના હોય છે, એક સાધ્ય અને બીજા અસાધ્ય. અસાધ્ય દોષોવાળા આત્માઓને દેખીને સ્વાભાવિક રીતે જ તેના પ્રત્યે મનુષ્યને રોષ પ્રગટે છે, તે વખતે ઉપેક્ષા (માધ્યસ્થ્ય)ભાવના ખાસ હિતકર છે. ઉપેક્ષાભાવના કે માધ્યસ્થ્યભાવના કર્મની પ્રબળતા અને પરતંત્રતાનો વિચાર કરાવે છે, અને તેથી આવેલો રોષ શમાવી દે છે.

આ માધ્યસ્થ્યભાવ જેમ અસાધ્ય દોષવાળા પ્રાણીઓ પ્રત્યે કેળવવાનો છે તેમ સુખ આપવા માટે સર્વથા અસમર્થ એવાં વિષયનાં સુખો પ્રત્યે પણ કેળવવાનો છે. ચાર ગતિમાં વિવિધ પ્રકારનાં દુઃખોને અનુભવતો જીવ ક્વચિત્ મનુષ્ય અને દેવાદિ ગતિઓને વિષે સર્વ ઇન્દ્રિઓને ઉત્સવ કરાવનારાં તથા મનને આહ્લાદ આપનારાં વિષય સુખોને પામે છે, પરન્તુ તે વખતે તેની અસારતા અને ક્ષણવિનશ્વરતાને નહિ જાણતો તે તેના ભોગમાં આસક્ત બની જાય છે અને પરિણામે અનંત દુઃખનો અધિકારી થાય છે. માધ્યસ્થ્ય ભાવનાના મર્મને પામેલો આત્મા તે વખતે વિષયસુખોની અસારતાને અને કાદાચિત્કતાને (તેનું કોઇક જ વાર મળવાપણું અને મળ્યા પછી તુરત જ ચાલી જવા પણું) જાણતો હોવાથી તેના પ્રાયે ઉદાસીન ભાવને ધારણ કરી શકે છે

અને તેથી મોટી આપત્તિઓથી તે બચી જવા પામે છે. માધ્યસ્થ્યભાવનાને ભાવનારો એમ જાણે છે કે દુનિયાની કોઇ પણ સચેતન કે અચેતન વસ્તુ સુખ–દુ:ખની ઉત્પાદક નથી, પરંતુ જીવને તે વસ્તુ ઉપર રહેલો રાગદ્વેષ સુખ–દુ:ખની કલ્પના કરાવે છે. સુખ–દુ:ખનું કારણ અન્ય પ્રદાર્થ નથી પણ મોહાદિકના વિકારથી પોતાના આત્મામાં ઉત્પન્ન થતો રાગદ્વેષનો પરિણામ જ છે. પદાર્થો તો પોતાના સ્વરૂપમાં રહેવાને વ્યવસ્થિત થયેલા છે, પણ પોતે જ પોતાનો સ્વભાવ છોડીને રાગદ્વેષ રૂપી વિભાવમાં પડે છે અને તેથી સુખી અથવા દુ:ખી થાય છે. એ રીતે સુખનો આશ્રય પદાર્થોને નહિ, પણ પોતાના આત્માને જ માનતો જ્ઞાની જીવ જગતના તમામ સચેતન કે અચેતન પદાર્થો ઉપર મધ્યસ્થભાવ ધારણ કરી શકે છે અને તે જ માધ્યસ્થ્યભાવનાની પરાકાષ્ટા ગણાય છે. આ ચાર ભાવનાઓ મહાપુરૂષોને પણ વારંવાર અભ્યાસથી પ્રાપ્ત થાય છે, અનેક જન્મોમાં અભ્યાસ દ્દઢ થયા બાદ આ ભાવનાઓ આત્મસાત્ થાય છે. કારણ કે એની પ્રતિપક્ષી અશુદ્ધ વૃત્તિઓ જીવને અનાદિ કાળથી લાગેલી હોય છે. ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા, અસૂયા, આદિ વૃત્તિઓ મૈત્રી પ્રમોદ કારૂણ્ય આદિ ભાવનાની પ્રતિપક્ષી છે અને તે અનાદિ કાળથી જીવને લાગેલી હોય છે. મૈત્રીભાવના દ્દઢ થવાથી ઇર્ષ્યાભાવ, પ્રમોદભાવના દ્દઢ થવાથી અસૂયાભાવ, કરૂણાભાવના દ્દઢ થવાથી દ્રોહભાવ અને માધ્યસ્થ્યભાવના પરિણામ પાપ્ત થવાથી ક્રોધભાવ ચાલ્યો જાય છે, આ ચાર સુંદર ભાવનાઓથી સહુ કોઈ આત્માઓ પોતાના જીવનને નિર્મળ બનાવો !

ધર્મબીજ

* મૈત્રી

* પ્રમોદ

* કરુણા

* માધ્યસ્થ્ય

: લેખક :

અનાહત

卐 卐 卐

" शिवमस्तु सर्वजगत :, परहितनिरता भवन्तु भूतगणा : ।
दोषा : प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोक : ॥ "

卐 卐 卐

અર્થ:—સર્વ જગતનું કલ્યાણ થાઓ! સર્વપ્રાણીઓ પરહિત કરવાની વૃત્તિવાળા થાઓ! દોષો નાશ થાઓ! અને લોક સર્વત્ર સુખી થાઓ!!

卐 卐 卐

પ્રારંભિક વક્તવ્ય

આ વિશ્વ જીવાજીવાત્મક છે. આપણા આત્માનો જીવો અને અજીવો (સચેતન–અચેતન પદાર્થો) સાથેનો સંબંધ અનાદિકાળનો છે. તે સંબંધને યોગ્ય ન્યાય ન આપવાનાં કારણે જ આપણે અત્યાર સુધી આ સંસારમાં પરિભ્રમણ કર્યું છે. એ સંબંધના ઔચિત્યનું રહસ્ય મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં રહેલું છે. આ રહસ્યની સમજણ આવતાં જ આધ્યાત્મિક વિકાસ ઝડપી થાય છે.

મૈત્રી એટલે સર્વ જીવોનાં હિતનું ચિંતન, પ્રમોદ એટલે ગુણોનો પક્ષપાત, કરૂણા એટલે દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની ઈચ્છા અને માધ્યસ્થ્ય એટલે પોતાની વિષમ પરિસ્થિતિ પ્રત્યે અથવા પાપી જનો પ્રત્યે ઉપેક્ષા, આ ચાર વ્યાખ્યાઓ સામાન્યથી સમજવી; વિશેષ વ્યાખ્યાઓ તો તે તે ભાવનાના વિશેષ વિવેચન પ્રસંગે કરવામાં આવશે.

મૈત્રી ભાવના સર્વ જીવો સાથેનો આપણો સંબંધ કેવો હોવો જોઇએ, તે બતાવે છે. પ્રમોદભાવના ગુણવાન્ પુરૂષો અને ધર્મનાં શુભ આલંબનો (જિનપ્રતિમાદિ) પ્રત્યેનો આપણો સંબંધ કેવો હોવો જોઇએ, તે કહે છે. કરૂણા-ભાવના દુઃખી પ્રાણીઓ પ્રત્યે આપણો સંબંધ કેવો હોવો જોઈએ, તે સૂચવે છે. માધ્યસ્થ્યભાવના પાપી જનો પ્રત્યે, સર્વ અચેતન વસ્તુઓ પ્રત્યે અને તે વસ્તુઓનાં સંપર્કમાં આવવાથી ઉત્પન્ન થતા આત્મિક *વિભાવો પ્રત્યે આપણો સંબંધ કેવો હોવો જોઈએ, તે દર્શાવે છે. આવી રીતે આ ચાર ભાવનાઓનો વિષય સમગ્ર સચેતન અને અચેતન વસ્તુઓ બને છે.

આ ચાર ભાવનાઓ જીવ માટે નવી નથી, અનાદિ-કાળથી તે વિપરીત (વાસના) રૂપે જીવમાં રહેલી છે. જીવનો પ્રત્યેક અધ્યવસાય (આત્મપરિણામ) આ ચાર ભાવનાઓમાંની એકાદથી તો અવશ્ય રંગાયેલો હોય છે. ધર્મની પ્રાપ્તિ પૂર્વે આ ચાર ભાવનાઓનો વિષય વિપરીત હોય છે; ધર્મપ્રાપ્તિ પછી તે સમ્યક્ બને છે. અધાર્મિક અવસ્થામાં મૈત્રી (સ્નેહ) કેવળ પોતાના આત્મા જેટલી જ સંકુચિત હોય છે, અર્થાત્ આત્મા કેવળ પોતાના જ સુખની ચિંતા કરે છે; જ્યારે ધાર્મિક અવસ્થામાં તે સર્વના સુખની (હિતની) ચિંતા કરે છે. પ્રથમ અવસ્થામાં પ્રમોદ કેવળ પોતાના ગુણો પ્રત્યે હોય છે, જ્યારે દ્વિતીય

*વિભાવ=આત્માની અસ્વસ્થતા (રાગ, દ્વેષ વગેરે.)

અવસ્થામાં તે પ્રમોદનું સ્થાન સર્વ ગુણી જીવો બને છે. પૂર્વદશામાં કરુણાનો વિષય કેવળ વ્યક્તિગત દુઃખ હોય છે, અર્થાત્ 'મારું દુઃખ દૂર થાઓ,' એવી સંકુચિત ઇચ્છારૂપે હોય છે; જ્યારે ઉત્તર દશામાં કરૂણા સર્વ દુઃખી જીવોનાં દુઃખ દૂર કરવા જેટલી વિશાળ બને છે. અજ્ઞદશામાં માધ્યસ્થ્ય (ઉપેક્ષા)નો વિષય ધર્માત્માઓ, ધર્મ અને ધર્મનાં સાધનો હોય છે; જ્યારે જ્ઞાનદશામાં માધ્યસ્થ્ય પાપાત્માઓ, પાપનાં સાધનો અને પાપ પ્રત્યે હોય છે.

પૂર્વ અવસ્થામાં બીજાઓ તેના પ્રત્યે મૈત્રીને ધારણ કરે, એ તેને ઈષ્ટ હોય છે; પણ તે બીજાઓ પ્રત્યે મૈત્રી બતાવતો નથી. બીજાઓ પોતાના ગુણોને જોઈને આનંદ પામે, એ તેને ગમે છે; પણ તે ગુણવાન પુરુષો પ્રત્યે પ્રમોદ ધારણ કરતો નથી. તેના કરતાં અધિક સુખી આત્માઓ તેના પ્રત્યે કરુણાને ધારણ કરે એ તેને રુચે છે, પણ તેના મનમાં દુઃખી જીવો પ્રત્યે કરુણા ઉત્પન્ન થતી નથી. તેનાથી કોઈ પણ પાપાચરણ થઈ જાય ત્યારે બીજાઓ તે વિષયમાં મધ્યસ્થ (મૌન) રહે, એ તેને ગમે છે; પણ બીજાઓનાં પાપ પ્રત્યે તે મધ્યસ્થ રહી શકતો નથી. ધર્મ પ્રાપ્તિ પછી આ બધી ભૂમિકાઓ ફરી જાય છે.

ઉપરનાં વિવેચન ઉપરથી સમજાશે કે મૈત્ર્યાદિભાવો જીવમાં (વિપરીતપણે) અનાદિકાળથી રહેલા જ છે, પણ ધર્મપ્રાપ્તિ પછી તે ભાવોનાં વિષય ફરી જાય છે.

આ ભાવનાઓનાં વિષય જ્યારે ' વિપરીત ' હોય છે, ત્યારે તેઓ આર્ત અથવા રૌદ્ર ધ્યાનરૂપ× હોય છે, જેમકે કેવળ પોતાના જ સુખનું ચિંતન તે આર્તધ્યાન છે. ભાવનાઓના વિષય જ્યારે ' સમ્યક્ ' બને છે, ત્યારે આ ભાવનાઓ ધર્મધ્યાનનું અંગ બની જાય છે, જેમકે ' સર્વના હિતની ચિંતા ' રૂપ મૈત્રી એ ધર્મધ્યાનનું એક અંગ છે.

ભાવનાઓનાં વિષયની વિચારણા આ રીતે પણ કરી શકાય છે. અધાર્મિક અવસ્થામાં જીવને અન્ય જીવો પ્રત્યે ઇર્ષ્યા, દ્વેષ, અસૂયા વગેરે હોય છે, જ્યારે ધાર્મિક અવસ્થામાં મૈત્રી આવે છે. પૂર્વ અવસ્થામાં ગુણિજનો પ્રત્યે ઉપેક્ષા કે તિરસ્કાર હોય છે, જ્યારે ઉત્તર અવસ્થામાં તેમના પ્રત્યે પ્રમોદ આવે છે. પ્રથમ દશામાં દુઃખીઓનાં દુઃખ તરફ જુગુપ્સા (ઘૃણા) કે ઉપેક્ષા હોય છે, જ્યારે ઉત્તર

× ધ્યાન એટલે ચિત્તની એકાગ્રતા. જૈન શાસ્ત્રોમાં ધ્યાનનાં આર્ત, રૌદ્ર, ધર્મ અને શુકલ, એમ ચાર પ્રકારો બતાવવામાં આવ્યા છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન અશુભ હોવાથી હેય છે, ધર્મધ્યાન અને શુકલધ્યાન પવિત્ર હોવાથી અનુષ્ઠેય છે. અપ્રાપ્ત અનુકૂળતાના સંયોગનું, પ્રાપ્ત અનુકૂળતાના અવિયોગનું, અપ્રાપ્ત પ્રતિકૂળતાના અસંયોગનું અને પ્રાપ્ત પ્રતિકૂળતાના વિયોગનું ચિંતન, તે આર્તધ્યાન છે. આજ આર્તધ્યાન રુદ્ર (ઉગ્ર) બની જ્યારે હિંસા, અસત્ય, ચોરી વગેરેની પરંપરામાં પરિણમે, ત્યારે તે રૌદ્રધ્યાન કહેવાય છે. ધર્મસંબંધી વિચારણા (જીવાદિ તત્ત્વવિચારણા, કર્મસ્વરૂપની વિચારણા, લોકના સ્વરૂપની વિચારણા, વગેરે) તે ધર્મધ્યાન છે. ધર્મધ્યાનની પરાકાષ્ઠા પછી થતા આત્માનુભવને શુકલધ્યાન કહેવાય છે.

અવસ્થામાં કરૂણા હોય છે. પૂર્વે અજ્ઞદશામાં પાપીઓ અને પાપનાં સાધનો તરફ પ્રમોદ હોય છે, જ્યારે જ્ઞાન-દશામાં તેમના તરફ માધ્યસ્થ્ય હોય છે. તાત્પર્ય એ છે કે જે ભાવનાનો જે વિષય ન હોય, તેને તે ભાવનાનો વિષય બનાવવો, એ 'વિપરીતત્વ' છે; જેમ, કેટલાક જીવોને ધર્મ પ્રત્યે અરૂચિ હોય છે, તેઓ પ્રમોદ ભાવનાનો વિષય જે 'ધર્મ' તેના પ્રત્યે ઉપેક્ષા ધરાવે છે. આને જ ભાવનાનું 'અસ્થાન નિયોજન' કહેવાય. આવું નિયોજન જ સંક્લેશોનું મૂળ છે.

શ્રી શાસ્ત્રકાર ભગવંતો આ ભાવનાઓને ધર્મનું મૂળ કહે છે. તેનું તાત્પર્ય એ છે કે, આ ચાર ભાવનાઓથી ધર્મની શરૂઆત થાય છે, ધર્મ પુષ્ટ બને છે અને ધર્મનાં પ્રત્યેક અંગમાં આ ચાર ભાવનાઓમાંની એકાદ ભાવના તો હોય જ છે. આપણી મનોભૂમિમાં પણ જો 'ધર્મ' રૂપ કલ્પવૃક્ષને કાયમ રાખવો હોય, તો તે કલ્પ-વૃક્ષના મૂળ રૂપ આ ભાવનાઓને આપણે પુષ્ટ કરવી જ પડશે.

પોતાના ચિત્તમાં રહેલા ભાવનાઓનાં આ વૈપરીત્યને દૂર કરીને 'સમ્યક્ત્વ' ને લાવવું, એ સાધકનું પ્રથમ કર્તવ્ય બને છે.

ક્ષયરોગવાળાને જેમ વસંતમાલતી, સુવર્ણ, લોહ, અભ્રખ વગેરે રસાયણો પુષ્ટિ આપે છે, તેમ આ ચાર ભાવનાઓ આર્ત અને રૌદ્રધ્યાનથી થતા આંતરિક ક્ષયનો નાશ કરીને ધર્મધ્યાનરૂપ આત્મદેહને પુષ્ટ કરે છે. ત્રુટિત

થયેલી ધર્મધ્યાનની ધારાને આ ભાવનાઓ જોડી આપે છે.+

વિવેક અને વૈરાગ્યથી સંપન્ન, જિતેન્દ્રિય, સ્થિરાશય, ઉદ્યમી, પ્રશાંત, ધીર, સુપ્રસન્ન અને અપ્રમત્ત એવા મુમુક્ષુએ અયોગ્ય પદાર્થોમાં જતી મનોવૃત્તિઓને રોકીને આ ચાર ભાવનાઓ નિરંતર ભાવવી જોઇએ.

+ आत्मानं भावयन् आभिः भावनाभिर्महामतिः ।
त्रुटितामपि संधत्ते विशुद्धां ध्यानसंततिम् ॥

(યોગશાસ્ત્ર. ૪. ૧૨૨.)

"પ્રાન્તે આ પુસ્તિકા લખવામાં છદ્મસ્થપણાથી ઉપયોગ શૂન્યતાથી કે પ્રેસદોષ વિગેરે કારણોથી કોઈ ભૂલ રહેવા પામી હોય અથવા શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ લખાયું હોય તેનો મિચ્છામિદુક્કડં દેવા સાથે વાચકોને તે ક્ષતિ સુધારી લેવા વિનંતિ કરીને વિરમું છું.

લેખક : અનાહત

[સિદ્ધાન્ત મહોદધિ કૃપાસિંધુ પરમ પૂજ્ય **આચાર્ય દેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી**ના વિદ્વાન **શિષ્ય પૂ. શ્રી ભાનુવિજયજીગણિ** શિષ્ય **મુનિ તત્ત્વાનંદવિજય.**]

૧

મૈત્રીભાવના

(Universal Love)

મોહના કારણે પોતા કરતાં અધિક સુખી માણસને જોઈને તેના પર સામાન્ય માણસને ઈર્ષ્યા થાય છે. ઈર્ષ્યા એટલે પારકાનું સુખ સહન ન થવું. વારંવાર થતી ઈર્ષ્યામાંથી અસૂયા ઉત્પન્ન થાય છે. અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષોનો આરોપ. જેના પર અસૂયા થાય છે, તેનાં ગુણો પણ દોષરૂપે દેખાય છે. ઈર્ષ્યાને વશ થયેલા માણસને 'સારૂં થયું તેને (સુખીને) સુખ મળ્યું,' એવો વિચાર સ્પર્શતો પણ નથી. આ ઈર્ષ્યાનું મૂળ તેને બીજાના જેવું સુખ નથી મળ્યું, તેનો અસંતોષ એ છે. સામાન્યતઃ જીવોના મનમાં 'મને જ બધું સુખ મળો, મને જ બધાં સુખનાં સાધન પ્રાપ્ત થાઓ,' એવી ઇચ્છા અનાદિ કાળથી દૃઢ થયેલી હોય છે. આ ઇચ્છા જ્યારે પૂર્ણ થતી નથી, ત્યારે તેને સંક્લેશ (માનસિક દુઃખ) થાય છે. આ ઈચ્છા જેટલા પ્રમાણમાં અધિક, તેટલું જ તેનું જીવન અશાંતિમય

બને છે. વિશ્વમાં થતા અનેક અનર્થોનું મૂળ પણ આ ઈચ્છા છે.

ઉપર બતાવેલી ઈચ્છા એ કુવાસના છે, તે આત્માનો રોગ છે. તેના પ્રતિકાર માટે મૈત્રી ભાવના એ પરમૌષધ-રૂપ છે. બીજાને સુખી જોઈ તેના પર ઈર્ષ્યા કે અસૂયા ન કરતાં, તેને આપણે મિત્રની આંખે જોવું જોઇએ. 'બધા સુખી થાઓ, કોઇપણ દુઃખી ન જ થાઓ, બધાનું દુઃખ દૂર થાઓ, હું સર્વનો મિત્ર છું, બધા મારા મિત્ર છે, કોઈની સાથે મારે વૈર નથી, કોઈપણ મારો અપરાધી નથી,' ઈત્યાદિ-રૂપ મૈત્રીભાવના એ મિત્રની આંખ છે. જે રીતે આપણે આપણા અત્યંત પ્રિય મિત્રને જોઈએ છીએ, તે જ રીતે સર્વ પ્રાણીઓને જોતાં શીખવું જોઇએ. જેમ આપણને આપણા મિત્રના સુખની જ ચિંતા સદૈવ રહ્યા કરે છે, આપણા બધા પ્રયત્નો એનું દુઃખ દૂર કરવા માટે હોય છે, આપણને એના ગુણો જ દેખાય છે, એના દોષોને આપણે ગૌણ બનાવીએ છીએ, એની ઉન્નતિ જ આપણને ગમે છે, તેમ સર્વ જીવો પ્રત્યે થવું જોઈએ. જેમ સૂર્ય × બધાને સમાન રીતે પ્રકાશ આપે છે, તેમ આપણે પણ સર્વ જીવોને સમાન રીતે જોતાં શીખવું જોઈએ.

દરેકને પોતાના આત્મા પર સ્નેહ હોય છે. તે પોતાના જ સુખની ચિંતા કરે છે. 'બધાં સુખ મને મળો, કોઈપણ દુઃખ મને ન આવો,' એવી વાસના

× સંસ્કૃતમાં સૂર્યને 'મિત્ર' પણ કહેવાય છે.

જીવને અનાદિ કાળથી હોય છે. સ્નેહપૂર્વક અનુભવેલા સુખમાંથી, 'આ સુખ મને સર્વદા પ્રાપ્ત હો,' એવી રાગાત્મક ચિત્તવૃત્તિ (વાસના) ઉત્પન્ન થાય છે. સુખનાં સઘળાં સાધનોની પ્રાપ્તિ ન થવાથી આ રાગ ચિત્તને વિક્ષિપ્ત બનાવી કલુષિત કરે છે. આ વાસના નીચે દબાયેલો જીવ ઇષ્ટ વસ્તુના વિયોગમાં અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં આર્તધ્યાનને પરવશ બને છે. તેનો સંક્લેશ વધતો જ જાય છે. આવી અવસ્થામાં વ્યક્તિગત સ્નેહને* સર્વ જીવોના સુખ જેટલો વિશાળ બનાવવો જોઇએ. 'સર્વ જીવો સુખી થાઓ,' એ ભાવનામાં પોતાનાં દુઃખો વિલીન થઇ જાય છે અને તે દુઃખના કારણે થતા સંક્લેશો પણ નાશ પામે છે.

આપણને જ્યારે બિમારી વગેરે કોઈ દુઃખ આવે, ત્યારે આપણે પોતાને ભૂલી જઇને બીજાઓનાં દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિમાં આપણા મનને લગાડીએ, તો પરમ શાંતિ મળે છે. બીજાને સહાય કરવી એ પોતાનાં દુઃખને મટાડવાનું અમોઘ ઔષધ છે. દુઃખમાં આપણે કેવળ આપણો જ વિચાર કર્યા કરીએ અને એ દુઃખને મટાડવાના લાખો ઉપાયો કરીએ, તો પણ આપણને તે શાંતિ

---

* समस्तसत्त्वविषयकस्नेहपरिणामो मैत्री ।

સ્નેહરૂપ આત્મ-અધ્યવસાયને સમસ્ત જીવો જેટલો વિશાળ બનાવવો તે મૈત્રી છે.

(યોગશાસ્ત્ર ૪. ૧૧૮. ટીકા)

મળતી નથી, જે પારકાના હિતની ચિંતાથી મળે છે. દુઃખને દૂર કરનાર પુણ્ય (શાતાવેદનીય કર્મ) છે, તેની પ્રાપ્તિ બીજાઓનાં દુઃખ દૂર કરવાથી થાય છે.

આ રીતે મૈત્રીભાવના અખૂટ પુણ્ય ઉપાર્જન કરાવીને આપણને અનુપમ શાંતિ આપે છે; આવી જ રીતે સુખીઓનું સુખ જોઈને અનીર્ષ્યા પણ આપણા સુખમાં કારણ બને છે.

કોઈ પણ વ્યક્તિ બીજા જીવ પર જ્યારે અન્યાય કરે છે, ત્યારે તે જીવનું મન તે વ્યક્તિપ્રત્યે વૈર વાળવા માટે પ્રવૃત્ત બને છે. આવું વૈરવાળું મન અશાંત અને શ્યામ બને છે. આ અશાંતિનું મૂળ ચિત્તમાં રહેલી અનિર્મલતા છે. માલિન્યના કારણે ચિત્ત વિવશ બને છે અને અન્યાયી તરફ દ્વેષના રૂપમાં વહેવા લાગે છે. વૈર વડે વૈર કંઈ પણ શમતું નથી, કિન્તુ વૃદ્ધિ પામે છે. વૈરાદિના કારણે મનુષ્યને બીજાનું બૂરું કરવાની ઈચ્છા જાગે છે. આ ઈચ્છા ચિત્તને અત્યંત વિહ્વળ બનાવે છે. વૈરની વૃત્તિઓનો પ્રવાહ આપણી અનેક શક્તિઓનો નાશ કરે છે. તે પુણ્યને બાળી નાખે છે. કેવળ મૈત્રી ભાવના જ વૈરના આ પ્રવાહને ફેરવી શકે તેમ છે. મૈત્રીથી શક્તિઓનો હ્રાસ અટકે છે, એટલું જ નહિ, કિન્તુ નવી શક્તિઓ મળે છે. આ શક્તિઓ આપણને પરોપકારાદિ સત્કાર્યો માટે વધુ યોગ્ય બનાવે છે.

મૈત્રીભાવના અને કરુણાભાવના ઘણીવાર એક બીજા

સાથે સંકળાયેલી હોય છે, છતાં ‘ પરહિત ચિંતા મૈત્રી ’ અને ‘ પર દુઃખ પ્રહાણેચ્છા કરુણા ’ એ વ્યાખ્યાઓથી તે બેને પૃથક્ કરી શકાય તેમ છે.

મૈત્રીભાવનાની સાધનામાં નીચેના છ પગથિયાં ગોઠવી શકાય તેમ છેઃ

(૧) ‘ જેમનો મારા પર ઉપકાર છે, તેમની સાથે હું મિત્રની જેમ જ રહીશ, તેમનો દ્રોહ હું કદી પણ કરીશ નહિ, ’ એવી ભાવના શરૂઆતમાં કેળવવી જોઇએ. આ ભાવનાથી કૃતજ્ઞતા ગુણની સિદ્ધિ થાય છે. કૃતજ્ઞનું કામ કરવા માટે સહુ કોઇ પ્રેરાય છે.

(૨) ઉપરનું પહેલું પગથિયું સિદ્ધ થયા પછી, આપણી મૈત્રીભાવનાના વિષય બધા જ સ્વજન બનાવવા જોઇએ. આ ભાવનાથી સ્વજનોમાં સંપ થાય છે અને તત્સંબંધિ અનેક કલેશોનો અંત આવે છે.

(૩) પછી, આપણી નિશ્રામાં રહેલ વ્યક્તિઓ (નોકર-વર્ગ વગેરે) પ્રત્યે મિત્રતા કેળવવી જોઇએ.

(૪) પશ્ચાત્, આપણા સંબંધમાં આવતી સર્વ વ્યક્તિઓને મિત્રની આંખે જોવું જોઇએ; આવી ભાવનાથી સહુ કોઈ આપણી મિત્રતાને ઇચ્છવા લાગે છે.

(૫) તદનંતર, આપણી મૈત્રીભાવનામાં અનુક્રમે સાધાર્મિક, ગ્રામ, પ્રાંત, દેશ અને માનવજાતનો સમાવેશ કરવો જોઇએ.

(૬) અંતમાં, આપણે સર્વ જીવોના મિત્ર બનવું જોઇએ.

મૈત્રીભાવનાને અનુકૂલ કેટલીક વિચારણાઓ :

૧. 'परस्परोपग्रहो जीवानाम्'× જીવો પરસ્પર ઉપકારક છે, અર્થાત્ એકબીજા પર ઉપકાર કરવો એ જીવોનો સ્વભાવ છે. કોઈ પણ જીવ બીજા પર સ્વભાવથી અપકાર કરતો નથી, કિન્તુ કર્મને પરાધીન એવો તે બીજા પર અપકાર કરવા માટે કર્મથી જ પ્રેરાય છે. જીવ સ્વયં નિરપરાધી છે, અપરાધી તો કર્મ છે.

૨. આ માનવભવ અત્યંત દુર્લભ છે. તેમાં કેવળ ધર્મનીજ સાધના કરવી જોઈએ. ક્ષમા, ઔદાર્ય, સજ્જનતા વગેરે અનેક સદ્ગુણોને કેળવવા માટે આ જન્મ છે, એમાં વળી ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, વૈર વગેરેને સ્થાન હોય ?

૩. આ ભવમાં કરેલ વૈરવિરોધની પરંપરાઓ અનેક ભવો સુધી ચાલે છે. ચંડકૌશિક વગેરેનાં દૃષ્ટાંતો આ વાતનું સમર્થન કરે છે. રાવણ અને લક્ષ્મણના ભવોમાં વાવેલાં વૈરનાં બીજો તેમને હજી પણ નરકમાં લડાવી રહ્યાં છે. વૈર બાંધનાર આત્મા પોતાનાં જ સુખના માર્ગમાં કંટકો વેરે છે.

૪. વૈર વિરોધના બદલે મૈત્રી ભાવનાનાં બીજ નાખવામાં આવે તો આ જીવનમાં તેમજ આગામિ ભવોમાં આપણને સુખ, શાંતિ, પવિત્રતા, ચિત્તની સ્વસ્થતા વગેરે અનેક શુભ વસ્તુઓ પ્રાપ્ત થાય છે.

× જુઓ 'તત્ત્વાર્થાધિગમસૂત્ર' ૫. ૨૧.

૫. આ ભવચક્રમાં અનાદિ કાળથી હું ભમી રહ્યો છું જગતના જીવો પૂર્વના અનેક ભવોમાં અનેક વખત મારા બંધુ થયા છે.* આ રીતે બધા મારા બંધુ છે. બંધુ સાથે વૈરવિરોધ કરવો ઉચિત છે? (આનું જ નામ સાચું વિશ્વબંધુત્વ.)

૬. આ સંસારમાં સર્વ જીવો મારી સાથે માતા, પિતા, ભ્રાતા, ભગિની, પત્ની, પુત્ર, પુત્રી, વગેરે સર્વ કૌટુંબિક સંબંધો વડે જોડાયા છે' માટે આ વિશ્વ મારું કુટુંબ છે. **'वसुधैव कुटुंबकम्'**. કુટુંબીજન સાથે ઇર્ષ્યા, અસૂયા વગેરેનો પ્રયોગ કરવો યોગ્ય છે?

૭. આ વિશ્વમાં માણસ, ગાય, ઊંટ વગેરે જે કાંઈ વૈચિત્ર્ય દેખાય છે, તે કર્મકૃત છે. ગાય, ઊંટ, રાસભ, કીડી, દેવ, નારકી વગેરે બધામાં આત્મા તો સમાન જ છે. તેનાં દર્શન, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણો પણ નિશ્ચયથી સમાન જ છે. આ જીવોમાં ભવ્યત્વ (મોક્ષગમનયોગ્યતા) પણ છે, આવા સમાન ગુણવાળા ભવ્ય જીવો સાથે લડવું એ શું વાજબી છે?

મૈત્રીભાવનાને દઢ કરવા માટે આવી અનેક વિચારણાઓ કરી શકાય તેમ છે. મુમુક્ષુ આત્માને તે વિચારણાઓ સ્વયમેવ સ્ફુરે છે.

---

*જૈન શાસ્ત્રો મુજબ પ્રત્યેક જીવ બીજા જીવો સાથે સર્વ સંબંધોમાં આવ્યો છે, કારણ સંસાર અનાદિ છે.

મેતાર્ય મહામુનિ વગેરે મત્રીભાવનાના જ્વલંત દૃષ્ટાન્તો છે. જ્વલાં ચણી ગયેલ પક્ષીના પ્રાણ બચાવવા માટે પોતાનાં પ્રાણોનો ભોગ આપનાર એ મહાત્માની કેવી અદ્દ્ભૂત મૈત્રીભાવના !

ચરમતીર્થપતિ શ્રમણભગવાન્ શ્રી**મહાવીર** પ્રભુ તો મૈત્રીભાવનામય હતા. કાનમાં ખીલા ઠોકનાર પ્રત્યે, પગ ઉપર ખીર રાંધનાર પ્રત્યે કેવી સુંદર મૈત્રી ! * સંગમના પ્રસંગમાં તો તેના આત્માને થયેલી હાનિની વિચારણામાં પ્રભુની આંખો અશ્રુથી આર્દ્ર બની ગઇ હતી. કેવી અલૌકિક મૈત્રી !

જૈન પ્રવચન અહિંસામય અને ક્ષમાપ્રધાન હોવાથી તે મૈત્રીમય જ છે. અહિંસા અને ક્ષમા એ મૈત્રીનાં અંગો છે. અહિંસા એટલે સમગ્ર જીવરાશિ પ્રત્યેનો પ્રેમ (Reverance for Life). સત્ય, અચૌર્ય વગેરે બીજાં વ્રતો પણ અહિંસાની સિદ્ધિને કરનારાં હોવાથી મૈત્રીનાંજ અંગો છે. જિનપ્રવચન × અનેકાંતમય છે. આ પ્રવચનમાં સર્વ નયોને સમાન સ્થાન છે. આવી સર્વનયસાપેક્ષતા માત્ર જૈનદર્શનમાંજ છે. આ સર્વનયનસાપેક્ષતા પણ મૈત્રીનો જ એક પ્રકાર છે, કારણ કે કોઇપણ નયને અન્યાય ન થાય, એ તેનું મુખ્ય લક્ષ્ય છે.

---

* પ્રભુ ઉપર અનેક ઉપસર્ગો કરનાર દેવતા.

×અનેકાન્તવાદ (સ્યાદ્વાદ) અને નયોનું સ્વરૂપ જૈનન્યાયના ગ્રંથોથી જાણવું.

બીજા દર્શનોમાં મૈત્રી કહેલી છે, પણ તે માનવજાત જેટલી જ પરિમિત છે; 'યોગ' દર્શનની મૈત્રીનાં વિષય કેવળ સુખી જીવો છે; જ્યારે જૈનદર્શને તો એકેન્દ્રિયાદિ સર્વ પ્રાણીઓના હિતની ચિંતાને મૈત્રી કહી છે.

મૈત્રીભાવનાના સતત અભ્યાસથી ઈર્ષ્યા, અસૂયા, વૈર વગેરે અનેક માનસિક મળો નાશ પામે છે, તેથી ચિત્ત નિર્મલ અને પ્રસન્ન બને છે, અર્થાત્ યોગની સાધના માટે ચિત્ત યોગ્ય બને છે. મૈત્રીભાવનાના પ્રભાવથી આપણને સત્ત્વ, શીલ, સજ્જનતા, ઔદાર્ય, વિશાળતા વગેરે અનેક સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે. ચિત્તમાં રહેલા દ્વેષાદિ મલો વસ્તુસ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં પ્રતિબંધક છે. મૈત્રીભાવનાથી તે મલો ધોવાઇ જાય છે અને આપણને નિર્મલ બોધની પ્રાપ્તિ થાય છે. મૈત્રીભાવના વડે સર્વ પ્રાણીઓ આપણા તરફથી નિર્ભય બને છે અને પરિણામે આપણને પણ સાર્વભૌમ નિર્ભયતા સિદ્ધ થાય છે.

આધુનિક જગતના અનેક જટિલ પ્રશ્નોનું સમાધાન મૈત્રીભાવનામાં રહેલું છે, તેથી તે સમાધાનને ઇચ્છતા વિચારકોને અંતે મૈત્રીભાવનાનું શરણ લેવું જ પડશે.

સર્વ સત્પુરુષોએ સમગ્ર વિશ્વને મિત્રની આંખે જોયું છે અને તેથી જ તેઓ મહાત્મા કહેવાયા છે. શ્રી તીર્થંકર ભગવંતોના સમવસરણમાં જન્મજાત વૈરવાળા પ્રાણીઓ પણ એકત્ર બેસી શકે છે, એ તેમણે પૂર્વે સેવેલી મૈત્રી ભાવનાનો જ પ્રભાવ છે.

આવો, બધા મળીને રોજ સવારમાં (નીચેની) મૈત્રીભાવનાથી આપણા હૃદયને વિશાળ અને પવિત્ર બનાવીએ:

'હું સર્વનો મિત્ર છું, બધા મારા મિત્ર છે, કોઈ પણ જીવ પાપ ન કરો, કોઈ પણ દુઃખી ન થાઓ, બધા સુખી થાઓ, બધા નિરામય થાઓ, કોઈની સાથે પણ મારે વૈર નથી, કોઇ પણ મારો અપરાધી નથી, સર્વને ધર્મનાં સાધનોની પ્રાપ્તિ થાઓ, બધા ધર્મને પામો, વૈર, ઈર્ષ્યા, અસૂયા, અપમાન, મત્સર, દ્રોહ વગેરે કર-નારા પ્રાણીઓની તે તે અશુભવૃત્તિઓ નાશ પામો, બધાના રાગ–દ્વેષ શમી જાઓ, બધા પારકાના હિતમાં રત બનો, બધાને સમત્વરૂપ મહાઅમૃતની પ્રાપ્તિ થાઓ, બધા જીવો દર્શન, જ્ઞાન અને ચારિત્રની સાધનામાં ખુબ ખુબ આગળ વધો, સર્વ જીવો કર્મોથી મુકત થાઓ અને સર્વ આત્માઓ પરમકલ્યાણને પામો.'

मा कार्षीत्कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री सतां मता ॥

(કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યકૃત યોગશાસ્ત્ર ૪. ૧૧૮.)

'કોઇપણ જીવ પાપ ન કરો, કોઇપણ પ્રાણી દુઃખી ન થાઓ અને જગત્ કર્મથી મુક્ત થાઓ,' ઇત્યાદિરૂપ મૈત્રીભાવના સત્પુરુષોને પ્રિય છે.

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखिनो भवन्तु लोकाः ॥

અખિલ જગતનું કલ્યાણ થાઓ, સર્વ પ્રાણીઓ બીજાના હિતમાં તત્પર બનો, દોષો નાશ પામો અને લોકો સર્વત્ર સુખી થાઓ.

(બૃહચ્છાન્તિ સ્તોત્ર)

सर्वेऽपि सन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिदुःखभाग्भवेत् ॥

બધા સુખી થાઓ, સર્વ નિરામય (રોગરહિત) થાઓ, સમગ્ર જીવો કલ્યાણો (સમીહિતની સિદ્ધિઓ)ને જુઓ (પામો), કોઇ પણ દુઃખી ન થાઓ.

મૈત્રીભાવના (સંક્ષિપ્ત)

૧ નિમિત્ત કારણ	૨ નિમિત્તકારણના સંઘર્ષમાં આવતું ઉપદાન કારણ	૩ ઉપાદાન કારણરૂપ વૃત્તિઓનો આકાર	૪ નિમિત્ત અને ઉપાદાન-કારણના સંઘર્ષથી ઉત્પન્ન થતા ચિત્તમળો	૫ તે મળોના કારણે થતા અનર્થો
સુખી કે પુણ્ય-વાન્ જીવો અથવા સર્વ જીવો	સ્વાર્થ, સ્નેહ, પોતાના વ્યક્તિગત સુખ ઉપરનો રાગ, બીજાનું બૂરૂં કરવાની મલિન વૃત્તિ, વગેરે.	'મનેજ બધાં સુખો મળો.' 'મને કોઇ પણ દુઃખ ન આવો. 'મારી સાથે અન્યાય કરનાર દુઃખી થાઓ. ઇત્યાદિ.	સુખી પર ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ, વગેરે. કોઈ જીવ પોતાના સુખમાં ભાગ પડાવવા આવે ત્યારે વૈર, ક્રોધ, વગેરે. કોઈ દુઃખ આપે ત્યારે વૈર, ક્રોધ, બૂરૂં કરવાની ઇચ્છા, વગેરે.	પોતાના તેમજ બીજાનાસુખનો નાશ, કલહ મારામારી, યુદ્ધો, અશાંતિ, વગેરે.

મૈત્રીભાવના (સંક્ષિપ્ત)

૬ ચિત્તમલનાશક અને ચિત્તસુખ વર્ધક ઉપાયો	૭ ઉપાયોનો સંગ્રાહક શબ્દ	૮ તેની ટૂંકી વ્યાખ્યા	૯ પ્રકારો	૧૦ દૃષ્ટાંતો	૧૧ વિચારણાઓ
વ્યક્તિગત સ્વાર્થને છોડી દઈને 'બધા સુખી થાઓ, કોઈ પણ દુઃખી ન થાઓ; એવી ભાવના; ઇર્ષ્યા અસૂયા, વગેરેનો ત્યાગ; બધા જીવોને મિત્રની આંખે જોવું; 'મારે કોઈની સાથે વૈર નથી;' વગેરે.	**મૈત્રી ભાવના**	પરહિત-ચિંતા	ઉપકારિવિષયક મૈત્રી, સ્વજન ,, ,, આશ્રિત ,, ,, પરિચિત ,, ,, સાધર્મિકાદિ,, ,, દેશ ,, ,, માનવજાત ,, ,, સર્વજીવ ,, ,, વગેરે.	મેતાર્ય મહામુની, શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર પ્રભુ, વગેરે.	**परस्परोपग्रहो जीवानाम्**, અપરાધી કર્મ છે, માનવભવની દુર્લભતા, વૈરનાં કટુ ફળો, વિશ્વબંધુત્વ, **वसुधैवकुटुंबकम्**, નિશ્ચયથી સર્વ જીવોની સમાનતા, વૈચિત્ર્ય કર્મ-કૃત છે, વગેરે.

મૈત્રીભાવના (સંક્ષિપ્ત)

૧૨ સામાન્ય ફળો	૧૩ વિશિષ્ટ ફળો	૧૪ શેષ મુદ્દાઓ	૧૫ શ્લોકો
પોતાનાં તેમજ બીજાનાં સુખમાં વૃદ્ધિ, વિશ્વશાંતિ, વગેરે.	વૈરનાશ, નિર્ભયતા, પરોપકારિતા, કૃતજ્ઞતા, ઔદાર્ય, વિશાળતા, સજ્જનતા, વગેરે ગુણો પ્રગટ થાય છે; સર્વપ્રાણીઓ આપણા મિત્ર બને છે; તેઓ આપણાથી નિર્ભય બને છે; અહિંસાદિ વ્રતોમાં સિદ્ધિ મળે છે; સમવસરણમાં જન્મજાત વૈરવાળા પશુઓ પણ એકત્ર બેસી શકે છે; સત્ત્વ, શીલ, અને પ્રજ્ઞામાં વૃદ્ધિ થાય છે; વગેરે.	જિનપ્રવચન અહિંસામય, ક્ષમાપ્રધાન અને અનેકાંતમય હોવાથી મૈત્રીમય છે, ઈત્યાદિ.	मा कार्षीत्कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः । मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री सतां मता ॥१॥ शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः! दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥२॥ सर्वेऽपि सन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः । सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिदुःखभाग्भवेत् ॥३॥

૨

પ્રમોદભાવના

ધર્મનાં ફળો જીવને ગમે છે, પણ ધર્મ કરવો તેને ગમતો નથી, પાપનાં ફળો તરફ તેને અણગમો છે, પણ પાપ કરવાથી તે દૂર રહી શકતો નથી. ધર્માચરણ ન ગમવાનું કારણ તેને ધર્મ તરફ ઉપેક્ષા છે. ધર્મ પ્રત્યેની ઉપેક્ષા તેને ધર્મી આત્માઓ પ્રત્યે ઉપેક્ષાભાવવાળો બનાવે છે.

વાસ્તવિક રીતે ઉપેક્ષા પાપ અને પાપીઓ તરફ હોવી જોઇએ, પણ ત્યાં તેને ઉપેક્ષાને બદલે પ્રમોદ (માનસિક હર્ષ) છે. સુકૃત અને સુકૃતવંત આત્માઓને જોઇને આનંદ થવો જોઇએ, પણ ત્યાં તેને ઉપેક્ષા છે. આ ઉપેક્ષાવૃત્તિ અને પ્રમોદવૃત્તિ જીવમાં અનાદિ કાળથી છે, પણ તે બે વૃત્તિઓ અયોગ્ય સ્થાને ગોઠવાયેલી છે. સર્વ-શાસ્ત્રોનું તાત્પર્ય એ બે વૃત્તિઓનું યથાસ્થાને નિયોજન કરવું એ જ છે.

મોહના પ્રાબલ્યના કારણે જીવને બીજા પ્રાણીઓના સુકૃત તરફ દ્વેષ હોય છે અને તેથી સદાચારી પુરુષોમાં રહેલ સદાચારને જોઈને તેને હર્ષ થતો નથી. આવીજ રીતે બીજાનું સુખ, બીજાનાં ગુણો અને ધર્મના આલંબનો (જિનમંદિરાદિ) જોઈને તે આનંદ અનુભવી શક્તો નથી, એટલુંજ નહીં, પણ તેમના તરફ તે ઈર્ષ્યાભાવને ધારણ કરે છે. પોતામાં ગુણો ન હોવા છતાં કોઈ પોતાની પ્રશંસા કરે તો તેને આનંદ થાય છે; જ્યારે ગુણી પુરુષોમાં ગુણો હોવા છતાં તેમની પ્રશંસા તેને ગમતી નથી. ગુણી પુરુષને જોઈને તેને ઈર્ષ્યા કે અસૂયા ઉત્પન્ન થાય છે. આ ઈર્ષ્યા અને અસૂયાવડે તેનું મન અધિક અધિક કલુષિત બનતું જાય છે. પારકાની મહત્ત્વની વાત તેને સાવ તુચ્છ લાગે છે અને પોતાની નાની પણ સારી વાત તેને ખૂબ મોટી લાગે છે. પારકાનો મેરૂ જેટલો ગુણ તેને રાઈ જેવડો લાગે છે અને પોતાનો રાઈ જેવડો ગુણ તેને મેરૂ જેટલો લાગે છે. નિર્ગુણી એવા પોતાને કોઇ વંદન કરે, તો તેને ગમે છે; પણ ગુણી પુરુષોને કોઈ વંદન કરતું હોય, તો તે તેની મશ્કરી કરે છે. ગુણહીન એવો તે પોતાનીજ પ્રશંસા કરે છે અને ગુણવાન્ પુરુષોની નિંદા કરે છે. આ બધી વૃત્તિઓના કારણે તે યોગની (મોક્ષમાર્ગની) પ્રાપ્તિથી દૂર રહી જાય છે. આપણી અશુભવૃત્તિઓ આપણા શત્રુનું કામ કરે છે. જે પોતાની જ શ્લાઘા કરે છે, તે લોકમાં નિંદનીય બને છે. ગુણી પુરૂષોના ગુણની જે અનુમોદના કરતો નથી, તેની લોકમાં પણ પ્રશંસા થતી નથી. જે ગુણી પુરુષોને

નમતો નથી, તેને બીજા પણ નમસ્કાર કરતા નથી. આપણુને જે સત્કાર મળે છે, તેનું કારણ એ છે કે આપણે ગુણી આત્માઓને આદર આપીએ છીએ. આપણી જે પ્રશંસા થાય છે, તેમાં આપણે પૂર્વના જન્મોમાં કરેલી ગુણી પુરુષોની પ્રશંસા અને તેનાથી પ્રાપ્ત થયેલ શુભ અદૃષ્ટ કારણ છે. તીર્થંકરોને જે તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે, તેનું કારણ તેમણે પૂર્વના તીર્થંકરો પ્રત્યે પૂર્વના જન્મોમાં બતાવેલો પ્રમોદ છે.

નૈશ્ચયિક (નિશ્ચયનયનો)* પ્રમોદ એટલે મહાત્માઓમાં દેખાતા શમ, દમ, ઔચિત્ય, ધૈર્ય, ગાંભીર્ય વગેરે ગુણો તરફનો માનસિક પ્રહર્ષ. આ માનસિક પ્રહર્ષ તે મહાત્માઓનો વિનય, તેમને વંદન, તેમની સેવા, તેમની સ્તુતિ, તેમનો વર્ણવાદ (પ્રશંસા) વગેરે કાયિક અને વાચિક યોગોથી અભિવ્યક્ત થાય છે. આ અભિવ્યક્તિ એ વ્યવહાર નયનો પ્રમોદ છે. કોઈ મહાપુરુષને જોઈને જ્યારે આપણું શરીર રોમાંચ ધારણ કરે, આંખોમાંથી હર્ષના અશ્રુઓ વહે, કાન તેમનાં વચન સાંભળવા માટે આતુર બની જાય, તેમનાં ગુણગાન

---

*નય એટલે વિચાર પદ્ધતિ. નિશ્ચયનય ઉપાદાન કારણ (આત્માદિ)ને પ્રધાન માને છે. વ્યવહારનય બાહ્ય નિમિત્તને મુખ્ય માને છે.

+ वदनप्रसादादिभिः गुणाधिकेषु अभिव्यज्यमाना अन्तर्भक्तिः अनुरागः प्रमोदः । [યોગશાસ્ત્ર ટીકા]

ગુણાધિક પુરૂષોને જોઈને મુખની પ્રસન્નતા વગેરે વડે કરીને અભિવ્યક્ત થતો (આંતરિક ભક્તિ રૂપ જે) અનુરાગ તે પ્રમોદ છે.

કરવા જીભ તત્પર બને અને કંઠ ભરાઇ જાય, ત્યારે સમજવું કે તે પ્રમોદ ઉત્કૃષ્ટ છે.

અંતરમાં પ્રમોદભાવ ન હોય તો પણ બાહ્ય વિનયાદિનું સેવન ચાલુ રાખવું જોઇએ, કારણ કે તે આંતરિક પ્રમોદને જગાડે છે. કેટલાક એમ માને છે કે અંતરમાં ભાવ ન હોય તો બાહ્ય ક્રિયા વ્યર્થ છે, પણ તે બરોબર નથી. બાહ્ય ક્રિયા પણ ભાવનું કારણ બની શકે છે. નાના બાળકને શરુઆતમાં માતાપિતાને પ્રણામ કરવાનો ભાવ નથી હોતો, છતાં બાલ્યાવસ્થાથીજ જો તેને વિનયાદિમાં પ્રેરવામાં આવે તો તે ભવિષ્યમાં માતા પિતા તરફ આદરવાળો બને છે.

ગુણી પુરુષોમાં રહેલા ગુણોને જોઇને હર્ષ અને અનુમોદના એ પ્રમોદ છે. યોગની શરુઆત પ્રમોદ ભાવનાની શરુઆત સાથે થાય છે, માટે પ્રમોદ ભાવનાને યોગબીજ કહેવાય છે.* ચરમપુદ્‌ગલપરાવર્તમાં અસદ્‌વસ્તુમાં રહેલો આગ્રહ દૂર થાય છે તથા હેયમાં હેય બુદ્ધિ અને ઉપાદેયમાં ઉપાદેય બુદ્ધિ પ્રાપ્ત થાય છે. જીવની યોગ્યતા વધતાં તેને શ્રી સદ્‌ગુરૂનો યોગ પ્રાપ્ત થાય છે અને તેમના ઉપદેશથી તેનામાં પ્રમોદ ભાવનારૂપ બીજનું વપન થાય છે. શાસ્ત્રકારો આ બીજને યોગબીજ કહે છે. અહિં જીવને ઉપાસ્યતમ એવા શ્રી અરિહંતોની સાથે માનસિક સંબંધ થાય છે,

* ચરમપુદ્‌ગલપરાવર્ત=ધર્મની પ્રાપ્તિનો કાળ.

તેમના પ્રત્યેનો દ્વેષ નાશ પામે છે, તેમના તરફ ચિત્ત પ્રીતિવાળું બને છે અને ઉપાસ્યતમ એવા શ્રી અરિહંતોને નમસ્કાર કરવાનાં પરિણામ તેના આત્મામાં જાગે છે. આ જ પ્રમોદભાવના છે અને એજ યોગબીજ છે. અહીંથીજ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં બતાવેલી મિત્રાદૃષ્ટિની શરુઆત થાય છે.

કલિકાલસર્વજ્ઞ, આચાર્યશિરોમણિ, ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રમાં કહે છે કે—

अपास्ताशेषदोषाणां वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः स प्रमोद प्रकीर्तितः ॥

(યોગશાસ્ત્ર, પ્રકાશ, ૪.)

અર્થાત્ જેમણે પોતાના આત્મામાંથી સર્વ દોષોનું અપનયન કર્યું છે અને જેઓ સર્વ વસ્તુઓના સ્વરૂપને યથાસ્થિત જાણે છે, તેમના ગુણો પ્રત્યે આદર તે પ્રમોદ કહેવાય છે.

ઉપરના શ્લોકમાં પ્રમોદભાવનાના પરમોત્કૃષ્ટ વિષયને બતાવવામાં આવ્યો છે. પ્રમોદભાવના એ એક પ્રકારની ઉપાસના છે. ઉપાસનામાં ઉપાસ્યનો વિવેક અત્યંત આવશ્યક છે. ઉપાસ્યની યોગ્યતા ઉપર સમગ્ર ઉપાસનાનો આધાર છે. ઉપાસનાના પ્રભાવથી ઉપાસક ઉપાસ્ય જેવો બને છે અર્થાત્ ઉપાસ્યમાં રહેલા ગુણો ઉપાસકમાં પ્રગટ થાય છે. ઉપાસ્ય સર્વગુણસંપન્ન અને સર્વદોષરહિત હોય તો ઉપાસક પણ તેવોજ બની શકે છે. માટે આપણે આપણી પ્રમોદભાવનાના વિષય સર્વગુણસંપન્ન અને સર્વદોષરહિત

એવા શ્રી અરિહંત પરમાત્મા બનાવવા જોઈએ. વીતરાગ અને સર્વજ્ઞ એવા શ્રી અરિહંત જ ઉપાસ્યતમ છે, તેમનું માનસિક સ્મરણ એ પરમ પ્રમોદનું દ્યોતક છે.

સર્વગુણસંપન્નત્વની પ્રાપ્તિ માટે કોઈ પણ વ્યક્તિમાં રહેલ નાના કે મોટા સર્વ ગુણો તરફ પ્રમોદ અત્યંત આવશ્યક છે. ગુણો તરફનો પ્રમોદ તો જ સાચો કહેવાય કે જો ગુણીપ્રત્યે પણ બહુમાન હોય. બીજામાં રહેલા ગુણોની અનુમોદના નથી, ત્યાં નિર્મલ+ સમ્યક્ત્વ પણ નથી.

આપણામાં જે ગુણ નથી તે ગુણની પ્રાપ્તિ કરવી હોય તો પ્રમોદભાવના એ રાજમાર્ગ છે. તે ગુણ જેમનામાં પરાકાષ્ઠાને પામ્યો હોય, તેમના તરફનું બહુમાન વધારવું જોઇએ. આપણને બ્રહ્મચર્ય ગુણની પ્રાપ્તિ કરવી હોય, તો અબ્રહ્મનું મૂળ કારણ જે *મોહનીય કર્મ, તેનું જેમણે સમૂલ ઉન્મૂલન કર્યું હોય, એવા શ્રી વીતરાગ ભગવંત તરફ આપણું ચિત્ત પરમ આદરવાળું બનાવવું જોઇએ. આ આદર–પ્રમોદથી યુક્ત એવું ચિત્ત આપણને તે પુણ્ય આપે

+ભાવથી જિનોક્ત પદાર્થોનું શ્રદ્ધાન

*મોહનીય કર્મ: – જૈન સિદ્ધાંત મુજબ કર્મ સત્ છે. કર્મના અણુઓ આત્મિક જ્ઞાનાદિ શક્તિઓને આવરે છે. કર્મ-સાહિત્ય કર્મના અણુઓની જ્ઞાનાવરણીયાદિ ૮ સ્થૂલ વિભાગામાં વહેંચણી કરે છે. મોહનીય કર્મના અણુઓ આત્માને હેયમાં ઉપાદેયની અને ઉપાદેયમાં હેયની બુદ્ધિ કરાવે છે. વિશેષ સમજ 'કર્મગ્રંથ' વગેરેથી મેળવવી.

છે કે જેના કારણે બ્રહ્મચર્યની સાધનામાં આવતા વિઘ્નો પર આપણને જય મળે છે. તે પુણ્ય આપણને પતનનાં પ્રસંગમાંથી બચાવી લે છે. ગુણીપુરુષોપ્રત્યેના આદર વિના ગુણની પ્રાપ્તિ થતી નથી.

આપણે જોઈએ છે કે આપણી સાધનામાં અનેક પ્રકારનાં વિઘ્નો વારંવાર આવે છે. તેનું કારણ એ છે કે આપણે પૂર્વે પ્રમોદભાવનાનું સેવન સારી રીતે કર્યું નથી. જો પ્રમોદભાવનાનું ઉત્કૃષ્ટ સેવન કર્યું હોત તો આપણને વિઘ્નો આવતજ નહીં અથવા વિઘ્નો આવત તો તેમને તોડી નાખવાનું અપૂર્વ વીર્ય આપણી પાસે હોત. સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે, માટે જ્યાં સુધી પ્રમાદ છે ત્યાં સુધી પ્રમોદભાવના અત્યંત આવશ્યક બને છે. આજે ભલે આપણી સાધનામાં અનેક વિઘ્નો દેખાતા હોય પણ જો પ્રમોદભાવના ભરપુર હશે, તો આપણી ભવિષ્યની સાધના નિર્વિઘ્ન બનશે.

આપણી ભવિષ્યની સાધનાને નિર્વિઘ્ન બનાવવા માટે પ્રત્યેક પ્રસંગમાં, પ્રત્યેક વ્યક્તિમાં પ્રમોદનો વિષય (ગુણ) શોધી કાઢવો જોઈએ. ગુણદૃષ્ટિથી આપણે જનપ્રિય બનીએ છીએ અને ગુણી આત્માઓના આપણને આશિર્વાદ મળે છે. તે આશિર્વાદ આપણા કલ્યાણમાં કારણ બને છે. દોષદૃષ્ટિ એ વિષ છે, જે આપણને ભવોભવ મારે છે; ગુણદૃષ્ટિ–પ્રમોદ એ અમૃત છે, જે આપણને અમર બનાવે છે.

આપણી પ્રમોદભાવના સતત જાગ્રત રહે અને તે

દ્વારા આપણું પુણ્ય વધતું જ રહે, તે માટે શાસ્ત્રકારો 'નમસ્કાર*મહામંત્ર'નું વારંવાર સ્મરણ કરવા માટે કહે છે. નમસ્કાર મહામંત્રનું ધ્યાન એ પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. પંચપરમેષ્ઠિનમસ્કાર એ પ્રમોદભાવનાનો અર્ક છે, નિચોડ છે. નમસ્કાર મહામંત્રને ×ચૌદ પૂર્વનો સાર કહેવાય છે. નમસ્કાર મહામંત્રનો સાર પ્રમોદ ભાવના છે, અર્થાત્ ચૌદપૂર્વના સારનો સાર પ્રમોદભાવના બને છે. 'નમસ્કાર મહામંત્ર' જેમ સર્વ શાસ્ત્રોમાં અનુસ્યૂત છે, તેમ પ્રમોદભાવના પણ સર્વશાસ્ત્રોમાં અનુસ્યૂત છે. 'नमस्' એ મોક્ષનું બીજ છે. તે પ્રમોદભાવનાનું દ્યોતક છે અર્થાત્ પ્રમોદભાવના એજ મોક્ષનું બીજ છે. નમસ્કાર મહામંત્ર જેમ સર્વપાપપ્રણાશક છે અને સર્વમંગલોમાં પ્રથમ મંગલ છે, તેમ પ્રમોદભાવના પણ સર્વ પાપને હરનાર અને સર્વોત્કૃષ્ટ મંગલ છે.

સર્વશાસ્ત્રકારો ગ્રંથના પ્રારંભમાં ઇષ્ટદેવતાસ્મરણરૂપ ભાવ મંગલ કરે છે, અર્થાત્ સર્વશાસ્ત્રોની શરુઆત પ્રમોદ ભાવનાથી જ થાય છે.

---

* પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર :

नमो अरिहंताणं। नमो सिद्धाणं। नमो आयरियाणं। नमो उवज्झायाणं। नमो लोए सव्वसाहूणं।। एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो। मगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं।।

(આ વિષયને વિશેષ જાણવા, જુઓ, 'શ્રી નમસ્કાર મહામંત્ર' નામક પુસ્તક.)

× ચૌદપૂર્વ=સમગ્ર જૈન વાઙ્મય.

આપણાં સર્વ અનુષ્ઠાનો પ્રમોદ ભાવનાથી ઓતપ્રોત છે. કોઈ પણ અનુષ્ઠાનની શરૂઆત પ્રાયઃ *'ખમાસમણ'થી થાય છે. 'ખમાસમણ' એ પ્રમોદભાવના પ્રદર્શિત કરવાના અનુષ્ઠાનનો જ એક પ્રકાર છે. ×કાયોત્સર્ગમાં જિનેશ્વરો÷ અથવા +પંચપરમેષ્ઠિનું ધ્યાન હોય છે, જે પ્રમોદ ભાવનોજ વિષય છે. પ્રત્યેક ક્રિયા શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને લક્ષ્યમાં રાખીને કરવાની છે. ક્રિયાના પ્રારંભથી અંતસુધી આપણું ચિત્ત રત્ન તે ક્રિયાને બતાવનાર શ્રીજિનેશ્વરદેવના ધ્યાનથી અલંકૃત હોય તો જ તે ક્રિયા ભાવક્રિયા ɤ (અમૃતક્રિયા) બને છે. ક્રિયાને બતાવનાર શ્રીજિનેશ્વરદેવનું પ્રણિધાન એ પ્રમોદ ભાવના છે. ક્રિયાને અમૃતમય બનાવનાર પણ તે જ છે. ક્રિયાની પૂર્ણાહૂતિ પછી પણ થયેલ સુકૃતની અનુમોદના (પ્રમોદ ભાવ ધારણ) કરવામાં આવે તો તે ક્રિયાનું ફળ વધતુંજ જાય છે.

---

* ખમાસમણુ—વંદન ક્રિયા માટેનું સૂત્ર. વિશેષ સમજણ માટે જુઓ 'પ્રતિક્રમણ સુત્ર'.

× કાયોત્સર્ગ=એક પ્રકારની ધ્યાનમુદ્રા.

÷ જિનેશ્વર=અરિહંત, તીર્થંકર..

+ પંચપરમેષ્ઠિઓ: ૧ અરિહંત, ૨ સિદ્ધ (મુક્ત), ૩ આચાર્ય (સદાચારને પાળનાર અને પળાવનાર), ૪ ઉપાધ્યાય (આગમોનું અધ્યયન અને અધ્યાપન કરનાર) અને ૫ સાધુ (મોક્ષ માર્ગમાં સહાય કરનાર).

ɤ ભાવક્રિયા, અમૃતક્રિયા=મોક્ષપર્યન્ત લઈ જનારું સદનુષ્ઠાન.

+ ચારિત્રપાલનમાં ગુરુકુલવાસ અગત્યનું સ્થાન ધરાવે છે. ગુરુકુલવાસનું મૂળ કૃતજ્ઞતાભાવ છે. શિષ્યને ગુર્વાદિ ઉપકારક પ્રત્યે કૃતજ્ઞતાભાવ ન હોય તો ગુરૂ-શિષ્યભાવ ટકીજ શકતો નથી. કૃતજ્ઞતા, વિનય, વૈયાવૃત્ય ÷વગેરે ગુણોના મૂળમાં પણ પ્રગટ કે પ્રચ્છન્નપણે પ્રમોદ ભાવનાજ કામ કરે છે.

જગતમાં જે કાંઈ સત્કાર્યો થાય છે, તેની પાછળ બળ પ્રેરનાર પ્રમોદભાવનાજ છે. જિનમંદિર વગેરે ધર્મસ્થાનો પણ પ્રમોદ ભાવનાના પાયા પર ઉભા થાય છે. જિનમંદિરાદિ બંધાવનારને એ વિચારણા આવે છે કે સર્વગુણસંપન્ન એવા શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ આ જિન મંદિરમાં થશે અને તે કારણે અનેક ભવ્ય આત્માઓ ધર્માભિમુખ થશે. ધર્મમાં જોડાવાથી અનેક ગુણો તેમનામાં પ્રગટશે. અહિં 'ભવિષ્યમાં ગુણો પ્રગટશે' વગેરેનો હર્ષ એ પ્રમોદ ભાવનો સૂચક છે.

જે ધર્મ સ્થાનોમાં અનેક આત્માઓ ભેગા થાય છે, ત્યાં પ્રમોદ ભાવનાનાં સાક્ષાત્ દર્શન થાય છે. અત્યંત કોલાહલમાં પણ પ્રમોદ ભાવનાનાં દર્શન કરનારા મહાન્ આત્માઓ તે કોલાહલથી ઉદ્વેગ પામતા નથી, પણ પોતાની પ્રમોદ ભાવનાને તેઓ વિકસાવે છે. બીજાની નાનામાં નાની સત્ક્રિયા તરફ પણ પ્રમોદ ધારણ કરવો જોઈએ. તે જીવમાં દેખાતા

+ ચારિત્ર=સંયમ જીવન.

÷ વૈયાવૃત્ય=ધર્માચાર્ય વગેરેની સેવા.

ભવ્યત્વનાં દર્શન કરવાં જોઇએ. નાનો બાળક મુનિને ભલે પુરી સમજ વગર પણ વંદન કરતો હોય, છતાં તેવી નાની ક્રિયા પણ આ ભવસાગરમાં બહુ જ થોડા આત્માઓને પ્રાપ્ત થાય છે અને તે બાળકની ભવિષ્યની મહાન ઉન્નતિનું કારણ છે, એ વિચારી તે નાની ક્રિયાની પણ આંતરિક અનુમોદના કરવી જોઈએ. તત્ત્વતઃ તે અનુમોદના એટલે તે ક્રિયાને બતાવનાર શ્રી અરિહંત પરમાત્મા તરફ જ પ્રમોદભાવ છે.

પરમપ્રકૃષ્ટપુણ્યપ્રકૃતિ જે તીર્થંકરનામ કર્મ +તેના ઉપાર્જનનું કારણ પ્રમોદભાવનાની પરાકાષ્ઠા છે. તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરનાર પુણ્યાત્મા પૂર્વના તીર્થંકરો પર ઉત્કૃષ્ટ પ્રમોદને ધારણ કરે છે. આવા પ્રમોદના કારણે જ તે મહાત્મા અખિલ જગતના પ્રમોદનો ઉત્કૃષ્ટ વિષય બને છે.

જિનાલય વગેરે ધર્મનાં આલંબનો જોઇને પ્રમોદ થવો જોઇએ. આ આલંબનો સંસારસાગરને તરવા માટે નૌકાઓ છે. આ આલંબનો પ્રત્યેનો પ્રમોદ આપણને અશુભ આલંબનોથી બચાવે છે અને જ્યાં સારા આલંબનો હોય, ત્યાં આપણને જન્મ અપાવે છે. તે જન્મમાં પણ આપણને શુભ આલંબનો જોઈ પ્રમોદ જાગે છે અને

+ તીર્થંકર નામકર્મ=આ કર્મને ઉપાર્જન કરનાર મહાત્મા ધર્મતીર્થના પ્રવર્તક બને છે, તેમને યોગની સર્વ શ્રેષ્ઠ વિભૂતિઓ વરે છે. વિશેષ વર્ણન માટે જુઓ કર્મગ્રંથાદિ સાહિત્ય.

ઉત્તરોત્તર * પુણ્યાનુબંધિ પુણ્ય અપાવનારાં શુભ આલંબનો મળતા જાય છે. તીર્થંકરોનો સમાગમ વગેરે પણ શુભ આલંબનો પ્રત્યેના પ્રમોદનું ફળ છે.

કેટલાક જીવો અપરિપકવ દશામાં અત્યંત ઉપકારક એવા આગમ-સ્વાધ્યાય વિગેરે શુભ આલંબનોની ઉપેક્ષા કરીને કેવળ આત્મધ્યાનમાં લાગી જાય છે. તેમને એમ થઈ જાય છે કે તત્કાળજ આપણને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે, પણ જ્યારે સિદ્ધિઓ દેખાતી નથી અને આત્મધ્યાન ટકતું નથી, ત્યારે તેમની નિરાશાનો પાર જ રહેતો નથી. આત્મધ્યાનમાં આરુઢ થવા માટે શુભ આલંબનો પ્રત્યેનો આદર ઉપકારક છે. આદરથી વિઘ્નોનો નાશ થાય છે. આ વિઘ્નનાશ ધ્યાનાદિના આરોહણ વખતે થતા ભ્રંશથી યોગિઓને બચાવે છે.÷

'મને મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમજાતિ, ઉત્તમ કુલ, પંચેન્દ્રિય પરિપૂર્ણ શરીર, નિરોગિતા, દીર્ઘ આયુષ્ય, સદ્ગુરુનો યોગ, ધર્મશ્રવણ, શ્રદ્ધા વિગેરે કેટલાં બધાં મોક્ષનાં સાધનો મળ્યાં છે. આ સાધનોથી રહિત એવા અનંતાનંત જીવો આ ભવચક્રમાં અનેક દુઃખોમાં પીસાઈ

---

* પુણ્યાનુબંધિપુણ્ય = ધર્મ અને સુખ બંને આપનારું પુણ્ય. આ પુણ્યની પરંપરામાં ધર્મ અને સુખ વધતાં જ જાય છે.

÷ आलंबनादरोद्भूत-प्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ॥
[અધ્યાત્મસાર, ધ્યાનાધિકાર, ૩૩.]

રહ્યા છે. * સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ પણ આ સાધનોને ઝંખી રહ્યા છે. પુણ્યના યોગે હું કેટલો ઊંચે આવ્યો છું ! કેટલી કેટલી દુર્લભ આ મારી વર્તમાન સ્થિતિ !' વગેરે વિચારણા એ **આત્મસ્થિતિવિષયક પ્રમોદ** છે. આ પ્રમોદ જીવને સાધનામાં આગળ વધારે છે અને સામાન્ય જીવોને અત્યંત દુષ્કર લાગે એવાં અનેક અનુષ્ઠાનોને (ઉપસર્ગ-પરીષહસહનાદિને) આચરવામાં અપૂર્વ બળ આપે છે.

'શ્રી અરિહંત ભગવંતોનું આ શાસન અત્યંત ઉત્તમ છે. નિશ્ચયથી મારો આત્મા પણ અરિહંતના આત્મા જેવો જ છે, તેથી તેમનું શાસન તે અપેક્ષાએ મારું જ શાસન છે. તેમનાં × સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા મારાં જ છે. + ચતુર્વિધ સંઘ મારો છે.' ઈત્યાદિ વિચારણા પણ એક જાતનો પ્રમોદ છે. આવી જાતના પ્રમોદથી શાસનનાં પ્રત્યેક અંગ તરફ અદ્ભુત આદર અને વાત્સલ્ય જાગે છે; જેમ માતા પોતાના પુત્રોના દોષોને ગૌણ બનાવે છે અને ગુણોને જોઈ જોઈને રાજી થાય છે, તેમ આપણને પણ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા વગેરે બધાના ગુણો જોઈને આનંદ થાય છે. આવો પ્રમોદ પરાકાષ્ઠાને પામે

---

* મોક્ષમાર્ગપ્રત્યે પરમશ્રદ્ધાવાળા.

× સાધુ=સંન્યસ્ત સંયમી પુરૂષ. સાધ્વી=સંન્યસ્ત સંયમી સ્ત્રી. શ્રાવક=આંશિક સંયમને ધર્મશ્રદ્ધાપૂર્વક સ્વીકારનાર ગૃહસ્થ. શ્રાવિકા=આંશિક સંયમને ધર્મશ્રદ્ધાપૂર્વક ધારણ કરનાર ગૃહિણી.

+ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ જૈન સંઘના ચાર અંગો છે.

તો તે શ્રીતીર્થંકરનામકર્મની ઉપાર્જનામાં પણ કારણ બને, એમાં આશ્ચર્ય જ શું છે ?

શ્રી અરિહંતની આજ્ઞાનું યથાર્થપાલન એ શ્રેષ્ઠ પ્રકારનો પ્રમોદ છે, કારણ કે આજ્ઞાપાલન એ જ ઉત્કૃષ્ટ ભક્તિ છે. પ્રમોદ એટલે બહુમાન. આજ્ઞાપાલન એ જ શ્રી અરિહંતોનું સર્વશ્રેષ્ઠ બહુમાન છે. શ્રી અરિહંતોએ બતાવેલ ગૃહસ્થ કે સાધુ ધર્મનું પાલન એ પણ પ્રમોદ જ છે.

બીજાના સુખને જોઇ સંતુષ્ટ થવું એ પણ એક પ્રકારનો પ્રમોદભાવ છે. સામાન્યતઃ સુખ ચાર પ્રકારનાં છે. તે પ્રકારો આ મુજબ છેઃ—

(૧) આપાતરમ્ય સુખઃ—જે વૈષયિક સુખ તત્કાલ રમણીય લાગે પણ પરિણામે અસુંદર હોય તે 'આપાતરમ્ય' કહેવાય. જેમ, અપથ્ય આહારથી મળતું સુખ.

(૨) સદ્હેતુ સુખઃ—જે ઐહિક સુખ તત્કાલ રમણીય અને પરિણામે (આ લોકમાં) સુંદર હોય તે 'સદ્હેતુ' કહેવાય. જેમ, સ્વાદિષ્ટ પથ્ય આહારનું સેવન.

(૩) અનુબંધયુત સુખઃ—ધર્મના પાલનથી મળતું અવિચ્છિન્ન સુખ. જેમ, પુણ્યાનુબંધિપુણ્યથી મળતું સુખ.

(૪) પરમસુખઃ—મોહનીયાદિ કર્મના ક્ષયથી ઉત્પન્ન થતું અવ્યાબાધ સુખ તે પરમસુખ કહેવાય.

આમાં પ્રથમ બે સુખ મૈત્રીભાવનાનાં વિષય છે અને અંતિમ બે સુખ પ્રમોદભાવનાનાં વિષય છે. બીજાના સુખને જોઈ સંતુષ્ટ થવાથી મન પ્રસન્ન બને છે, અનુત્તર સુખ મળે છે, અને તેથી સર્વ સંક્લેશોનું મૂળ જે

પોતાના જ સુખની ચિંતારૂપ આર્તધ્યાન તે નાશ પામે છે.

પ્રમોદભાવનાના સતત અભ્યાસથી પુણ્યનું આકર્ષણ વધતું જાય છે, ઈર્ષ્યા, અસૂયા વગેરે અશુભ માનસવૃત્તિઓ નાશ પામે છે, શુભવૃત્તિઓ જાગે છે, સત્કાર્યો કરવાનો ઉત્સાહ પ્રવર્ધમાન બને છે, મનનાં ઈર્ષ્યા, અસૂયા વગેરે મળો ધોવાઈ જવાના કારણે વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન (શુકલધ્યાન) કરવા માટેની યોગ્યતા આત્મામાં પ્રગટ થાય છે. પ્રમોદભાવનાનો અભ્યાસ જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ મન અધિક પ્રસન્ન અને એકાગ્ર બને છે, અને તેથી આત્મિક આનંદમાં અપૂર્વ વૃદ્ધિ થાય છે. જે ગુણી આત્માઓ પ્રત્યે પ્રમોદને ધારણ કરે છે, તેના પર તે મહાત્માઓની અપૂર્વ કરુણા ઊતરે છે અને હીનગુણ આત્માઓના પ્રમોદનું તે પાત્ર બને છે. પ્રમોદને વાણી દ્વારા ઉચિતસ્થાને વ્યક્ત કરવાથી વાણી પવિત્ર બને છે. પ્રમોદભાવનાથી ગુણોને શોધવાની વૃત્તિ જાગે છે.

જે જે રીતે આપણો પ્રમોદભાવ વધે, તે તે રીતનો ઉપયોગ કરી શકાય તેમ છે. પ્રમોદભાવનાની સાધનાના પરમોત્કૃષ્ટ સાધન શ્રી નમસ્કાર મહામંત્રને હૃદયમાં સદૈવ ધારણ કરવો જોઇએ. પ્રમોદભાવનાસ્વરુપ શ્રી નમસ્કાર મહામંત્ર આપણને શાસ્ત્રોનાં તે અતિગૂઢ રહસ્યો સમજાવશે કે જેથી આપણે શીઘ્રતઃ પરમકલ્યાણનાં ભાજન બનશું.

સર્વ જીવો પ્રમોદભાવનાની પરાકાષ્ઠાને પામીને પરમ પ્રમોદમય એવા મુક્તિપદને વરો, એ શુભેચ્છા.

પ્રમોદભાવના

सर्वेषामर्हदादीनां, यो योऽर्हत्त्वादिको गुणः ।
अनुमोदयामि तं तं, सर्वं तेषां महात्मनाम् ॥

[શ્રી વીતરાગ સ્તોત્ર ૧૭.૪.]

શ્રી અરિહંતાદિ મહાત્માઓમાં અરિહંતપણું વગેરે જે જે ગુણો છે, તે બધાની હું અનુમોદના કરું છું.

પ્રમોદભાવના

(સંક્ષિપ્ત)

૧. નિમિત્ત કારણ :

સુખી, પુણ્યવાન્ કે ગુણી જીવો; બીજાનું સુખ; બીજાનાં સુખનાં સાધનો; ધર્મનાં આલંબનો; વગેરે.

૨. તેના સંઘર્ષમાં આવતું ઉપાદાન કારણ :
(ચિત્તમાં રહેલી અશુભ વૃત્તિઓ)

અપ્રશસ્ત રાગ; માન; અહંકાર; પોતાનાં જ ગુણોનો પક્ષપાત; ધર્મ તરફ અરુચિ; પાપ પ્રત્યે રુચિ; બીજાનાં સુકૃત તરફ દ્વેષ; ગુણીઓને મળતાં વંદન, પ્રશંસા, સ્તુતિ, બહુમાન, આદર, સત્કાર, વગેરે પ્રત્યે અણગમો; પોતાનું તે (વંદનાદિની પ્રાપ્તિ) તરફ આકર્ષણ; આત્મપ્રશંસા કરવાની ટેવ; ગુણદૃષ્ટિનો અભાવ; દોષદૃષ્ટિ; પારકાનાં ગુણો જોઈને અરતિ; ગુણો અને ગુણવાન્ પ્રત્યે ઉપેક્ષા; પોતાની ક્ષુલ્લક વાત મહત્ત્વની લાગવી; બીજાની મહત્ત્વની વાત તુચ્છ લાગવી; વગેરે.

૩. ઉપાદાન અને નિમિત્ત કારણના સંઘર્ષથી ઉત્પન્ન થતા નવા ચિત્તમળો :

ગુણવાન્‌ને જોઈને કે તેના પ્રશંસાદિ સાંભળીને ઈર્ષ્યા, અસૂયા, દ્વેષ; ગુણીની નિંદા કરવાની વૃત્તિ; ગુણીનું અપમાન થતું હોય તો તે પ્રત્યે હર્ષ; વગેરે.

૪. તે ચિત્તમળોમાંથી ઉદ્‌ભવતા અનર્થો :

ગુણી પુરૂષો સામે કાવતરાં; તેમનું અપમાન; તેમની મશ્કરી; ગુણી પુરૂષોનાં હૃદયમાં રહેલા આપણા પ્રત્યેના વિશ્વાસનો નાશ; લોકમાં નિંદા; લોકની અપ્રીતિ; યોગબીજનો નાશ; દુર્લભબોધિતા; ગુણહાનિ; વગેરે.

૫. ચિત્તમલનાશક ઉપાયો :

સુખી કે પુણ્યવાનને જોઇને આનંદ પામવો; ગુણોનો પક્ષપાત; ગુણી પુરૂષોનું બહુમાન; તેમની સ્તુતિ, પ્રશંસા, વગેરે; તેમને વંદન, નમન, વગેરે; તેમની સેવા, વિનય, ઇત્યાદિ; તીર્થ (સંઘ), તીર્થંકરો અને ધર્મનાં આલંબનો પ્રત્યે આદર; ગુણદષ્ટિ; દોષદષ્ટિત્યાગ; નમસ્કાર-મહામંત્રનું સ્મરણ, ધ્યાન, વગેરે;

૬. તે ઉપાયોને સંગ્રહનાર શબ્દ :

પ્રમોદભાવના

૭. તેની ટૂંકી વ્યાખ્યાઓ :

પરસુખતુષ્ટિ. ગુણપક્ષપાત.

૮. પ્રકારો :

૧. **નૈશ્ચયિક પ્રમોદ** : ગુણ કે ગુણીને જોઇને માનસિક પ્રહર્ષ, અનુરાગ, અન્તર્બહુમાન, અનુમોદના, વગેરે;

૨. **વ્યાવહારિક પ્રમોદ:** ઉપર બતાવેલા આંતરિક અનુરાગાદિની સર્વ ઈન્દ્રિયોદ્વારા અભિવ્યક્તિ (આંખમાં હર્ષના અશ્રુઓ, રોમાંચ, જીહ્વાદ્વારા સ્તુતિ વગેરે, વિનય, સેવા, વંદન ઈત્યાદિ;)

૩. આપાતરમ્યસુખવિષયક પ્રમોદ (હેય);

૪. સદ્ધેતુસુખવિષયક પ્રમોદ (હેય);

૫. અનુબંધયુતસુખવિષયક પ્રમોદ;

૬. આત્મસ્થિતિવિષયક પ્રમોદ;

૭. ધર્મનાં આલંબનો પ્રત્યે પ્રમોદ; વગેરે.

૯. પ્રમોદભાવનાનાં ફળો :

યોગબીજની પ્રાપ્તિ; સત્કાર્ય કરવામાં ઉત્સાહ; ગુણવૃદ્ધિ; ગુણી પુરુષોનાં હૃદયમાં આપણા પ્રત્યે માન; તીર્થંકરપણું; લોકમાં

પ્રશંસા, આદર, વગેરે; સર્વગુણસંપન્નતા, સર્વદોષરહિતતા; સમ્યક્ત્વની નિર્મલતા, પુણ્યાનુબંધિપુણ્યનું ઉપાર્જન; સત્ત્વ, શીલ, અને પ્રજ્ઞામાં વૃદ્ધિ;

૧૦. વિશેષ મુદ્દાઓ :

- તીર્થંકરોને પ્રાપ્ત થએલ તીર્થંકરત્વનું કારણ તેમણે પૂર્વનાં તીર્થો અને તીર્થંકરો પ્રત્યે સેવેલી પ્રમોદભાવના એ છે.
- વ્યાવહારિક પ્રમોદ અને નૈશ્ચયિક પ્રમોદમાં પરસ્પર કાર્ય કારણભાવ છે.
- બાળકને બાલ્યાવસ્થાથીજ વ્યાવહારિક પ્રમોદ શીખવવાથી ભવિષ્યમાં તે ગુણવાન બને છે.
- પ્રમોદભાવનાની પ્રાપ્તિ એ જ યોગબીજની પ્રાપ્તિ છે. અરિહંતોને નમસ્કાર કરવાનો ભાવ એ યોગબીજ છે.
- પ્રમોદના પરમોત્કૃષ્ટ વિષય શ્રી અરિહંતો છે.
- પ્રમોદ ભાવના એ ગુણપ્રાપ્તિનો રાજમાર્ગ છે.
- નમસ્કાર–મહામંત્રનો સાર પ્રમોદ ભાવના હોવાથી, પ્રમોદભાવના એ ચૌદપૂર્વનો નિષ્કર્ષ છે.
- સર્વ શાસ્ત્રોની શરુઆત મંગલાચરણરૂપ પ્રમોદભાવથી થાય છે.
- આપણા સર્વ સદનુષ્ઠાનો પ્રમોદભાવનાથી ઓતપ્રોત છે.
- પ્રમોદ (શ્રી તીર્થંકર ભગવંતોપ્રત્યે બહુમાન) વિના સર્વ અનુષ્ઠાનો નિષ્ફળ છે.
- ગુરુશિષ્યભાવ પ્રમોદભાવના પર ટકે છે.
- સર્વ સત્કાર્યોના મૂળમાં પ્રાયઃ પ્રમોદભાવના હોય છે.

- ધર્મસ્થાનોમાં મૂર્તિમતી પ્રમોદભાવનાને જોતાં શીખો.
- બીજાઓદ્વારા વ્યક્ત થતી પ્રમોદભાવના ઉપર પ્રમોદભાવ કેળવો.
- ધર્મનાં પ્રત્યેક આલંબનને જોઈને હૃદયમાં હર્ષ પામો.
- પ્રમોદભાવના વિના સ્વરૂપરમણતાની પ્રાપ્તિ શક્ય નથી.
- પ્રમોદભાવના ધર્મમાંથી થતા વિનિપાતમાંથી બચાવે છે.
- વર્તમાનમાં જે દેવદુર્લભ ધર્મસામગ્રી મળી છે, તેની વિચારણાથી આનંદિત બનો.
- સર્વત્ર (વિશેષે કરીને ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિમાં) ગુણો જોતાં શીખો.
- 'શ્રી અરિહંત ભગવંતોનું આ શાસન અત્યંત ઉત્તમ છે' એવી ભાવના પુનઃ પુનઃ કરો.

૩
કરુણાભાવના

'દુઃખી પ્રાણીઓનાં દુઃખ દૂર થાઓ,' 'બીજાઓનું દુઃખ તે મારું જ દુઃખ છે', ઇત્યાદિ ભાવના તે **કરુણા-ભાવના** છે.

દુઃખિતને જોઇને સત્પુરુષોના હૃદયમાં એક પ્રકારનો કંપ ઉત્પન્ન થાય છે, અને બીજાઓનાં દુઃખ દૂર કરવાની તેમને તાલાવેલી જાગે છે, તે તેમની **અનુકંપા** છે. અનુ એટલે બીજાઓનું દુઃખ જોયા પછી અને કંપ એટલે હૃદયમાં થતી તે દુઃખ દૂર કરવાની લાગણી.

બીજાઓને દુઃખ ન થાય તે રીતે વર્તન તે **દયા** છે.

સત્પુરુષો હીનગુણ કે દુઃખી જીવોનો તિરસ્કાર કરતા નથી, એ તેમની **અઘૃણા** છે.

મહાન પુરુષો દીન જીવોને સુખ આપવા માટે સદા તત્પર હોય છે, એ તેમનો **દીનાનુગ્રહ** છે.

કરુણા, અનુકંપા, દયા, અઘૃણા, દીનાનુગ્રહ વગેરે શબ્દો સમાન અર્થવાળા છે.

કરુણાના **લૌકિક** અને **લોકોત્તર** અથવા **સ્વાત્મવિષયક** અને **પરાત્મવિષયક** અથવા **વ્યાવહારિક** અને **નૈશ્ચયિક** એમ બે બે પ્રકાર પાડી શકાય. લૌકિક કરુણાના **મોહજન્ય** અને **દુઃખિતદર્શનજન્ય** એમ બે વિભાગ કરી શકાય અને લોકોત્તર કરુણાને **સંવેગજન્ય** અને **સ્વાભાવિક** એ બે વિભેદમાં વહેંચી શકાય.

ભૂખ્યાંને અન્ન, તરસ્યાને પાણી, વસ્ત્રહીનને વસ્ત્ર, નિરાશ્રિતને આશ્રય, ગ્લાનને ઔષધાદિ આપવું વગેરે **લૌકિકકરુણા** છે. અનાથાશ્રમો, સાર્વજનિક ઔષધાલયો વગેરેના સંચાલન પાછળ પ્રાયઃ લૌકિક કરુણા કામ કરે છે. લૌકિક શિક્ષણ આપતી સરકારી શાળાઓ વગેરે પણ આ જાતિની ભાવનાના પાયા ઉપર ઊભી હોય છે. અજ્ઞાન એ અનેક દુઃખોનું કારણ છે. તે દૂર કરવા માટે અપાતું લૌકિક શિક્ષણ એ અપેક્ષાઓ કરુણાનું જ કાર્ય છે, એમ કહી શકાય.

લૌકિક કરુણા ઉત્પન્ન થવાના બે હેતુ છેઃ **મોહ** અને **દુઃખિતદર્શન.** ગ્લાન માણસ કોઇ અપથ્ય વસ્તુ માગે ત્યારે તેને તે આપી દેવાની અભિલાષા તે **મોહજન્ય લૌકિકકરુણા** છે. ભૂખ્યાને જોઇને અન્ન આપવું વગેરે **દુઃખિતદર્શનજન્ય લૌકિક કરુણા** છે; આ કરુણા + માર્ગાનુસારી આદિ જીવોને હોય છે.

સર્વ દુઃખોનું મૂળ કારણ કર્મ છે. કર્મનો નાશ

+ માર્ગાનુસારી = ધર્માભિમુખ.

કરવાનાં સાધનો બતાવવાં તે **લોકોત્તર કરુણા** છે; આ કરુણા સમ્યગ્દૃષ્ટિ વગેરે જીવોને હોય છે. ધર્મદેશના, તીર્થપ્રવર્તન વગેરે લોકોત્તર કરુણાના દૃષ્ટાંતો છે.

સંવેગ એટલે મોક્ષાભિલાષ, જે કરુણા સંવેગથી ઉત્પન્ન થાય છે તે **સંવેગજન્ય લોકોત્તર કરુણા** છે. સંવેગજન્ય લોકોત્તર કરુણા +અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશ-વિરત અને પ્રમત્તયતિ ને હોય છે.

સ્વાભાવિક કરુણા એટલે સહજ કરુણા. આ કરુણા સર્વ જીવો પર અનુગ્રહ કરવામાં પરાયણ એવા* અપ્રમત્તાદિ મહામુનિઓને હોય છે. જેમ કુલાલનું ચક્ર પ્રથમ દંડના યોગથી ભ્રમણ કરે છે અને પછી દંડ વિના પણ પોતાની મેળે જ ફરે છે, તેમ સંવેગજન્ય કરુણાના પુનઃ પુનઃ અભ્યાસ વડે સ્વાભાવિક (અસંગ) કરુણાની પ્રાપ્તિ થાય છે. તાત્પર્ય એ છે કે મહામુનિઓનો સ્વ-ભાવ જ કરુણામય હોય છે.

ભવિષ્યમાં પોતાના આત્માપર દુઃખ ન આવે તેવા ધાર્મિક ઉપાયોની વિચારણા અને તે ઉપાયોમાં પ્રવૃત્તિ તે

+ અવિરતસમ્યગ્દષ્ટિને ધર્મશ્રદ્ધા હોય પણ વિરતિ (સંયમ) ન હોય. દેશવિરતને આંશિક સંયમ હોય છે. પ્રમત્ત યતિને પૂર્ણ સંયમ હોય પણ તે વચ્ચે વચ્ચે પ્રમાદથી દૂષિત હોય છે. જૈન શાસ્ત્રોની દૃષ્ટિએ આ ચોથું, પાંચમું અને છટ્ઠું ગુણ સ્થાનક છે. વિશેષ માટે જુઓ ‘ગુણસ્થાનક્રમારોહ’ ગ્રંથ.

* અપ્રમત્ત મહામુનિ પ્રમાદરહિતપૂર્ણસંયમને ધારણ કરે છે.

સ્વાત્મવિષયક કરુણા છે. 'બીજાઓનાં દુઃખ દૂર થાઓ,' ઈત્યાદિ ભાવના તે **પરાત્મવિષયક કરુણા** છે. પ્રસ્તુતમાં એટલું લક્ષ્યમાં રાખવું જોઇએ કે પોતાના વર્તમાન દુઃખમાંથી છૂટવાની ચિંતા એ કરુણા નથી, કિન્તુ મોહ છે અને આર્તધ્યાનરૂપ છે, જ્યારે આગામી દુઃખમાંથી બચવા માટેની વિચારણા એ વિવેક છે અને તેથી ધર્મધ્યાનરૂપ છે.

શુભાત્મઅધ્યવસાયરૂપ કરુણાભાવના તે **નૈશ્ચયિક કરુણા** છે. અન્નદાન વગેરે પ્રવૃત્તિ તે **વ્યાવહરિક કરુણા** છે. આ બંને પ્રકારની કરુણા એકબીજાને ઉત્પન્ન કરે છે, અર્થાત્ કયારેક અધ્યવસાયો પ્રથમ ઉત્પન્ન થાય છે અને તેઓ તદનુકૂલ પ્રવૃત્તિ કરાવે છે, અથવા કયારેક પ્રથમ અન્નદાનાદિ પ્રવૃત્તિ થાય છે અને પછી શુભઅધ્યવસાયો જાગે છે.

'મને કદી પણ દુઃખ ન આવો', ઈત્યાદિરૂપ લાગણી જીવોમાં અનાદિકાળથી હોય છે. આ લાગણી દ્વેષરૂપ છે અને તેનો વિષય પોતાનું દુઃખ છે. જીવ કર્મને પરવશ છે, માટે પ્રતિકૂળ સંયોગોમાં તેને મુકાવું જ પડે છે. પ્રતિકૂળ સંયોગો એ દુઃખનાં નિમિત્ત છે. જીવને પોતાના દુઃખ પ્રત્યે દ્વેષ હોવાથી તે સંયોગો પર પણ દ્વેષ થાય છે. સ્વદુઃખવિષયક દ્વેષને શાસ્ત્રકારો દાહની ઉપમા આપે છે. આ દાહ જીવને સતત બાળ્યા કરે છે.

લગભગ બધા જીવો દુઃખને દૂર કરવા માટે રાતદિવસ પ્રયત્ન કરે છે, પણ દુઃખ ઉપર રહેલા દ્વેષને દૂર

કરવાનો પ્રયત્ન કોઇક (વિરલ) મહાત્મા જ કરે છે. વર્તમાન દુઃખને (ઉદયપ્રાપ્ત પાપકર્મને) દૂર કરવું, એ જીવના હાથમાં નથી, જ્યારે દુઃખ ઉપરના દ્વેષને દૂર કરવામાં તે સ્વતંત્ર છે. દુઃખ પરનો દ્વેષ દૂર થતાં જ દુઃખ એ તત્ત્વતઃ દુઃખ અર્થાત્ પીડા કરનારું રહેતું જ નથી.

પોતાના દુઃખ પર રહેલા દ્વેષને દૂર કરવાનો સરલતમ ઉપાય કરુણા ભાવના છે. કરુણા ભાવના એટલે બીજાઓનું દુઃખ દૂર કરવાની વૃત્તિ. જેમ આપણને પોતાના દુઃખ ઉપર દ્વેષ છે, તેમ બીજાઓનાં દુઃખ પર દ્વેષ થવો જોઇએ અને તે દુઃખ દૂર કરવાની તાલાવેલી જાગવી જોઇએ. બીજાઓનાં દુઃખ દૂર કરવાની ચિંતા જ્યારે મનમાં જાગે છે, ત્યારે પોતાનું દુઃખ ભુલાઇ જાય છે. પોતાનાં દુઃખને ભૂલી જવામાં જ સાધનાનું રહસ્ય છુપાયેલું છે, વ્યક્તિગત દુઃખ પ્રત્યેના દ્વેષનું સ્થાન સર્વ દુઃખી જીવોનું દુઃખ બનાવવું, એ જ કરુણા ભાવનાનું રહસ્ય છે. 'મારાં દુઃખો નાશ પામો,' એવી વૃત્તિ સર્વને હોય છે; તેનાં સ્થાને 'સર્વનાં દુઃખો નાશ પામો,' એવી ઇચ્છા પ્રબળ બનાવવી જોઇએ. આ ઇચ્છાના બળથી અન્યને અપકાર કરવાની મલિન ચિત્તવૃત્તિ નાશ પામે છે અને ક્રોધ પણ શમી જાય છે.

દુઃખીની અપેક્ષાથી પોતે સુખી છે, એમ જાણવાથી 'હું ઉચ્ચ, હું શ્રીમંત, હું સુખી, હું રૂપવાન, હું બળવાન,' વગેરે અભિમાન (દર્પ) થાય છે. આ દર્પ દુઃખી પ્રત્યે તિરસ્કાર કરાવે છે. બધાં પ્રાણીઓને આત્મતુલ્ય માનીને

કરુણા ભાવનાને ચિત્તમાં સ્થિર કરનાર આત્માનો અહંકાર ઓગળી જાય છે.

પ્રત્યેક વસ્તુનું બળ સ્થાન વિશેષને પામીને જ હાનિકર કે હિતકર બને છે; સ્થાન ભેદે તે જ વસ્તુનું હાનિકારક બળ પણ હિતકારક બને છે. વિષયોમાં પ્રેમ એ હાનિકારક છે, પણ તે જ પ્રેમનો વિષય જો પરમાત્મા બનાવવામાં આવે તો લાભનો પાર જ રહેતો નથી. વિષયોમાં વિરક્તિ (ઉપેક્ષા) એ પરમ સુખનું સાધન છે, પણ એ જ ઉપેક્ષા જો ધર્મ તરફ થઇ જાય તો તે મહાન દુઃખોનું મૂળ બની જાય છે. આવી જ રીતે પોતાના વર્તમાન દુઃખ પ્રત્યેનો દ્વેષ એ એક એવી આગ છે કે જે આત્માને નિરંતર બાળે છે; પણ તે જ દ્વેષનો વિષય જ્યારે બીજાઓનું દુઃખ બને છે, ત્યારે તે જ દ્વેષ આગને બદલે શેકનું કામ કરે છે. જેમ શેક (Fomentation) સોજા વગેરેથી થતા દુઃખને દૂર કરે છે, તેમ પરદુઃખવિષયકદ્વેષરૂપ કરુણા ભાવના આર્તધ્યાનરૂપ મહારોગથી ઉત્પન્ન થતાં અનેક દુઃખોનું નિવારણ કરે છે.

વર્તમાનકાલીન સ્વદુઃખવિષયક દ્વેષ એ સર્વ સંક્લેશોનું મૂળ છે. તે અત્યંત સંકુચિત વૃત્તિ છે. સંકુચિત એવી તે વૃત્તિ જ્યારે સર્વ દુઃખી પ્રાણીઓનાં દુઃખ જેટલી વિસ્તૃત બને છે, ત્યારે સંકલેશનો નાશ થાય છે અને ચિત્ત નિર્મલ બને છે.

જૈન સિદ્ધાંત મુજબ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરનાર

પુણ્યાત્માઓની ઉપર્યુક્ત વૃત્તિ મુક્તિ પૂર્વેના છેલ્લા ત્રીજા ભવમાં વિશાળતાની પરાકાષ્ઠાએ પહોંચે છે. 'સર્વ જીવોનાં સર્વ દુઃખોનું મૂળ કારણ જે કર્મ, તેનાથી સર્વ જીવો મુક્ત થાઓ', એવી વિશાળ કરુણા તેમને તીર્થંકર પદની સમૃદ્ધિઓનું ભાજન બનાવે છે. આ જ સાર્વભૌમ કરુણા તેમનામાં એવી યોગ્યતા પ્રગટાવે છે કે જેથી તેઓ સર્વ જીવોનાં સર્વ દુઃખોના નાશના અનુપમ ઉપાયો બતાવનારું પરમ પવિત્ર તીર્થ પ્રવર્તાવે છે, અને +મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાહ, વગેરે શ્રેષ્ઠ ઉપમાઓને પ્રાપ્ત થાય છે.

સ્વાત્મવિષયક કરુણા (જેની વ્યાખ્યા પૂર્વે બતાવવામાં આવી છે) જીવને ધર્મમાર્ગમાં આગળ વધવા માટે

+૧. મહાગોપ—ગોપ એટલે ગોવાળ. જેમ ગોવાળ પોતાની નિશ્રામાં રહેલા પશુઓનું પાલન, સંરક્ષણ, વગેરે કરે છે, તેમ શ્રી તીર્થંકર ભગવંતો સર્વ જીવોનાં પાલન (ધર્મપુષ્ટિ), સંરક્ષણ (અધર્મથી), વગેરેને કરનારા હોવાથી તેઓ મહાગોપ છે.

૨. મહાનિર્યામક—નિર્યામક = સ્ટીમરનો કેપ્ટન. જેમ કેપ્ટન સ્ટીમરને સમુદ્રના કિનારે પહોંચાડે છે, તેમ આ ભવસમુદ્રમાં જીવોને ધર્મરૂપ સ્ટીમરમાં બેસાડીને મોક્ષરૂપ કિનારે પહોંચાડનારા હોવાથી શ્રી તીર્થંકરો મહાનિર્યામક છે.

૩. મહાસાર્થવાહ—પૂર્વનાં કાળમાં વેપાર વગેરેના અર્થે મોટા-મોટા સાર્થો (કાફલાઓ) નીકળતા. સાર્થવાહ એટલે સાર્થના આગેવાન. સાર્થવાહ સાર્થના પ્રત્યેક ઘટકની જેમ કાળજી રાખે તેમ ધર્મી પુરૂષોના સાર્થને શ્રી તીર્થંકર ભગવંતો સંભાળતા હોવાથી તેઓ મહાસાર્થવાહ છે.

અપૂર્વ ઉત્સાહ તથા બળ આપે છે અને સાધનામાં આવતા ઉપસર્ગો અને પરીષહોને ઉત્સવ રૂપ બનાવે છે. આ જ કરુણા *ગ્રંથિભેદનું મુખ્ય સાધન છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જ જ્યારે આ કરુણા શમાદિ ગુણોથી યુક્ત બને છે, ત્યારે તે શુભ પરિણામોની (આત્માના શુભ અધ્યવસાયો ની) અભિવૃદ્ધિમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

કરુણા ભાવનાનો આધાર દુઃખ છે. કરુણાભાવનાના અભ્યાસીને સંસારમાં રહેલાં દુઃખોનું જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. સમ્યગ્દૃષ્ટિ આત્મા તે દુઃખોનું અવલોકન નીચે મુજબ કરે છે:

'આ સંસાર જન્મ, વ્યાધિ, રોગ, શોક, જરા, મૃત્યુ, વગેરે અનેક દુઃખોથી ભરપૂર છે. ચારે ગતિમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં એમાંનું કોઈપણ દુઃખ ન હોય.

'નરકગતિમાં વેદનાનો પાર નથી. અહિં કરતાં અનંત ગુણી ઉષ્ણતા અને ટાઢ ત્યાં હોય છે. ત્યાંની ટાઢ-માંથી ઉપાડીને કોઈ નારકીના જીવને શિયાળામાં હિમાલયના અત્યુચ્ચ શિખર પર બરફ વચ્ચે મુકવામાં આવે તો પણ તેને આહ્લાદ થાય. નારકીઓ પરસ્પર સતત લડતાજ હોય છે. એક બીજા પ્રત્યે તેમને સદૈવ મત્સર હોય

---

* ગ્રંથિ=અત્યંત ઘન (દુર્ભેદ્ય) એવા રાગદ્વેષાદિ વિભાવો. ઘન એવા આ વિભાવોને ભેદ્યા પછી (આત્મામાંથી દૂર કર્યા પછી જ) સમ્યગ્દર્શનનામક તત્ત્વ શ્રદ્ધાની પ્રાપ્તિ થાય છે.

છે. +પરમાધામિઓ તરફથી અસહ્ય વેદનાઓ તેમને સહન કરવી પડે છે. *શાલ્મલિ વૃક્ષના કાંટાઓ, અસિપત્ર વૃક્ષના તલવાર જેવાં પાંદડાંઓ, તાંબુ વગેરે ધાતુઓના ઉકળતા રસનું પાન, વૈતરણી નદી વગેરે અનેક પ્રકારનાં દુઃખનાં નિમિત્તો વચ્ચે જીવને રહેવું પડે છે. એક ક્ષણ પણ નારકીઓને સુખ નથી. સર્વજ્ઞ સિવાય તેમની વેદનાને સંપૂર્ણ રીતે કોણ જાણી શકે ? કહેનાર સર્વજ્ઞ હોય, આયુષ્ય કરોડો વરસનું હોય, અને કહેવા માટે હજારો મુખ હોય, તો પણ તે વેદનાનું વર્ણન પૂર્ણ ન થાય.

'તિર્યંચગતિનાં દુઃખો પણ અત્યંત ભીષણ છે. એકેન્દ્રિયાદિ જીવોને છેદન, ભેદન વગેરે અનેક દુઃખો સતત સહેવાં પડે છે. પશુઓ પણ ચાબુક, અંકુશ વગેરેના પ્રહારો, વધ, બંધ, તૃષા, વગેરે અસંખ્ય દુઃખોથી નિરંતર પીડાઈ રહ્યા છે.

'મનુષ્યોને યુદ્ધ, અકસ્માત્, વગેરેનાં અનેક દુઃખો રહેલાં છે.

'દેવોને પણ દુઃખોનો પાર નથી. *અવધિજ્ઞાનથી જ્યારે તેમને પોતાના ચ્યવનકાળનું જ્ઞાન થાય છે,

---

+ નારકીઓને પીડા આપનાર દેવતાવિશેષ.

* નરકનાં આ વર્ણનને વિશેષ જાણવા માટે જુઓ શ્રી 'સૂયગડાંગ સુત્ર', 'નિરયવિભત્તિ' અધ્યયન.

* અવધિજ્ઞાનથી ભૂત અને ભવિષ્યકાળનાં બનાવો, દૂર પ્રદેશમાંના બનાવો વગેરેનું સાક્ષાત્ દર્શન થાય છે. આવું જ્ઞાન દેવતાઓને સહજ હોય છે. વિશેષ માટે જુઓ શ્રી 'નંદિસૂત્ર'.

ત્યારે તેમના દુ:ખની સીમા જ રહેતી નથી. 'અશુચિથી પરિપૂર્ણ એવા માતૃગર્ભમાં પ્રવેશ કરવો પડશે,' ઈત્યાદિ વિચારોથી તેમને શૂળી કરતાં પણ અધિક વેદના થાય છે. દેવતાઓમાં પણ ઈર્ષ્યા, પરસ્પર કલહ, વગેરે ચાલુ જ હોય છે. દેવતાને જે કાંઈ સુખ છે, તે મધુલિપ્ત ખડ્ગધારાને ચાટવા જેવું દુ:ખાનુષંગી છે. પગની નસમાં સોજો આવી ગયો હોય ત્યારે કોઈ માલીશ કરે તો સુખ લાગે છે. આ સુખ એ તત્ત્વતઃ સુખ નથી, કિન્તુ દુ:ખનો પ્રતીકાર માત્ર છે. આવું જ સુખ દેવતાઓનું હોય છે. સંસારમાં રહેલાં અનેક દુ:ખોનો તે પ્રતીકાર માત્ર છે.

'જીવને આ સંસારમાં જે કાંઈ સુખ લાગે છે, તે કેવળ ભવ ઉપરના અયોગ્ય બહુમાનને (ભવાભિનંદિતાને) કારણે છે. તત્ત્વતઃ તે સુખ જ નથી કારણ કે તે કર્મજન્ય છે અને કર્મ એ બંધનરૂપ હોઇ દુ:ખનું જ કારણ છે.'

ઉપર્યુક્ત દુ:ખોનું અને તે દૂર કરવાનાં સાધનોનું યથાર્થ જ્ઞાન સમ્યગદૃષ્ટિ આત્માને જ હોય છે, તેથી તેની કરુણા એ જ તાત્ત્વિક કરુણા છે.

દુ:ખસ્વરુપ સંસારનું અવલોકન કર્યા પછી *સમ્યગ્દૃષ્ટિ જીવ આ પ્રમાણે વિચારે છેઃ-

---

* 'યોગબિંદુ'માં કહેલી સમ્યગ્દૃષ્ટિની કરુણા ભાવના—

मोहान्धकारगहने, संसारे दुःखिता बत ।
सत्त्वाः परिभ्रमन्त्युच्चैः सत्यस्मिन् धर्मतेजसि ॥२८५॥

(૫૫ મા પાના પર જુઓ.)

'દુઃખરૂપ જલથી પરિપૂર્ણ એવા આ ભવસમુદ્રના પારને સર્વ જીવો પામો. જ્યાં જન્મ નથી, મૃત્યુ નથી, રોગ નથી, ભય નથી, શોક નથી, કોઈ પણ અન્ય વ્યાબાધા નથી અને જ્યાં નિરંતર અનુપમ એવું સુખ છે, તે મોક્ષ સર્વ જીવોને પ્રાપ્ત થાઓ.'

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાએ યોગ-શાસ્ત્રમાં 'દીન, આર્ત, ભીત અને જીવવા ઈચ્છતા એવા

(૫૪ પાના પરથી)

"મહા ખેદની વાત છે કે ધર્મનો પ્રકાશ વિદ્યમાન હોવા છતાં જીવાત્માઓ મોહના અંધકારવડે ગહન એવા આ આ સંસારમાં દુઃખી બનીને પરિભ્રમણ કરી રહ્યા છે!"

अहमेतान् अतः कृच्छाद्, यथायोगं कथंचन ।
अनेनोत्तारयामीति, वरबोधिसमन्वितः ॥ २८६ ॥

"હું આ સર્વજીવોને કોઇપણ ઉપાય વડે જેમ બને તેમ આ ભયંકર દુઃખમાંથી ઉગારું," એમ શ્રેષ્ઠ બોધિ (સમ્યગ્દર્શન) થી યુક્ત એવો તે મહાત્મા વિચારે છે.

સમ્યગ્દષ્ટિના ગુણો—

करुणादिगुणोपेतः, परार्थव्यसनी सदा ।
तथैव चेष्टते धीमान्, वर्धमानमहोदयः ॥ २८७ ॥

કરૂણાદિ ગુણોવાળો, સદા પારકાના કાર્ય કરવામાં તત્પર અને પ્રવર્ધમાન પુણ્યવાળો તે ઉપર મુજબ પ્રયત્ન કરે છે.

तत्तत्कल्याणयोगेन, कुर्वन् सत्त्वार्थमेव सः ।
तीर्थकृत्त्वमाप्नोति, परं सत्त्वार्थसाधनम् ॥ २८८ ॥

સર્વ જીવાત્માઓના હિત માટે તે તે હિતકર કાર્યોને કરતો તે શ્રીતીર્થંકરપણાને પામે છે, જે જીવોના કલ્યાણનું પરમ સાધન છે.

લોકોના દૈન્યાદિનો પ્રતીકાર કરવામાં પરાયણ એવી બુદ્ધિને કારુણ્ય કહ્યું છે.'*

દીન એટલે પોતાનાં પાપનો પ્રતીકાર કરવામાં અસમર્થ. 'જગતમાં સૌથી મોટું પાપ કુશાસ્ત્રપ્રણયન છે. તે પાપનો પ્રતીકાર કરવામાં અસમર્થ એવા કુશાસ્ત્રપ્રણેતાઓ ખરેખર દીન છે. કુશાસ્ત્રપ્રણેતાઓ કુમાર્ગપ્રણયન રૂપ પાપથી ક્યારે મુક્ત થશે? +મરીચિના ભવમાં ઉન્માર્ગ દેશના રૂપ પાપ વડે ત્રણ ભુવનના અધિપતિ એવા શ્રી વીરભગવાનનો જીવ પણ જો દીર્ઘ કાળ સુધી સંસારચક્રમાં ભમ્યો તો બીજાઓની શી ગતિ થશે?,' આવી કરુણા ભાવના ભાવદૈન્યથી યુક્ત એવા કુશાસ્ત્ર પ્રણેતાઓને અનુલક્ષીને કરી શકાય.

વિષયોના સંગથી ઉત્પન્ન થયેલાં દુઃખો જેઓ ભોગવી રહ્યા છે તેઓ આર્ત (પીડિત) છે. "સંસારી જીવો વિષયોને મેળવવામાં અને ભોગવવામાં જ રાચ્યા માચ્યા રહે છે. આ વિષયોનો ભોગ પૂર્વના અનંત ભવોમાં અનંતાનંત વખત કર્યો અને તેનાં અનેક કડવાં ફળો ભોગવ્યા છતાં પણ તેઓ કદી પણ તે ભોગોથી નિવૃત્ત બનતા નથી. 'પૂર્વે આ વિષયો મને કદી જ મળ્યા નથી, આ

---

*दीनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपराबुद्धिः कारुण्यमभिधीयते ॥
(યોગશાસ્ત્ર ૪.૧૨૦.)

+ વિશેષ માટે જુઓ 'મહાવીર ચરિય'.

વિષયો તદ્દન અપૂર્વ (નવા) છે,' એવો ભ્રમ તેમને સતત રહ્યા કરે છે. આવા જીવો વિષયવિરક્તિથી થતા પ્રશમ રૂપ અમૃતનું આકંઠ પાન કરી કયારે તૃપ્ત બનશે ? તેઓ પરમસુખમયી એવી વીતરાગ દશાને કયારે પામશે ?" એ જાતની કરુણા વિષયાર્ત જીવો પ્રત્યે ભાવવી જોઇએ.

"આ ભવચક્રમાં બાલ, વૃદ્ધ વગેરે સર્વ જીવોની સામે ભયનાં અનેક કારણો સમુપસ્થિત થાય છે. આવા સંયોગોમાં તેમનું માનસ સતત ભયગ્રસ્ત રહે છે. ભય-ભીત જીવો સર્વ પ્રકારના ભયોથી કયારે સર્વથા મુક્ત થશે ? સર્વ ભયોથી રહિત એવી 'જિતભય' (મોક્ષ) અવસ્થાને તેઓ કયારે પામશે ?" આ પ્રકારે કરુણા ભાવના ભયભીત આત્માઓને ઉદ્દેશીને કરી શકાય.

'મરણનું દુઃખ બધાં દુઃખોને ટપી જાય તેવું છે. બધા જીવો જીવન ઇચ્છે છે, મરણ કોઈ પણ ઇચ્છતું નથી, છતાં જીવન આયુઃકર્મથી અધિક વધારી શકાતું નથી અને મરણ આવ્યા વિના રહેતું નથી. જયારે મરણ સામે દેખાય છે અને તે જ વખતે જેમના સંયોગમાં પોતે ખૂબ ખૂબ રાગ કેળવ્યો છે, એવાં ધન, પુત્ર, સ્ત્રી, વગેરેનો વિયોગ પણ સામે આવીને ઉભો રહે છે, ત્યારે તે મરણ અને વિયોગનો વિચાર જીવને અકથનીય પીડા આપે છે. આવી પીડાને અનુભવનારા પ્રાણીઓને જિનવચનામૃત પ્રાપ્ત થાઓ, તે અમૃતદ્વારા તેઓ અજર અમર બનો,' વગેરે રૂપ કરુણા ભાવના મારણાન્તિક પીડાને અનુભવનારા જીવો પ્રત્યે કરી શકાય.

જેમ આપણને દુઃખ અપ્રિય છે, તેમ સર્વ જીવોને તે અપ્રિય છે. પોતાને જે અપ્રિય છે, તેનું બીજાઓ પ્રત્યે સમાચરણ ન કરવું એ અહિંસા છે અને એ જ પરમ ધર્મ છે. અહિંસા એ કરુણાનું જ ફળ છે. આવી જ રીતે સત્યાદિ વ્રતો પણ કરુણા ભાવનામાંથી જન્મ પામે છે. સર્વ સત્ ક્રિયાઓ, સર્વ ધર્મ અનુષ્ઠાનો, સર્વ આગમ વાકયો, વગેરેની પાછળ સ્વાત્મવિષયક અથવા પરાત્મવિષયક કરુણા રહેલી જ છે. નમસ્કાર મહામંત્રમાં કરુણાના સમુદ્ર એવા પાંચ પરમેષ્ઠિઓનું જ સ્મરણ છે. પ્રતિક્રમણની ક્રિયામાં પાપ કરનાર એવા પોતાના આત્મા પ્રત્યે કરુણા રહેલી છે.

જેમ ગુણાધિક આત્માઓ પ્રમોદ ભાવનાના વિષય છે. તેમ હીન ગુણ આત્માઓ કરુણા ભાવનાના વિષય છે. શિષ્યને ગુરૂ પ્રત્યે પ્રમોદભાવ હોય છે, જ્યારે ગુરૂને શિષ્ય પ્રત્યે કરુણાભાવ હોય છે. કરુણાના કારણે જ ગુરુ શિષ્યને સર્વ ગુણોનું ભાજન કરવા માટે દિવસ-રાત મથે છે. વાચના, સારણા, વારણા, વગેરેની પાછળ કરુણા ભાવના જ મુખ્ય કામ કરે છે.

પોતે જે અનુષ્ઠાનની સાધના કરે છે, તે અનુષ્ઠાન જેમને પ્રાપ્ત થયું નથી, તેમના પ્રત્યે જો સાધકને કરુણા ભાવના ન હોય તો તે અનુષ્ઠાનમાં તે કદી પણ સિદ્ધિ ન મેળવી શકે. જેમને તે અનુષ્ઠાન પ્રાપ્ત થયું નથી અર્થાત્ જેઓ પોતા કરતાં નીચલી ભૂમિકાપર છે, તેમના પ્રત્યે જો કરુણા ભાવ ન આવતો હોય તો સમજવું કે તેને પોતાના

અનુષ્ઠાનનું વાસ્તવિક પ્રણિધાન જાગ્યું નથી (તેની દુર્લભતા કે મહત્તા હજી સમજાઈ નથી) અથવા તે અનુષ્ઠાનની પાછળ તે સાધકને શુભાશયને બદલે પરાપકર્ષાદિ કોઈ દુષ્ટ આશય હોવો જોઇએ. કરુણા ભાવનાથી સ્વોત્કર્ષ અને પરાપકર્ષની ઇચ્છા રૂપ દુષ્ટ ચિત્તવૃત્તિનો લય થાય છે.

કરુણાના વિરોધી તિરસ્કાર અને ઉપેક્ષા છે. હીનગુણ પ્રત્યે તિરસ્કાર અને દુઃખીનાં દુઃખ પ્રત્યે ઉપેક્ષા જીવને × અચરમ પુદ્ગલ પરાવર્તોમાં હોય છે. જે બીજાઓને તિરસ્કારે છે, તે પોતેજ તિરસ્કારને પામે છે અને જે દુઃખીઓની ઉપેક્ષા કરે છે, તેને દુઃખ વખતે બીજાઓની સહાય મળતી નથી. કરુણા ભાવનાના નિરંતર અભ્યાસથી આ તિરસ્કાર અને ઉપેક્ષારૂપ અશુભ ચિત્તવૃત્તિઓનો વિલય થાય છે, તેથી કરુણા ભાવનાને કેળવવી, એ પ્રત્યેક સાધકનું પરમ કર્તવ્ય છે.

*હિતોપદેશદાન એ સર્વશ્રેષ્ઠ કરુણા છે. જિનપ્રવચન હિતોપદેશરૂપ છે અર્થાત્ કરુણામય છે. શ્રી તીર્થંકરભગ-

---

+ ધર્મપ્રાપ્તિ પૂર્વેનો અનાદિ કાળ.

*नोपकारो जगत्यस्मिंस्तादृशो विद्यते क्वचित् ।
यादृशी दुःखविच्छेदाद् देहिनां धर्मदेशना ॥

[ધર્મબિંદુ ૨.૮૦]

પ્રાણીઓનાં દુઃખનો વિચ્છેદ કરવાથી ધર્મદેશના જેવો ઉપકાર કરે છે, તેવો બીજો ઉપકાર આ જગતમાં નથી.

વંતોનું મુખ એ *પુષ્કરાવર્ત મેઘ રૂપ છે. તે મેઘમાંથી હિતોપદેશરૂપ જલની પ્રચંડ વર્ષા થાય છે. આ જલ વર્ષા વડે ભવ્ય જીવોને પરમ શાંતિની પ્રાપ્તિ થાય છે.

'જે ગ્લાનની ઉપેક્ષા કરે છે, તે મારી ઉપેક્ષા કરે છે' એવું શ્રી જિન વચન છે. આ વચન એ બતાવે છે કે કરુણા ભાવનાના પાત્ર તરફ કરુણાનો પ્રયોગ ન કરવામાં આવે તો તેમાં શ્રી તીર્થંકર ભગવંતની જ ઉપેક્ષા થાય છે. ઉપરના વાક્ય પરથી એ પણ ફલિત થાય છે કે ગ્લાનની સેવા એ તીર્થંકરની જ સેવા છે, અર્થાત્ કરુણામાં તીર્થંકરની સેવા જેટલું પુણ્ય રહેલું છે.

દાન, શીલ, તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મમાં દાન એ સ્વાત્મવિષયક અને પરાત્મવિષયક બંને પ્રકારની કરુણામાં લઈ શકાય. અન્નદાન, જ્ઞાનદાન, અભયદાન વગેરેમાં પરની કરુણા તો સ્પષ્ટ જ છે. એ દાનવડે જે પુણ્ય વગેરેનું ઉપાર્જન થાય છે, તેના વડે પોતાના આત્મા પર પણ અનુગ્રહ થતો હોવાથી દાનને સ્વાત્મવિષયક કરુણા પણ કહી શકાય. શીલાદિ ધર્મો અધસ્તન ભૂમિકાવર્તી પોતાના આત્માને ઉપરિતન સ્થાન તરફ લઈ જનારા હોવાથી તેઓ સ્વાત્મવિષયક કરુણા રૂપ છે. શીલ અને તપના કારણે આરંભ, સમારંભ, વગેરેમાંથી બચી જવાય છે, તેથી એકેન્દ્રિયાદિ અનેક જીવોને અભયદાન મળે છે, માટે તે

---

* શ્રેષ્ઠ પ્રકારનો મેઘ.

એને પરાત્મવિષયક કરુણામાં પણ લઈ શકાય. આવી જ રીતે યોગનાં યમાદિ આઠ અંગોમાં સર્વત્ર કરુણા રહેલી છે. શ્રાવક ધર્મ અને યતિધર્મ બંનેમાં અહિંસાનું એટલે કે કરુણા ભાવનાનું પ્રાધાન્ય છે. ઉપરની વિચારણા પરથી એ નિષ્કર્ષ પર આવી શકાય કે કરુણા ભાવના એ સમગ્ર જિનવચનનો સાર છે.

કરુણા ભાવનાના નિરંતર અભ્યાસથી પોતાના સંક્લેશ દૂર થાય છે, બીજાઓનાં દુઃખનું નિવારણ કરવા માટેનું અપૂર્વ બળ પ્રાપ્ત થાય છે અને પરોપકાર માટેનું સહજ સત્ત્વ પ્રકૃષ્ટ બને છે. કરુણા ભાવનાથી સ્વાર્થ વૃત્તિ, પોતાનાં જ દુઃખની ચિંતા રૂપ મોહ, સંકુચિતતા, તિરસ્કાર, અહંકાર, પરદુઃખની ઉપેક્ષા, વગેરે ચિત્તનાં મળો નાશ પામે છે. નિર્મલ બનેલું તે ચિત્ત સદ્બોધનું ભાજન બને છે. આ ભાવનાથી પાપનો ક્ષય થાય છે અને પુણ્યનું ઉપાર્જન થાય છે.

પૂર્વે આપણે જોયું કે જિનપ્રવચન એ કરુણામય છે. કરુણામય એવા આ પ્રવચનનાં રહસ્યો સમજવાં હોય તો હૃદયમાં કરુણા ભાવના નિરંતર રમવી જ જોઇએ. કરુણા ભાવનાથી રહિત એવું હૃદય પરમ કારુણિક એવા શ્રી જિનેશ્વર ભગવંતને અને તેમના પ્રવચનને શી રીતે સમજી શકશે ?

જે હીનગુણ આત્માઓ પ્રત્યે કરુણાને ધારણ કરે છે, તેના પર અધિકગુણ આત્માઓની કરુણા કુદરતી

રીતે વરસે છે. આ કરુણા સાધકનું અધિકગુણવાળા આત્માઓની સાથે મિલન કરાવી આપે છે, જેથી સાધકમાં નવા નવા ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. જે બીજાઓને સહાય કરે છે, તેના દુઃખ વખતે બીજાઓ પણ તેને સહાય કરે છે.

જે જીવ બીજાનાં દુઃખને દૂર કરવાનાં ઉપાયોને હૃદયમાં વિચારે છે, તે પરિણામે વિકાર વિનાનું (અવ્યાબાધ સુખ પામે છે.

સર્વ ભવ્ય જીવો કરુણા ભાવનાના અભ્યાસની પરાકાષ્ઠાને પામીને 'કરુણાસિંધુ' પદવીને વરે, એ જ શુભેચ્છા.

卐

કરુણા ભાવના
(સંક્ષિપ્ત)

૧. નિમિત્ત કારણ :

દીન, આર્ત, ભીત, જીવિતને યાચનાર, વગેરે દુઃખી જીવો.

૨. નિમિત્ત કારણના સંઘર્ષમાં આવતું ઉપાદાન કારણ :

પોતાના દુઃખ તરફનો દ્વેષ, પોતાનું દુઃખ દૂર કરવાની ચિંતા, પોતાનાં સુખનું અભિમાન, પારકાનું બૂરું કરવાની વૃત્તિ, વગેરે.

૩. ઉપાદાન કારણરૂપ અશુભ વૃત્તિઓનો આકાર :

'મારું દુઃખ દૂર થાઓ'; 'મને કદી પણ દુઃખ ન આવો'; 'હું સુખી છું, રૂપવાન્ છું', ઐશ્વર્યવાન્ છું'; વગેરે.

૪. નિમિત્ત અને ઉપાદાન કારણના સંઘર્ષથી ઉત્પન્ન થતા ચિત્તમળો :

દુઃખી તરફ ઉપેક્ષા, નિર્દયતા, ઘૃણા, તિરસ્કાર, અભિમાન દ્વેષ, જુગુપ્સા, વગેરે.

૫. તે મળોના કારણે થતા અનર્થો :

દુઃખી જીવોનાં દુઃખમાં વૃદ્ધિ, પોતાના દુઃખમાં વૃદ્ધિ, સ્વાર્થિપણું, વગેરે.

૬. ચિત્તમળનાશક ઉપાયો :

'સર્વનું દુઃખ દૂર થાઓ', એવી ભાવના; 'સંસાર દુઃખમય છે,' એવી ભાવના; પોતાના વર્તમાન દુઃખને દૂર કરવાની ચિંતામાં ન પડતાં, તે દુઃખ પ્રત્યે રહેલા દ્વેષને દૂર કરવાનાં પ્રયત્નો; જેવી તાલાવેલી પોતાનાં દુઃખ દૂર કરવા તરફ છે, તેવી જ બીજાનાં દુઃખ દૂર કરવામાં હોવી જોઈએ; સર્વ પ્રાણિઓને આત્મ તુલ્ય માનવાં; વગેરે.

૭. ઉપાય સંગ્રાહક શબ્દ :

કરુણા ભાવના

૮. તેની ટૂંકી વ્યાખ્યાઓ :

परदुःखप्रहाणेच्छा करुणा । परदुःखविनाशिनी करुणा । दीनादिषु प्रतीकारपरा बुद्धिः कारुण्यम् ।

૯. પર્યાયો :

કરુણા, અનુકંપા, દયા, અઘૃણા, દીનાનુગ્રહ, વગેરે.

૧૦. પ્રકારો :

લૌકિક [મોહજન્ય, દુ:ખિતદર્શનજન્ય;

લોકોત્તર [સંવેગજન્ય (સમ્યગ્દૃષ્ટિને), સ્વાભાવિક (અપ્રમત્તાદિ મહામુનીઓને);

નૈશ્ચયિક/ વ્યાવહારિક;

સ્વાત્મવિષયક/ પરાત્મવિષયક; વગેરે.

૧૧. ફળો :

તીર્થંકરત્વ, સ્વપર દુ:ખ નાશ, શુભ પરિણામ વૃદ્ધિ, અહંકાર નાશ, અન્યપર અપકાર કરવાની વૃત્તિનો નાશ, આર્તધ્યાનનાશ, દયા, વ્રતોમાં સિદ્ધિ, સંકલેશનાશ, સત્ત્વ–શીલ–પ્રજ્ઞામાં વૃદ્ધિ, પુણ્યોપાર્જન, પાપક્ષય, પરોપકાર કરવા માટેના બળની પ્રાપ્તિ, અધિકગુણ આત્માઓની પોતાના પર કરુણા, તેમની સાથે સંબંધ, વગેરે.

૧૨. શેષ મુદ્દાઓ :

- કરુણામય એવા જિનપ્રવચનને કરુણાર્દ્ર એવું હૃદય જ સમજી શકે.

- સમ્યગ્દષ્ટિની કરુણા ભાવના.
- સાધકે અનુષ્ઠાનની સિદ્ધિ માટે હીનગુણ પ્રત્યે કરુણા રાખવી જોઇએ.
- હિતોપદેશદાન એ શ્રેષ્ઠ કરુણા છે.
- ગ્લાનની સેવા એ તીર્થંકરની સેવા છે.
- ગુરુએ શિષ્ય પ્રત્યે કરુણા ધારણ કરવી જોઇએ. વગેરે.

૧૩. શ્લોક :

दीनेष्वार्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपराबुद्धिः कारुण्यमभिधीयते ॥

[યોગશાસ્ત્ર ૪.૧૨૦.]

દીન, પીડિત, ભયભીત અને જીવનની યાચના કરતા (સદૈવ જીવવા ઇચ્છતા) જીવોનાં તે તે દુઃખ દૂર કરવામાં તત્પર એવી બુદ્ધિ તે કારુણ્ય છે.

卐

૪
માધ્યસ્થ્યભાવના

રાગ અને દ્વેષ એ બેની વચ્ચે રહેનાર તે મધ્યસ્થ; અર્થાત્ જેની ચિત્તવૃત્તિ રાગ કે દ્વેષથી કલુષિત નથી તે મધ્યસ્થ કહેવાય. મધ્યસ્થપણું તે માધ્યસ્થ્ય. કોઇ પણ પ્રસંગમાં રાગ કે દ્વેષ ન થાય તે માટેનું પુનઃ પુનઃ ચિંતન તે માધ્યસ્થ્ય ભાવના છે. મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં માધ્યસ્થ્ય ભાવનાનો ઉલ્લેખ અંતિમ ભાવના તરીકે કરવામાં આવે છે, તેનો અર્થ એ છે કે જે સ્થાનમાં મત્રી, પ્રમોદ કે કરુણા ભાવનાનો ઉપયોગ ન થઇ શકે, ત્યાં આ માધ્યસ્થ્ય ભાવનાનો ઉપયોગ કરવો જોઇએ.

સામાન્યતઃ માધ્યસ્થ્યનો અર્થ 'બીજાના દોષોની ઉપેક્ષા' એવો કરવામાં આવે છે, પણ આ અર્થની સાથે બીજા અનેક અર્થોનો સંબંધ માધ્યસ્થ્ય સાથે છે, એ આપણે આ લેખ પરથી સમજી શકીશું.

માધ્યસ્થ્યના વિષયોને નીચેના નવ વિભાગોમાં વહેંચી શકાય તેમ છે :

(૧) અતિપાપીવિષયક, (૨) અહિતવિષયક, (૩) અકાલવિષયક, (૪) અપમાનવિષયક, (૫) સાંસારિક-સુખવિષયક, (૬) ગુણવિષયક, (૭) મોક્ષવિષયક અને (૮) સર્વવિષયક.

(૧) **અતિપાપીવિષયક માધ્યસ્થ્ય**:-જેઓ કુગુરુઓથી ખોટે માર્ગે ચડાવી દેવામાં આવ્યા છે, જેમને *મિથ્યાદર્શન અને અજ્ઞાનનો તીવ્ર ઉદય છે, હિતોપદેશ સાંભળ્યા પછી પણ જેઓ અહિતને છોડતા નથી અને હિતને આચરતા નથી, જેમને સત્ય તરફ દ્વેષ છે, જેઓ +ગ્રહણ, ધારણ, વગેરે બુદ્ધિના ગુણોથી રહિત છે, જેઓ અભક્ષ્યભક્ષણ, અપેયપાન, અગમ્યગમન, મુનિઘાત વગેરે ક્રૂર કર્મોમાં કંપ વિનાના છે, જેઓ વીતરાગ, સદ્‌ગુરૂ અને સદ્ધર્મના નિન્દક છે, જેઓ સદોષ એવા પોતાના આત્માની પ્રશંસામાં મગ્ન છે અને જેમ મુદ્દ્ગ પાષાણ પર પુષ્કરાવર્તમેઘની વર્ષાથી કંઈ પણ અસર થતી નથી, તેમ જેમના પર સદુપદેશની પ્રચંડ વર્ષા નિષ્ફળ જાય છે, એવા અતિપાપી, ગુરુકર્મી, દોષપંક-નિમગ્ન અને અવિનીત આત્માઓના દોષો તરફ ઔદાસિન્ય (ઉપેક્ષા) તે અતિપાપીવિષયક પ્રથમ માધ્યસ્થ્ય છે. (આ વ્યવહારનયનું માધ્યસ્થ્ય છે. નિશ્ચયનયનાં માધ્યસ્થ્યનું વર્ણન 'સર્વવિષયક' માધ્યસ્થ્યમાં કરવામાં આવશે.)

---

*મિથ્યાદર્શન : અતત્ત્વને તત્ત્વ માનવું અને તત્ત્વને અતત્ત્વ માનવું, હેયને ઉપાદેય માનવું અને ઉપાદેયને હેય માનવું, વગેરે.

+ગ્રહણ =વસ્તુનો બોધ. ધારણ = તે બોધનું ટકી રહેવું.

અહીં એ લક્ષ્યમાં રાખવું જોઈએ કે જે દોષોનો પ્રતીકાર (દૂરીકરણ) સંભવિત છે, તે દોષો તરફ ઉપેક્ષા એ માધ્યસ્થ્ય નથી, પણ જે દોષોનું દૂરીકરણ અસંભવિત છે, તેમની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય છે.

વિશ્વમાં કેટલાક પાપાત્માઓ શિકાર વગેરે મહાહિંસા કરીને આનંદ માની રહ્યા છે, કેટલાક અસત્ય બોલીને બીજાને છેતરવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી રહ્યા છે, કેટલાકને ચોરી કરીને ધન મેળવવામાં મજા પડે છે, કેટલાક પ્રામાણિકતાને બાજુએ મૂકીને ધન–ધાન્ય વગેરે ભેગું કરવામાં પડયા છે, કેટલાક પરસ્ત્રીગમન જેવા મહાપાપ આદરી રહ્યા છે અને કેટલાક ક્રોધાદિ અનેક પાપોમાં પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે. પાપીઓનાં આવાં પાપાચરણ જોઈને ધર્મમાર્ગની પ્રાથમિક અવસ્થામાં રહેલા જીવોને ક્રોધ ઉત્પન્ન થાય છે. આ ક્રોધરૂપ ચિત્તમલથી થતા અપાયોને નિવારવા માટે પાપીવિષયક માધ્યસ્થ્ય એ પરમ ઉપાય છે. સ્વાર્થ હોય તો પણ ક્રોધ ન કરવો જોઈએ, તો પછી જ્યારે કોઈ પણ પ્રકારનો સ્વાર્થ હણાતો ન હોય, ત્યારે ક્રોધ કરવો શું ઉચિત છે?

કેટલાક માણસો 'બીજાઓએ આમ ન કરવું જોઇએ, આમ કરવું જોઇએ, અમુક આ પાપ કરે તો તેને આ સજા થવી જ જોઇએ,' વગેરે પ્રકારની ક્રોધની સૂક્ષ્મ વૃત્તિઓમાં અથડાતા હોય છે, જાણે તેમના માથે આખી દુનિયાને સુધારવા માટેની જવાબદારી આવી પડી ન હોય !

આવી ચિત્તવૃત્તિઓની જાળમાં ફસાઇ ગયેલા જીવે વિચારવું જોઈએ કે, 'શું મારી આ શેખચલ્લી જેવી વિચારણાઓથી જગત પાપથી પાછું ફરવાનું છે? અનંતબલી શ્રી તીર્થંકર ભગવંતો પણ જગત્‌ને પાપથી સર્વથા મુક્ત કરી શકયા નથી તો તેમની તુલનામાં મારું શું ગજું છે?' શ્રી જિનેશ્વર દેવો પણ બળાત્કારથી ધર્મ પ્રવર્તાવતા નથી, તો શું મારા જેવાએ ધર્મમાં તેમ કરવું શ્રેયસ્કર છે?' આવી જાતની માધ્યસ્થ્યાનુકૂલ વિચારણાથી ક્રોધાગ્નિ શમી જાય છે અને આત્માને પ્રશમની શીતલતા પ્રાપ્ત થાય છે.

ઘણા ઉપદેશ પછી પણ કોઇ પાપથી ન અટકે તો આપણે આપણા ચિત્તરત્નને કલુષિત ન કરવું જોઈએ. કર્મવિપાક વગેરેનું ચિંતન (જેનું સામાન્ય સ્વરૂપ આગળ બતાવવામાં આવ્યું છે) કરીને આત્માને મધ્યસ્થ બનાવવો જોઇએ. 'કર્મ જ્યારે વિવર આપશે, *ત્યારે તે આત્મા પોતાની મેળે જ હિતનું સમાચરણ કરશે,' વગેરે વિચારીને મૌન ધારણ કરવું જોઈએ.

જે વ્યક્તિ પ્રત્યે માધ્યસ્થ્યભાવના ધારણ કરવામાં આવે છે, તે વ્યક્તિ પાપમાં વધારે આગ્રહી બનતી નથી.

*જૈન શાસ્ત્રો મુજબ કર્મ સત્ છે, સૂક્ષ્મ છે અને મૂર્ત છે. તે જીવ સ્વરૂપને (જ્ઞાનાદિ ગુણોને) આવરે છે. કર્મનાં આવરણો ગાઢ હોય ત્યારે અહિતમાં પ્રવૃત્તિ થાય છે. એ આવરણો જ્યારે શિથિલ બને છે (જ્યારે લઘુકર્મિતા આવે છે) ત્યારે આત્મા હિતમાં પ્રવર્તે છે.

તેના તરફ જો તિરસ્કાર વગેરે બતાવવામાં આવે, તો ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણે ખોઇ નાખીએ છીએ. તિરસ્કારાદિથી તે આપણા પ્રત્યે દ્વેષને ધારણ કરે છે. કોઈ કોઈ પ્રસંગમાં તો આ દ્વેષ અતિ તીવ્ર વૈરમાં પણ પરિણમે છે. માધ્યસ્થ્યથી આપણા પ્રત્યેનો તેનો પૂજ્યભાવ ટકી રહે છે, અને તે કારણે ભવિષ્યમાં તેને સુધારવાની તક આપણા હાથમાં રહે છે.

(૨) **અહિતવિષયક માધ્યસ્થ્ય**:–આ માધ્યસ્થ્ય કરુણામાંથી ઉત્પન્ન થાય છે, જેમકે અપથ્યસેવન કરતા રોગીનું અનિવારણ. અહિં માધ્યસ્થ્યનો વિષય અપથ્યસેવનરૂપ અહિત છે; અપથ્યસેવનથી રોગીનું નિવારણ કરી શકાય તેમ નથી, કારણ કે તે કોઇનું સાંભળવા જ તૈયાર નથી; પ્રસ્તુતમાં મૌનનું સેવન તે માધ્યસ્થ્ય છે.

(૩) **અકાલવિષયક માધ્યસ્થ્ય**:–આ માધ્યસ્થ્ય ભવિષ્યની વિચારણામાંથી જન્મે છે. વર્તમાનમાં કોઈ ખરાબ કામથી નિવૃત્ત ન થતો હોય તો 'તે કટુ પરિણામ ભોગવ્યા પછી ભવિષ્યમાં તે કામ છોડી દેશે,' વગેરે વિચારી મૌન ધારણ કરવું તે અકાલવિષયક છે. પ્રસ્તુતમાં વર્તમાનકાળ એ તેને સુધારવા માટે અકાળ છે.

ઉપર્યુક્ત ત્રણ પ્રકારનાં માધ્યસ્થ્ય ક્યારેક પરસ્પર સંકળાયેલાં પણ હોય છે, અર્થાત્ એક પ્રકારમાં બીજા પ્રકારનો સમાવેશ થઈ ગયેલો હોય છે.

(૪) **અપમાનવિષયક માધ્યસ્થ્ય**:-ઘણા જીવોને પોતાનું અપમાન સહન થતું નથી. અપમાન કરનાર પ્રત્યે તેમનું મન ક્રુદ્ધ બને છે અને વૈર વાળવાની ઈચ્છા પ્રબળ બને છે. અપમાનની સામે આપણે આપણા ચિત્તમાં ક્રોધરૂપ અગ્નિને શા માટે સળગવવો જોઈએ ? પ્રસ્તુતમાં 'તે પોતાના કર્મનું ફળ ભોગવશે,' વગેરે વિચારી મધ્યસ્થ રહેવું જોઇએ. આવું માધ્યસ્થ્ય તે અપમાન વિષયક માધ્યસ્થ્ય છે. તેનાથી અમર્ષ (વૈરની ઇચ્છા) રૂપ ચિત્તમલ નાશ પામે છે.

(૫) **સાંસારિકસુખવિષયક માધ્યસ્થ્ય**:-ભવ સ્વરૂપના વિજ્ઞાનથી અને 'સંસાર નિર્ગુણ છે' એવા નિર્વેદજનક જ્ઞાનથી સાંસારિક સુખોની ઇચ્છાને વિચ્છેદ કરનારૂં એવું સાંસારિક સુખ વિષયક માધ્યસ્થ્ય ઉત્પન્ન થાય છે. વિવેકી પુરૂષ માટે પ્રત્યેક સાંસારિક વસ્તુ દુ:ખરૂપ છે, કારણ કે ચારે ગતિમાં એવું એક પણ સ્થાન નથી કે જ્યાં દુ:ખ ન હોય. સાંસારિક સુખ એ તત્ત્વતઃ સુખ નથી, કિન્તુ સુખાભાસ છે, અર્થાત્ દુ:ખ છે, કારણ કે તે મધુલિપ્ત ખડ્ગધારાને ચાટવા જેવું દુ:ખાનુષંગી છે. બહુતર દુ:ખથી અનુવિદ્ધ એવું તે સુખ એ દુ:ખ જ છે. દેવલોકાદિમાં મળતું સુખ એ દુ:ખનો પ્રતીકાર માત્ર છે. જીવને આ સંસારમાં જે કોઇ સુખ લાગે છે તે કેવળ ભવ ઉપરના અયોગ્ય બહુમાન [ભવાભિનંદિતા] ને લઈને જ છે. પરમાર્થથી તે સુખ જ નથી, કારણ કે તે કર્મજન્ય છે; અને કર્મ એ દુ:ખનો જ હેતુ છે.

'સંસાર દુઃખમય છે' એવી ભાવનાથી પ્રથમ વૈરાગ્યને (વૈષયિક સુખ ઉપરના દ્વેષને) દૃઢ કરવો જોઇએ. આ દ્વેષ એ પ્રશસ્ત મનોભાવ હોવાથી પુણ્યાનુબંધિ પુણ્યને ઉપાર્જન કરાવનારો છે. આ પ્રશસ્ત મનોભાવ પોતાની મેળેજ દૂર થઈ જાય છે અને પછી સુખ ઉપર માધ્યસ્થ્ય (રાગ કે દ્વેષનો અભાવ) ઉત્પન્ન થાય છે.

'सर्वं दुःखम्' એ ભાવના સમ્યગ્દર્શનને પેદા કરનારી છે, અર્થાત્ સુખવિષયક માધ્યસ્થ્યમાંથી સમ્યગ્દર્શન નિષ્પન્ન થાય છે.

(૬) **દુઃખવિષયક માધ્યસ્થ્ય**:–આવી જ રીતે દુઃખમાં પણ માધ્યસ્થ્ય કેળવવું જોઈએ. પ્રથમ દુઃખ ઉપર રાગ (અનુકૂલતાની બુદ્ધિ, 'કર્મનિર્જરા વગેરેનું કારણ છે' એમ માનીને) કેળવવો જોઈએ. આ રાગ, એ પ્રશસ્ત મનોભાવ હોવાથી, દુઃખવિષયક માધ્યસ્થ્યને (દુઃખ ઉપર રાગ કે દ્વેષનો અભાવ) ઉત્પન્ન કરીને, સ્વયમેવ નાશ પામે છે.

જો કે સુખવિષયક કે દુઃખવિષયક માધ્યસ્થ્ય તત્ત્વજ્ઞાન વિના ન સંભવે, તેથી તેને તત્ત્વજ્ઞાનજન્ય સર્વવિષયક માધ્યસ્થ્યમાં (જેનું વર્ણન આગળ કરવાનું છે) લેવું જોઇએ; છતાં આ બે પ્રકારો અતિ ઉપયોગી હોવાથી સર્વવિષયક માધ્યસ્થ્યથી પૃથક્ પાડ્યા છે.

સુખ કે દુઃખ વિષયક માધ્યસ્થ્ય શ્રી તીર્થંકર ભગ-

વંતોના જીવનમાં પરાકાષ્ઠાને પામેલું દેખાય છે. શ્રી શાંતિનાથ* ભગવાનના જીવનમાં જે ચક્રવર્તિપણાનો ભોગ દેખાય છે (અર્થાત્ લોકો જેને રતિ કહે છે) તે તત્ત્વતઃ વૈરાગ્ય જ છે. એ વૈરાગ્ય એ સામાન્ય કોટિનું નથી પણ સુખવિષયક પરમ માધ્યસ્થ્ય છે. આ જાતિના માધ્યસ્થ્યમાં સર્વ સાંસારિક ઈચ્છાઓનો વિચ્છેદ થઇ ગયેલો હોય છે, અને+ પ્રવૃત્તિ કેવળ કર્મના ×ઉદયના કારણે જ હોય છે. આ સ્થિતિને પામેલા મધ્યસ્થ મહાત્માઓની રતિ કેવળ ÷ શુભવેદનીય કર્મના ઉદયથી જ હોય છે. આ માધ્યસ્થ્યનો સમાવેશ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રન્થમાં 'કાન્તા' નામની દૃષ્ટિમાં કરવામાં આવ્યો છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે અહિં ભોગને ભોગવતી વખતે પણ આત્મશુદ્ધિનો પ્રક્ષય (કર્મબંધ) થતો નથી, ઉપરાંત શુદ્ધિની વૃદ્ધિ (Aકર્મનિર્જરા) થાય છે. જેમ મૃગજળને મૃગજળ તરીકે જાણનાર, કોઈ પણ આપત્તિ કે ઉદ્વેગ વિના, તેમાંથી પસાર થઇ જાય છે,

---

*જૈન દર્શન ૨૪ તીર્થંકરો માને છે, તેમાંનાં ૧૬મા તીર્થંકર.

+ આ પ્રવૃત્તિને અન્ય દર્શનકારો 'યોગમાયા' કહે છે.

÷ ઉદય=પૂર્વે ઉપાર્જન કરેલા કર્મના ફળનો અનુભવ(વિપાક)

× સુખ કે દુઃખનો અનુભવ કરાવનાર કર્મને જૈન શાસ્ત્રો અનુક્રમે શુભ (શાતા) વેદનીય કર્મ, અને અશુભ (અશાતા) વેદનીય કર્મ કહે છે.

A કર્મનિર્જરા= આત્માસાથે સંબદ્ધ થયેલા કર્માણુઓનું આત્માથી પૃથક્ થવું.

તેમ ભોગોને સ્વરૂપથી મૃગજળ જેવા જોતો અને અનાસક્ત રીતે ભોગવતો એવો યોગી પરમ પદને પામે છે. અહિં રહેલા આત્માની ધર્મશક્તિ પ્રબળ દાવાનળ જેવી હોય છે, તેને ભોગસંયોગરૂપ સામાન્યવાયુ શી રીતે ઓલવી શકે ? આ અવસ્થામાં વિષયપ્રવૃત્તિમાં સંકલ્પ અને વિષયનિવૃત્તિમાં શ્રમ પણ હોતો. નથી ઇન્દ્રિયોના વિકારી સ્વભાવનો અહિં વિલય થઈ જાય છે. આવું પ્રકૃષ્ટ માધ્યસ્થ્ય શ્રી તીર્થંકર ભગવંતોને ગર્ભાવસ્થાથીજ હોય છે.

*સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા એકાવતારી મહાત્માઓ આ વિશ્વના સર્વશ્રેષ્ઠ વૈષયિક સુખમાં સ્વાભાવિક મધ્યસ્થતાને ધારણ કરીને પોતાના જીવનને ધન્ય બનાવે છે. જૈન શાસન +ધન્ના, શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર, ગુણસાગર, વગેરે સુખવિષયકમાધ્યસ્થ્યના અનેક દૃષ્ટાંતોથી શોભી રહ્યું છે.

દુઃખ વિષયક માધ્યસ્થ્યની સાક્ષાત્ મૂર્તિ શ્રમણ

---

* જિનોકત લોકસ્વરુપ મુજબ લોકના સર્વોપરિ ભાગ ઉપર સિદ્ધશિલા (મુક્ત જીવોનું અધિષ્ઠાન) છે. તેના નીચે પાંચ વિશાળ દેવ વિમાનો છે. તેમને અનુત્તર દેવવિમાનો કહેવામાં આવે છે. ત્યાં સર્વ શ્રેષ્ઠ દેવતાઈ સુખ હોય છે આ પાંચ વિમાનોમાંના વચલા વિમાનનું નામ 'સર્વાર્થસિદ્ધવિમાન' છે. આ વિમાનમાંના દેવોને ફકત એક મનુષ્યનો ભવ કરવો પડે છે, પછી તેઓ મોક્ષને પામે છે.

+આ મહાપુરુષોનાં જીવન ચરિત્રો મનનીય છે.

ભગવાન્ શ્રી મહાવીર દેવ છે. *કાલચક્રપાત જેવી ઘોરાતિઘોર પીડાઓમાં પણ કેવું અદ્દ્ભુત માધ્યસ્થ્ય ! ×ગજ-સુકુમાલ, ખંધકમુનિ, ખંધક મુનિના ૫૦૦ શિષ્યો વગેરે અનેક મહાત્માઓએ દુઃખવિષયક પરમમાધ્યસ્થ્યથી આ શાસનને ઉજ્જવળ બનાવ્યું છે.

અહિં એટલું અવશ્ય સમજી લેવું જોઇએ કે સુખ-વિષયક પ્રકૃષ્ટ માધ્યસ્થ્ય અત્યંત દુર્લભ છે. 'યોગદૃષ્ટિ સમુચ્ચય' વગેરેમાં કહેલી પ્રથમ છ દૃષ્ટિઓમાંથી પસાર થઇ ગયા પછી તે આવે છે. કેટલાક બાળજીવો પોતાની યોગ્યતાનો શાસ્ત્રદૃષ્ટિએ વિચાર કર્યો વિના 'આવું માધ્યસ્થ્ય મને પ્રાપ્ત થઈ ગયું છે,' એમ માની બેસે છે. આ તેમનો ભ્રમ છે. આ ભ્રમ તેમને અધસ્તન ભૂમિકા તરફ લઇ જાય છે. આવા ભ્રમથી બચવું, એ પ્રત્યેક સાધકનું કર્તવ્ય છે.

(૭) **ગુણવિષયક માધ્યસ્થ્યઃ**—સુખ વિષયક માધ્યસ્થ્યના પુનઃ પુનઃ અભ્યાસથી ગુણવિષયક માધ્યસ્થ્ય ઉત્પન્ન થાય છે. ગુણ એટલે 'સંયમ અને તપથી ઉત્પન્ન થતી

---

*કાલચક્ર=દેવતાઈ શસ્ત્ર, જેનું વજન હજારો મણ હોય છે.

×ગજસુકુમાલ= ધ્યાનસ્થ એવા આ મહામુનિના મસ્તક પર ધખધખતી સઘડી મૂકવામાં આવી હતી. સમભાવપૂર્વક પીડાને સહન કરી તેઓ નિર્વાણ પામ્યા.

ખંધકમુનિ=એમના શરીરની ચામડી ઉતારવામાં આવી હતી.
૫૦૦ શિષ્યો=દુષ્ટ રાજમંત્રીએ એમને ઘાણીમાં પીલ્યા હતા.

આકાશ ગામિની વિગેરે *લબ્ધિઓ.' જેમ ઘઉં વગેરે ધાન્યને ઇચ્છનાર અને તે ઇચ્છાની પરિપૂર્તિ માટે ઘઉં વગેરેને વાવનાર પુરુષને ઘઉં તો મળે જ છે અને સાથે સાથે ઘાસ વગેરે પણ મળે છે, તેમ મોક્ષ માટે સાધના કરનારને મોક્ષ તો મળે જ છે અને *તે પૂર્વે અનેક લબ્ધિઓ તેના આત્મામાં ઉત્પન્ન થાય છે. જેમ વાવનારને ઘાસની પ્રાપ્તિમાં તેના તુચ્છત્વનો ખ્યાલ હોવાથી ગર્વ થતો નથી, તેમ ગુણ-વિષયક માધ્યસ્થ્ય ધારણ કરનાર મોક્ષાર્થી મહામુનિને તે લબ્ધિઓ અહંકાર માટે થતી નથી. તે મહામુનિ વિચારે છે કે, 'આ લબ્ધિઓ +ક્ષયોપશમભાવના ઘરની છે, અને ક્ષયોપશમભાવ એ તો આત્માની અપૂર્ણતા છે. આત્માની અપૂર્ણતામાં વળી આનંદ માનવાનો હોય!'

(૮) **મોક્ષવિષયક માધ્યસ્થ્ય**:–ગુણવિષયક માધ્યસ્થ્ય પછી મોક્ષવિષયક માધ્યસ્થ્ય ઉત્પન્ન થાય છે. આ દશામાં 'યોગવિંશિકા' વગેરે ગ્રંથોમાં વર્ણવેલા અસંગ ÷અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. આ અવસ્થામાં મોક્ષ પ્રત્યેનો તેનો રાગ પણ વિલીન થઇ જાય છે. અહીં ભવ અને શિવ

---

* લબ્ધિ=યોગવિભૂતિ

+ક્ષયોપશમભાવ—જીવની શક્તિઓનો આંશિક (અસંપૂર્ણ) આવિર્ભાવ.

÷યોગવિંશિકામાં ભક્તિ, પ્રીતિ, વચન અને અસંગ એ ચાર પ્રકારનાં યોગાનુષ્ઠાન બતાવવામાં આવ્યા છે. વિશેષ સ્વરૂપ તે ગ્રંથથી જાણવું.

(મોક્ષ) બંને સમાન લાગે છે. અહીં આત્મા સહજાનંદ-રૂપ અમૃતના મહાસાગરમાં મગ્ન બને છે.

(૯) **સર્વવિષયક માધ્યસ્થ્ય**:–નિશ્ચયનયના મતે શુભ કે અશુભરૂપે પરિણમેલા સર્વ જીવો અને સર્વ પુદ્ગલોમાં રાગ દ્વેષરહિત પરિણતિ તે સર્વવિષયક માધ્યસ્થ્ય ભાવના છે. આ જ ભાવમાધ્યસ્થ્ય છે. આ શ્રેષ્ઠ માધ્યસ્થ્ય શ્રી *કેવલિભગવંતોને હોય છે. શ્રી કેવલિભગવંતોએ બતાવેલા તત્ત્વોનું અનેકાંત દૃષ્ટિએ ચિંતન કરનાર મહાત્માઓને પણ આ માધ્યસ્થ્ય સ્વયમેવ વરે છે. આ માધ્યસ્થ્યનાં ભાજન તેઓ જ બની શકે છે કે જેઓ સ્વ અને પર આગમના પારને પામેલા છે અને જેમની બુદ્ધિ નયોના રહસ્ય જ્ઞાનથી સૂક્ષ્માતિસૂક્ષ્મ બની ગઈ છે. આ માધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિઓ સર્વ વિચારો અને સર્વ વચનો પ્રત્યે મધ્યસ્થ હોય છે. આ માધ્યસ્થ્યનો અર્થ સર્વનયાવગાહિ (સર્વનયસાપેક્ષ) આત્મપરિણામ (આત્મ–અધ્યવસાય) એમ કરી શકાય. પ્રત્યેક વિચાર એ એક નય (વસ્તુને જાણવાનું સાધન) છે. વિચારો અનંતાનંત છે, માટે નયો પણ અનંતાનંત છે. બાળ જીવોના ઉપકારમાટે બુદ્ધિનિધાન શ્રી ×ગણધરભગવંતોએ તે નયોની સાત સ્થૂલ વિભાગોમાં વહેંચણી કરી છે. પૂર્વે આ નયજ્ઞાનનો વિસ્તાર ખૂબ જ મોટો હતો; તેને ધારણ કરનારા

---

*કેવલી = સર્વજ્ઞ.

×ગણધર ભગવંતો = જિનવાણીને સૂત્રિત કરે છે.

પૂર્વવિદ્ આચાર્યો હતા; આજે તે જ્ઞાન પરિમિત છે; જેટલું જ્ઞાન રહ્યું છે, તેના અવગાહનથી જેઓ શ્રી જિન શાસનનાં રહસ્યોને પામ્યા છે, એવા પુરુષો અત્યંત અલ્પ સંખ્યામાં છે. આ માધ્યસ્થ્યના એક પણ બિંદુના આસ્વાદથી જીવન ધન્ય બની જાય છે, આ મહામાધ્યસ્થ્ય અનેકાંતજ્ઞ એવા ગુરુની નિશ્રામાં સિદ્ધ થઇ શકે તેમ છે.

'અનેકાંતવાદ શું છે ? નયો શું છે ? ભંગો શું છે ?', વગેરેને સમજાવવાનું આ સ્થાન નથી. જિજ્ઞાસુએ તે માટે યોગ્ય ગુરૂનું અવલંબન લેવું જોઈએ. પ્રસ્તુતમાં તો તે માધ્યસ્થ્યનું જ થોડું વર્ણન કરીશું.

આ મહામાધ્યસ્થ્ય વિના વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપનો નિશ્ચય સંભવતો જ નથી. આ મહામધ્યસ્થ્ય ઉત્સર્ગ* અને અપવાદ, નિશ્ચય અને વ્યવહાર, વિધિ અને નિષેધ, જ્ઞાન અને ક્રિયા, વગેરે સર્વ જોડકાંઓમાં સાપેક્ષતાને ધારણ કરે છે. તે આગમિક પદાર્થોનો આજ્ઞાના +આધારે અને યુક્તિગમ્ય પદાર્થોનો ÷યુક્તિથી નિર્ણય કરે છે. તે અન્ય દર્શનના સર્વ પદાર્થોનો સ્વદર્શનમાં સમવતાર કરી શકે છે. જેમ 'પરાર્ધ' સંખ્યામાં 'શત' સંખ્યા આવી જ જાય છે, તેમ જૈન આગમોક્ત પદાર્થોમાં અન્ય આગમોક્ત પદાર્થો સમાઈ જ જાય છે.

---

*ઉત્સર્ગ= નિયમો= ધાર્મિક કાનૂનો

+ આજ્ઞા = જિનવચન.

÷ યુક્તિ = તર્ક.

બૌદ્ધદર્શનોક્ત સર્વ પદાર્થોને ન્યાય આપવા માટે શ્રી જૈનાગમનો એકલો ઋજુસૂત્રનય બસ છે; સંગ્રહનય-રૂપ મહાનદીમાં વેદાંતમત અને સાંખ્યમતરૂપ નાની નદીઓ સમાઇ જાય છે, ન્યાયદર્શન અને વૈશેષિકદર્શનને નૈગમ નય સંગ્રહી લે છે અને શબ્દબ્રહ્મને માનનારી વૈયાકરણ દૃષ્ટિ શબ્દનયનું જ એક અંગ છે.

આ મહામાધ્યસ્થ્યને ધારણ કરનારા મહામુનિને મહાન્યાયાધીશ કે મહાપિતાની ઉપમા આપી શકાય. જેમ ન્યાયાધીશ કોઇનો પણ પક્ષપાત કર્યા વિના ન્યાયપૂર્વક વર્તે છે, તેમ આ મહાન્યાયાધીશ ભિન્ન ભિન્ન નયરૂપ વાદી પ્રતિવાદીઓ તરફ પક્ષપાતરહિત, સર્વને હિતકર અને સ્યાદ્વાદરૂપ અમૃતથી આર્દ્ર એવી ન્યાયદૃષ્ટિને ધારણ કરે છે. જેમ પિતા પોતાના સર્વ પુત્રોને પ્રેમદૃષ્ટિથી નિહાળે છે, તેમ જ આ મહાપિતા સર્વ નયો પ્રત્યે વાત્સલ્યને ધારણ કરે છે. તે પોતાના નયપુત્રોને કહે છે, "તમે*બધા પોતપોતાના અર્થમાં સત્ય છો, 'હું જ સાચો, તમે બધા ખોટા', એમ તમે તમારા બીજા ભાઇઓને ન

---

*नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने ।
समशीलं मनो यस्य स मध्यस्थो महामुनिः ॥

[જ્ઞાનસાર અષ્ટક, ૧૬. ૩.]

પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયની યુક્તિની અપેક્ષાએ નિષ્ફળ એવા નયોમાં જેનું મન સમભાવને ધારણ કરે છે, તે મહામુનિ મધ્યસ્થ છે. [૮૨મા પાના પર જુઓ.]

કહો. તેમ કહેવામાં તમારી સત્યતાનો જ નાશ થાય છે."
આ મહાપિતા ખરેખર મહાન છે. તેની સામે એકાંતવાદની +પ્રરૂપણારૂપ કાંકરીઓ ફેંકનારા કુશાસ્ત્રપ્રણેતાઓ પ્રત્યે પણ તે નિઃસીમ કારુણ્યને ધારણ કરે છે. તેની મહામાધ્યસ્થ્યમયી દૃષ્ટિ તે કાંકરાઓને અલંકારોમાં ફેરવી નાખે છે. (અર્થાત્ મહામધ્યસ્થમાટે કુશાસ્ત્રો પણ સુશાસ્ત્રો બની જાય છેઃ સમ્યગ્-દર્શનરૂપ કતકચૂર્ણ કુશાસ્ત્રજલમાં રહેલા મલોને દૂર કરી તેને નિર્મલ બનાવે છે.)

તે મહામધ્યસ્થનો પ્રત્યેક વિચાર અનેકાંતભાવના (સર્વત્ર અનેકાંતનું ચિંતન) રૂપ મહાઅમૃતથી અતિપવિત્ર બનેલો હોય છે. કયા પ્રસંગે કઇ દૃષ્ટિને (કયા નયને) આગળ કરવામાં સ્વ અને પરનું હિત છે, એનું તેને સતત લક્ષ્ય હોય છે. તેનાં વચનો હૃદયમાં રહેલા મહામાધ્યસ્થ્યના કારણે સાગર કરતાં પણ ગંભીર અને ચંદ્રમા કરતાં પણ સૌમ્ય લાગે છે. વિશ્વમાં રહેલા સર્વ કલહોનું સમાધાન તેના અંતઃકરણમાં

[૮૧ મા પાના પરથી]

"नियनियवयणिज्जसच्चा सव्वणया परवियालणे मोहा ।
ते पुण अदिट्ठसमयो विभयइ सच्चे व अलिए वा ॥"

[સંમતિતર્ક, કાં. ૧. ગા. ૨૮.]

સર્વ નયો પોતપોતાના વક્તવ્યમાં સાચા છે; પણ બીજા નયના વક્તવ્યનું નિરાકરણ કરવામાં ખોટા છે. અનેકાન્ત સિદ્ધાન્તનો જ્ઞાતા તે નયોનો 'આ સાચા છે અને આ ખોટાછે,' એવો વિભાગ કરતો નથી.

+ એકાંતવાદ=કોઈ એક નયનો જ આગ્રહ.

રહેલું હોય છે. આ મહામધ્યસ્થની પાસે જતાંજ ચિત્તની સર્વ અશાંતિ શમી જાય છે, મન એક અવર્ણનીય તોષને અનુભવે છે અને સર્વ આંતરિક પ્રશ્નોનું તરત નિરાકરણ થઈ જાય છે.

વસ્તુઓમાં પ્રિયત્વ અને અપ્રિયત્વની વ્યાવહારિક કલ્પનાને તે મહામધ્યસ્થ દેશવટો આપે છે. "*મનોજ્ઞ કે અમનોજ્ઞ જીવાજીવાદિ વસ્તુઓ પરમાર્થથી રાગ કે દ્વેષની ઉત્પાદક નથી, કિન્તુ મોહનીય કર્મનો ઉદય જ તેનો ઉત્પાદક છે. અપરાધ વસ્તુઓનો નથી કિન્તુ મોહનીય કર્મનો છે, કારણકે વસ્તુઓ તો પોતપોતાના સ્વભાવમાં વ્યવસ્થિત છે. એક જ વસ્તુ તરફ આત્માને એક વખત રાગ થાય છે, જ્યારે બીજી વખત તે જ વસ્તુ પ્રત્યે દ્વેષ થાય છે. એક વ્યક્તિને અમુક વસ્તુ અમુક અપેક્ષાએ રાગનું કારણ થાય છે, જ્યારે બીજી વ્યક્તિને તેજ વસ્તુ અન્ય અપેક્ષાએ દ્વેષનું નિમિત્ત બને છે. આવી રીતે પ્રિયત્વ કે અપ્રિયત્વ અપારમાર્થિક

---

* 'ષોડશક' ૧૩, શ્લો. ૧૦ ની ટીકામાં 'तत्त्वसारा उपेक्षा'નું વર્ણન કરતાં આચાર્યશ્રી યશોભદ્રસૂરિ મહારાજ લખે છે કે:—

तत्त्वं परमार्थः, तद्भावः, तत्त्वमिति वस्तुस्वभावो वा, तत्सारा। मनोज्ञाऽमनोज्ञानां वस्तूनां जीवाजीवात्मकानां परमार्थतो रागद्वेषानुत्पादकत्वेन स्वापराधमेव मोहादिकर्मविकारसमुत्थं भावयतः तेषां स्वरूपवृत्तिव्यवस्थितानां अपराधमपश्यतः सुखदुःखादिहेतुत्वानाश्रयणान् माध्यस्थ्यमवलंबमानस्य तत्त्वसारोपेक्षा निर्वेदाभावेऽपि भवतीति ।

છે," વગેરે નિશ્ચયનયાભિપ્રેત ભાવનાથી તે મહામધ્યસ્થ સર્વદા સમ રહે છે. આવું સમત્વ જ જ્ઞાનયોગ છે.

તે મહામધ્યસ્થને પોતાનાં સર્વ કાર્યોની સિદ્ધિ કે અસિદ્ધિ પોતાના આત્મામાંજ દેખાય છે. "મારી સિદ્ધિનો હેતુ મારા આત્મામાં રહેલી શુદ્ધિ છે અને અસિદ્ધિનો હેતુ મારા આત્મામાં રહેલી અશુદ્ધિ છે. મારો આત્માજ મારા ઇષ્ટ કે અનિષ્ટનો હેતુ છે. આપત્તિમાં મારે મારી આત્મ-શુદ્ધિ સાધના દ્વારા વધારવી જોઇએ, એ શુદ્ધિજ મારી આપત્તિ નિવારી શકે તેમ છે," વગેરે નૈશ્ચિયિક ભાવનાઓ તેના ચિત્તમાં અતિ દૃઢ થયેલી હોય છે, બાહ્ય વસ્તુઓ તરફ લઈ જનારા વિકલ્પોને તેના મનમાં સ્થાન જ હોતું નથી.*લોકોથી મળતાં નમન, વંદન, સ્તુતિ, પ્રશંસા, નિંદા, વગેરે રૂપ તીવ્ર બાણો માધ્યસ્થ્યભાવનારૂપ મહાકવચને ધારણ કરનાર તે મહામધ્યસ્થ મુનિના મર્મને વીંધી શકતા નથી. જેના હૃદયમાં માધ્યસ્થ્ય નથી તેવા મુનિના ચારિત્રદેહને આ બાણો છિન્નભિન્ન કરી નાખે છે.

મધ્ય એટલે આત્મા. જેમ વર્તુળને મધ્યબિંદુ હોય

---

*वंदिज्जमाणा न समुक्कसंति, हेलिज्जमाणा न समुज्जलंति।
दंतेण चित्तेण चरंति धीरा, मुणी समुग्घाइयरागदोसा ॥

[આવશ્યક નિર્યુક્તિ]

કોઇ વંદન કરે તો તે મહામુનિઓ પોતાનો ઉત્કર્ષ માનતા નથી અને કોઈ નિન્દા કરે તો તેઓ ગુસ્સે થતા નથી; પરંતુ વશ કરેલા મનવડે રાગદ્વેષનો નાશ કરનારા ધીર મુનિઓ સદા સંયમમાં રમે છે.

છે, તેમ સર્વ પ્રવૃત્તિચક્રોનું કેંદ્ર આત્મા છે. મધ્ય એવા આત્મામાં રહે તે મધ્યસ્થ. તાત્પર્ય એ છે કે તે મહા-મધ્યસ્થ સર્વદા સ્વરૂપમાં જ રમે છે. કર્તૃત્વ, ભોક્તૃત્વ, વગેરે ભાવોને ગૌણ કરીને આ મહામધ્યસ્થ પૌદ્ગલિક ભાવોનો સાક્ષિમાત્ર રહે છે. દ્રષ્ટા બનેલો તે કર્મોથી લેપાતો નથી.

તે મહામધ્યસ્થનું માધ્યસ્થ્ય એટલું બધું ઉચ્ચ બની ગયું હોય છે કે તેને સ્વદર્શન પ્રત્યે રાગ અને પરદર્શન પ્રત્યે દ્વેષ પણ હોતો નથી. તે કેવળ સત્યનું જ આશ્રયણ કરે છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કેઃ—

"न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्मः ॥

[અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા]

હે વીર! અમને કેવળ શ્રદ્ધાથી આપના ઉપર પક્ષપાત નથી, તેમ કેવળ દ્વેષથી અન્ય ઉપર અરુચિ નથી, પણ યથાર્થ આપ્તપણાની પરીક્ષાથી અમે સમર્થ એવા આપનું જ શરણ સ્વીકાર્યું છે.

પરમમધ્યસ્થ શ્રી વીતરાગભગવંત સિવાય અન્ય દેવતાઓને માનનારા જીવો પ્રત્યે પણ ચારિસંજીવનીચાર* ન્યાયથી તે મહામધ્યસ્થ પરમ હિતકારી એવી મધ્યસ્થ

*આ ન્યાયનું સ્વરૂપ ઉપા. શ્રી યશોવિજયજી કૃત 'દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા' વગેરે ગ્રંથોથી જાણી લેવું.

દૃષ્ટિને ધારણ કરે છે. અન્ય દેવતાઓની પૂજામાં પણ તે શ્રી વીતરાગ ભગવંતની પૂજાની યોગ્યતાને જુએ છે. તેને સર્વ સદાચારો, કુલધર્મો, સારાં રીતરિવાજો, વગેરે જીવોને શ્રી વીતરાગભગવંત પ્રણીતધર્મ પ્રત્યે લઈજનારાં દેખાય છે.

તે મહામધ્યસ્થ અનુષ્ઠાનનાં ફળો પ્રત્યે પણ મધ્યસ્થ હોય છે. તે *નિષ્કામભાવે સદનુષ્ઠાનની સાધના કરે છે. તેના સર્વ અનુષ્ઠાનોમાં કર્મક્ષય કે આજ્ઞાપાલનનું ધ્યેય હોય છે. પરદર્શનોક્ત ઈશ્વરાર્પણ જૈનદર્શનમાં આ રીતે ઘટાવી શકાયઃ કર્મક્ષયને ઉદ્દેશીને થતું અનુષ્ઠાન શ્રીસિદ્ધભગવંતરૂપ ઇશ્વરને અર્પણ થાય છે અને આજ્ઞાપાલન નિમિત્તે કરાયેલું અનુષ્ઠાન શ્રીઅરિહંત ભગવંતરૂપ પરમેશ્વરને અર્પણ થાય છે. ઈશ્વરાર્પણ એટલે નિષ્કામભાવ. પ્રત્યેક અનુષ્ઠાનમાં તે મહામધ્યસ્થનાં ચિત્તરત્નમાં પરમ મધ્યસ્થ શ્રીતીર્થંકર ભગવંતનું અધિષ્ઠાન (સ્મરણાદિરૂપ) હોય છે અને તેથી તેને સર્વત્ર માધ્યસ્થ્યની સિદ્ધિ થાય છે.

વિચાર કરતાં જણાય છે કે શ્રી જિનપ્રવચન એ માધ્યસ્થ્યરસથી છલોછલ ભરેલું છે, કારણ કે તે પરમ મધ્યસ્થ એવા શ્રી જિનેશ્વર દેવોનું સર્જન છે. શ્રી જિનપ્રવચનનું પ્રત્યેક અંગ સાધકને આ મહામાધ્યસ્થ્ય તરફ લઇ જવા માટે જાણે મથી રહ્યું ન હોય !

જેમ નયો વગેરેનું ચિંતન માધ્યસ્થ્યનું કારણ છે,

---

* નિષ્કામભાવે=ફળની આશંસા વિના. કાર્યના ફળની આશંસા એ જ સંસારવૃદ્ધિનું મૂળ કારણ છે.

તેમ કર્મસાહિત્ય પણ મહામાધ્યસ્થ્ય તરફ પ્રયાણ કરવા માટે ઉત્કૃષ્ટ સાધન છે. શ્રી શાસ્ત્રકાર મહર્ષિઓ કર્મવિપાકનાં ચિંતન પર ખૂબ જ ભાર આપે છે. જૈન સિદ્ધાન્ત મુજબ કર્મ એ વેદાન્તાદિઅભિમત માયાની જેમ કાલ્પનિક (અસત્) કે અનિર્વચનીય વસ્તુ નથી, કિન્તુ પરમાર્થસત્ છે. જીવના શુદ્ધ સ્વરુપને તે કેવી રીતે આવરે છે, વગેરેનું વર્ણન 'કર્મપ્રકૃતિ' પ્રમુખ ગ્રંથોથી જાણી લેવું જોઈએ. 'જૈન સાહિત્યના કર્મસાહિત્યની જોડ જગતમાં નથી', વગેરે કહેવા માત્રથી તે સાહિત્યનું મૂલ્ય યથાર્થ સમજાતું નથી, કિન્તુ જ્યારે તેનાં ચિંતનથી ઉત્પન્ન થતા મહામાધ્યસ્થને જીવનમાં અનુભવાય છે, ત્યારે જ તેની અમૂલ્યતા સમજાય છે.

કર્મવિપાકચિંતનથી જીવ મધ્યસ્થ* બને છે. પોતપોતાના બોધ મુજબ જીવને નવું નવું ચિંતન પ્રાપ્ત થાય છે. સામાન્યતઃ આ રીતે ચિંતન કરી શકાયઃ—

કોઇ પણ વ્યક્તિ સામે આવતાં જ પ્રથમ તેનું રૂપ આપણી દ્રષ્ટિએ પડે છે. તે રૂપનું મૂળ કારણ કર્મના

---

*स्वस्वकर्मकृतावेशाः स्वस्वकर्मभुजो नराः ।
न रागं नापि च द्वेषं मध्यस्थस्तेषु गच्छति ॥

[જ્ઞાનસાર અષ્ટક ૧૬.૪.]

મનુષ્યો પોતપોતાના કર્મને પરવશ અને પોતપોતાના કર્મના ફળને ભોગવનારા છે, તે મનુષ્યો વિષે મધ્યસ્થ પુરુષ રાગ-દ્વેષને પ્રાપ્ત થતો નથી.

અણુઓ છે. રૂપ જોતાંજ વિચારવું જોઈએ કે, "અહો! અતિસૂક્ષ્મ એવા કર્મના અણુઓએ કેવું વિચિત્ર ઔદારિક રૂપ નિર્માણ કર્યું છે. ક્યાં રૂપાતીત એવો જીવ અને ક્યાં આ સામે દેખાય છે તે વિચિત્ર પ્રકારની આંખો, નાક, દાઢી, મૂછ, હાથ, પગ, વગેરે અનેક ચિત્રવિચિત્ર અવયવોથી યુક્ત આ 'માણસ' વગેરે નામથી ઓળખાતી આકૃતિ ! કર્મે એને કેવી વિચિત્ર ચાલ આપી છે! કેવી કેવી વિચિત્ર પ્રવૃત્તિઓ તે આદરી રહ્યો છે! કોઈ પોતાનું મોઢું અરીસામાં જોઇ જોઇને રાજી થાય છે, તો કોઇ પોતાનું કુરૂપ મુખ લોકોથી છુપાવે છે! કોઈના દેહ પર સારાં સારાં આભૂષણો અને વસ્ત્રો છે, તો કોઇના દેહ પર અતિ જીર્ણ અને મલિન એવું એકાદ વસ્ત્ર પણ પૂરૂં નથી!"

'સર્વત્ર વૈચિત્ર્યને જોતા તે મહામધ્યસ્થના અંતરમાં એક અદ્ભુત અલૌકિક એવા હાસ્ય રસનો અનુભવ થાય છે. અનંત દર્શન, અનંત જ્ઞાન અને અનંત ચારિત્રના મહાસ્વામિને ક્યારેક રાસભના રૂપમાં, તો ક્યારેક ઊંટના રૂપમાં, ક્યારેક કીડીના રૂપમાં તો ક્યારેક હાથીના રૂપમાં, અને ક્યારેક ચાંડાલના રૂપમાં, તો ક્યારેક બ્રાહ્મણના રૂપમાં જોઈને તેને આધ્યાત્મિક વિસ્મય થાય છે. આ બધા વૈચિત્ર્યમાં તે મહામધ્યસ્થને પાછું સામ્ય પણ દેખાય છે. સર્વ ચિત્રવિચિત્ર આકૃતિઓમાં જીવસ્વરૂપને નિહાળી નિહાળીને તે અપૂર્વ એવા આનંદને અનુભવે છે. સર્વ પૌદ્ગલિક આકૃતિઓમાં પરમાણુપુંજરૂપ સામ્યને જોનાર

તેના રાગ–દ્વેષ ઓગળી જાય છે. પુણ્ય અને પાપની મહાલીલાને બતાવતા આ વિશ્વરૂપ મહાનાટકનો તે મહાપ્રેક્ષક બને છે. (અહિં સર્વ વિષયક માધ્યસ્થ્યનું વર્ણન પૂરું થાય છે.)

*અનિત્યત્વાદિ બાર ભાવનાઓ, જીવાદિ નવ તત્ત્વો, સર્વ યમો, સર્વ નિયમો, સર્વ ક્રિયાઓ, સર્વ આગમો વગેરેનું લક્ષ્ય જીવને મધ્યસ્થ બનાવવાનું છે.

શ્રી વીતરાગ ભગવંતની મૂર્તિ પણ માધ્યસ્થ્યની દ્યોતક છે. મૂર્તિની ચક્ષુના મધ્યમાં રહેલી સ્થિર કીકી શું મધ્યસ્થ નથી ? પદ્માસન કે કાયોત્સર્ગ મુદ્રા પણ માધ્યસ્થ્યની જ સૂચક છે. ઉત્સંગમાં રામા નથી અર્થાત્ હૃદયમાં રાગ નથી, અને હાથમાં શસ્ત્ર નથી અર્થાત્ હૃદયમાં દ્વેષ નથી. રાગ અને દ્વેષનો અભાવ એ જ માધ્યસ્થ્ય.

ચતુર્દશ પૂર્વનો સાર શ્રી નવકાર મંત્ર પણ માધ્યસ્થ્યમય છે, કારણ કે તેમાં પરમમધ્યસ્થ એવા પરમેષ્ઠિઓને નમસ્કાર છે. આપણે પરમેષ્ઠિઓનું સ્મરણ વગેરે કરીએ છીએ કારણ કે તેઓ પૂજ્ય છે. પૂજ્યતા માધ્યસ્થ્યવિના આવતી નથી. તાત્પર્ય એ છે કે પરમેષ્ઠિઓને પૂજ્યપદે સ્થાપન કરનારી માધ્યસ્થ્યભાવના છે. આ રીતે માધ્યસ્થ્યભાવના શ્રી નવકારનો સાર બને છે, અને પરંપરાએ ચતુર્દશ પૂર્વનો પણ સાર બને છે.

---

*અનિત્યત્વ, અશરણત્વ, વગેરે ભાવનાઓનું 'શાંત સુધારસ' નામક કાવ્યમાં સુંદર વર્ણન છે.

અહિંસા એ માધ્યસ્થ્યનો જ એક પ્રકાર છે. હિંસા રૂપી પાપ સ્વાર્થ, વૈર, વગેરેનાં કારણે થાય છે. માંસભક્ષણ વગેરેમાં થતી હિંસાનું કારણ સ્વાર્થ છે; તે રાગરૂપ છે. વૈરનાં કારણે થતાં ખૂન વગેરે દ્વેષ રૂપ છે. આવી રીતે હિંસા રાગ અથવા દ્વેષથી થાય છે; જ્યારે અહિંસામાં રાગ પણ નથી અને દ્વેષ પણ નથી, તેથી તે માધ્યસ્થ્યનોજ એક પ્રકાર છે. અસત્ય વચનની પાછળ પણ સ્વાર્થ, ભય, વગેરે અનેક કારણો હોય છે, તે બધાનો સમાવેશ રાગ અને દ્વેષમાં થઈ જાય છે. રાગ કે દ્વેષ હોય ત્યારેજ અસત્ય વચન બોલાય છે, સત્ય વચન વખતે તે બંનેનો અભાવ હોવાથી સત્ય પણ માધ્યસ્થ્યનું જ એક અંગ છે. આવી રીતે સર્વ વ્રતોમાં, સર્વ નિયમોમાં યોગના સર્વ અંગોમાં, યોગની સર્વ દૃષ્ટિઓમાં, સર્વ આગમોમાં અને સર્વ અનુષ્ઠાનોમાં સર્વત્ર માધ્યસ્થ્યને જોતાં શીખવું જોઇએ, માધ્યસ્થ્યભાવના તેથી અધિક અધિક દૃઢ બનતી જાય છે.

માધ્યસ્થ્યવિના શ્રેષ્ઠ પ્રકારનું જીવન સંભવતું જ નથી. જાણતાં કે અજાણતાં લગભગ બધા માણસો અનેક પ્રસંગોમાં માધ્યસ્થ્યનું અવલંબન લે જ છે. જ્યારે આપણા સ્વાસ્થ્યને બાધ ન કરે તેવો આહાર (જરૂરીઆત કરતાં અધિક પણ નહિ અને ન્યૂન પણ નહિ) આપણે લઇએ છીએ, ત્યારે શું એ મધ્યસ્થતા નથી ? માનસિક, વાચિક કે કાયિક બળોનું જ્યાં જ્યાં યથાર્થરીતે-સમત્વપૂર્વક નિયોજન છે, ત્યાં ત્યાં માધ્યસ્થ્ય છે, એમ સમજી લેવું જોઇએ.

'કમ ખાવ, ગમ ખાવ,' વગેરે શબ્દપ્રયોગો વ્યવહારમાં ઘણી વાર જોવામાં આવે છે. 'કમ ખાવ' એ આહારવિષયક માધ્યસ્થ્ય છે. અહીં ઉપલક્ષણથી સર્વ વિષયોના ઉપભોગમાં માધ્યસ્થ્ય લઇ શકાય. 'ગમ ખાવ' એ કષાયવિષયક માધ્યસ્થ્યને સૂચવે છે.

જ્યાં જ્યાં માધ્યસ્થ્યનો ભંગ થાય છે, ત્યાં ત્યાં રોગ, શોક, ક્લેશ, ભય, વગેરે અનેક અનિષ્ટો આવીને ઊભાં રહે છે. જે આહારમાં મધ્યસ્થ નથી, અર્થાત્ જરૂરીઆત કરતાં અધિક અને ગૃદ્ધિપૂર્વક આહાર લે છે, તે અનેક રોગોનો શિકાર બને છે. જ્યારે શક્તિ કરતાં અધિક બોલાય છે, ત્યારે કંઠ વગેરેના રોગો થાય છે. 'આ જગતમાં જે કાંઈ દુઃખો છે તે બધાં માધ્યસ્થ્યને ન જાળવવાથી ઉત્પન્ન થાય છે,' વગેરે વિચારીને વિવેકી પુરુષો સદા મધ્યસ્થ બને છે.

માધ્યસ્થ્ય ભાવનાથી આપણા અને આપણા સંસર્ગમાં આવનારા જીવોના શારીરિક, વાચિક અને માનસિક ક્લેશો નાશ પામે છે. આર્ત અને રૌદ્ર ધ્યાનથી બચવા માટે માધ્યસ્થ્યભાવના એ પ્રબળ સાધન છે. તે આપણને ધર્મધ્યાનમાં આગળ વધારે છે. માધ્યસ્થ્યભાવનાના અભ્યાસથી આપણા વિચારો, વચનો અને કાયિક પ્રવૃત્તિઓ ન્યાયમાર્ગને ઉચિત બને છેઃ કોઇ પણ પ્રસંગને ઉચિત ન્યાય આપવા માટે આપણે સમર્થ બનીએ છીએ. અહંત્વ, મમત્વ, વગેરે સર્વ દુષ્ટભાવોને માધ્યસ્થ્ય આપણાથી દૂર

રાખે છે. રાગ અને દ્વેષ મધ્યસ્થથી ડરે છે. સુખ, દુઃખ, વગેરે મધ્યસ્થને હેરાન કરી શકતા નથી. માધ્યસ્થ્ય ભાવનાથી પાપનો ક્ષય થાય છે અને સત્વ, શીલ તથા પ્રજ્ઞામાં વૃદ્ધિ થાય છે. મધ્યસ્થ સર્વને પ્રિય અને પૂજ્ય બને છે. માધ્યસ્થ્ય ભાવના એ કર્મનિર્જરા માટેનું અમોઘ શસ્ત્ર છે. જિનપ્રવચન માધ્યસ્થ્યમય (અનેકાંતમય) હોવાથી, જેમ જેમ આપણે માધ્યસ્થ્યભાવનામાં આગળ વધીએ છીએ, તેમ તેમ તે પ્રવચનનાં રહસ્યો આપણા માટે ખુલ્લાં થાય જાય છે. મધ્યસ્થને વિષયજય, સમ્યક્ત્વ, ક્ષાંતિ, માર્દવ, આર્જવ, સંતોષ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપજુગુપ્સા, નિર્મલબોધ, જનપ્રિયત્વ, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકય, મૈત્રી, પ્રમોદ, કરુણા, વગેરે સર્વ ગુણો સ્વયમેવ વરે છે.

જિનપૂજા વગેરે દ્રવ્યસ્તવમાં થતી હિંસાને પણ અપેક્ષાએ અહિંસા કહેનાર અને મહાનિહ્નવોની ×અહિંસાને પણ અપેક્ષાએ હિંસા તરીકે ઓળખાવનાર મહામધ્યસ્થ એવું જિનપ્રવચન અતિ ગંભીર છે. અતિગહન એવા જિનપ્રવચનમાં પણ માધ્યસ્થ્યનો (અનેકાંતવાદ વગેરેનો) વિષય અતિ ગૂઢ છે. સર્વભવ્ય જીવો જિનવચનોમાં રહેલા ગૂઢતમ માધ્યસ્થ્યને પામીને પરમમધ્યસ્થ (અરિહંત, સિદ્ધ, વગેરે) બનો, એ જ શુભેચ્છા.

× જિનોક્ત તત્ત્વોનો અપલાપ કરનાર.

अदृष्टवैचित्र्यवशाज् जगज्जने, विचित्रकर्माशय वाग्विसंस्थुले ।
उदासवृत्तिस्थितचित्तवृत्तयः सुखं श्रयंते यतयः क्षतार्त्तयः ॥

[અધ્યાત્મ કલ્પદ્રુમ ૧.૭.]

ચિત્રવિચિત્ર પ્રકારના અદષ્ટ (કર્મ) ને પરાધીન હોવાથી વિચિત્ર પ્રકારના મન, વચન અને કાયાના વ્યાપારોવડે પોતાને અસ્વસ્થ બનાવનારા જગતના જીવોમાં માધ્યસ્થ્યભાવમાં સ્થિર છે ચિત્ત જેમનું અને (તે કારણે) માનસિક પીડાથી રહિત એવા મુનિઓ જ સુખી છે.

क्रूरकर्मसु निःशंकं देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम् ॥

[યોગશાસ્ત્ર, પ્રકાશ ૪. ૧૨૧.]

હિંસાદિક્રૂર કર્મોમાં હાર્દિક કંપ વિનાના, દેવ, ગુરુ અને ધર્મની નિંદા કરનારા અને પોતાની પ્રશંસા કરનારા એવા જીવોના તે તે દોષોની ઉપેક્ષાને મહાપુરુષોએ માધ્યસ્થ્ય કહ્યું છે.

માધ્યસ્થ્ય ભાવના

(સંક્ષિપ્ત)

૧. વિષય:

(અ). અતિપાપી જીવો [આત્મપ્રશંસક, અપ્રજ્ઞાપ્ય, અવિનીત, હિંસાદિ ક્રૂરકર્મ આચરનાર, ઉન્માર્ગગામી, અહિતસમાચરણ કરનાર, ધર્મદ્વેષી, અપમાન કરનાર, વગેરે.]

(બ). ઇષ્ટ કે અનિષ્ટ વસ્તુઓ.

૨. ઉપર્યુક્ત વિષયના સંઘર્ષમાં આવતું ઉપાદાન કારણ (અશુભવૃત્તિઓ):

(અ). પાપી તરફ દ્વેષ, ક્રોધ, તિરસ્કાર, દુષ્ટને સજા કરવાની વૃત્તિ, વગેરે.

(બ). ઇષ્ટ પ્રત્યે રાગ, અનિષ્ટ પ્રત્યે દ્વેષ, અનુકૂળતા ગમવી, પ્રતિકૂળતા ન ગમવી, વગેરે.

૩. અશુભવૃત્તિઓનો આકાર:

(અ). 'દુષ્ટને સજા થવી જ જોઇએ', વગેરે.

(બ). 'મને ઇષ્ટ મળો , અનિષ્ટ ન આવો', વગેરે.

૪. ઉપર્યુક્ત વિષય અને અશુભ વૃત્તિઓના સંઘર્ષથી ઉત્પન્ન થતા ચિત્ત મળો:

(અ). ક્રોધ, દ્વેષ, અમર્ષ, વગેરે.

(બ). ઇષ્ટના સંયોગમાં તથા અનિષ્ટના વિયોગમાં રાગ, ઇષ્ટના વિયોગમાં તથા અનિષ્ટના સંયોગમાં દ્વેષ, આર્તધ્યાન, રૌદ્રધ્યાન, વગેરે.

૫. તે ચિત્તમળોથી થતા અનર્થો:

(અ). પાપીઓનો પોતાના પર દ્વેષ, પાપીઓ તરફથી થતા પ્રત્યાઘાતો, તેમને સુધારી શકાતાં નથી, વગેરે.

(બ). ઇષ્ટને મેળવવા માટે અને અનિષ્ટને ટાળવા માટે કાયિક અને વાચિક અશુભ યોગો, વિભાવોમાં રમણુતા, વગેરે.

૬. ચિત્તમલનાશક અને ચિત્તસુખવર્ધક ઉપાયો:

(અ). 'પાપીઓ પાપથી વિરમો', એવી ભાવના; પાપીઓ પ્રત્યે ક્રોધ, દ્વેષ, વગેરે ન કરવાં; 'તેઓ ભવિષ્યમાં સુધરે', એવી ભાવના; મૌન; વગેરે.

(બ). આત્મસ્વરૂપ અને પરસ્વરૂપના ભેદનું ચિંતન, અરાગદ્વેષવૃત્તિતાનો અભ્યાસ, અનેકાંતવાદનો અભ્યાસ, વગેરે.

૭. ઉપાયોનો સંગ્રાહક શબ્દ: માધ્યસ્થ્યભાવના.

૮. પર્યાયો:

માધ્યસ્થ્ય, ઔદાસિન્ય, ઉપેક્ષા, અરાગદ્વેષવૃત્તિ, વગેરે.

૯. ટૂંકી વ્યાખ્યાઓ:

(અ). **पापिषु उपेक्षा।** (બ). **सर्वत्र अरागद्वेषवृत्तिः।**

૧૦. પ્રકારો:

અતિપાપી વિષયક, અહિત૦, અકાલ૦, અપમાન૦, સાંસારિકસુખ૦, દુ:ખ૦, ગુણુ૦, મોક્ષ૦ અને સર્વવિષયક.

૧૧. દૃષ્ટાંતો:

શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી વીર ભગવાન, ધન્ના, શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર, ગુણુસાગર, ગજસુકુમાલ, ખંધકમુનિ, ખંધકમુનિના ૫૦૦ શિષ્યો, વગેરે.

૧૨. ફળો:

(અ). પાપીઓ તરફથી પ્રત્યઘાતો થતા નથી, તેમને સુધારી શકાય છે, ગાંભીર્ય, સમત્વ, પૂજ્યતા, ક્રોધ-દ્વેષ-તિરસ્કારાદિનું શમન, આત્મશાંતિ, વગેરે.

(બ). સંક્લેશનાશ, આર્તરૌદ્રધ્યાનનાશ, ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પ્રાપ્તિ, ન્યાય્ય પ્રવૃત્તિ, અહંત્વ-મમત્વનાશ, વીત

રાગતા, કર્મનિર્જરા, સ્વસ્વરૂપમાં રમણુતા, સર્વગુણુસંપન્નતા, સત્ત્વ—શીલ—પ્રજ્ઞામાં વૃદ્ધિ, જિનપ્રવચનરહસ્યજ્ઞાન, વગેરે.

૧૩. વિશેષ મુદ્દાઓ :

- જે દોષોનું દૂરીકરણુ અસંભવિત છે, તેમની ઉપેક્ષા તે માધ્યસ્થ્ય છે.
- સર્વવિષયક માધ્યસ્થ્ય અનેકાંતજ્ઞને હોય છે.
- અનંતબલી એવા શ્રી તીર્થંકર ભગવંતો પણુ જગતને પાપથી સર્વથા મુક્ત કરી શકયા નથી, તો પછી મારૂં શું ગજું ?
- સાંસારિક સુખ બહુતર દુઃખથી અનુવિદ્ધ હોવાથી દુઃખજ છે.
- જિનપ્રવચનનું લક્ષ્ય 'જીવને સર્વત્ર મધ્યસ્થ બનાવવો' એ છે.

૧૪. સર્વવિષયકમાધ્યસ્થ્યના મુદ્દાઓ :

- અનેકાંતવાદ અને નયવાદનું જ્ઞાન.
- વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણુય.
- સર્વ જોડકાંઓ (ઉત્સર્ગ-અપવાદ, જ્ઞાન-ક્રિયા, નિશ્ચય-વ્યવહાર વિધિ–નિષેધ, વગેરે) પ્રત્યે સાપેક્ષતા.
- આગમિક પદાર્થોની આગમથી અને યુક્તિગમ્ય પદાર્થોનો તર્કથી નિર્ણુય.
- અન્ય સર્વ દર્શનોનો જૈન દર્શનમાં સમવતાર.
- મહાન્યાયાધીશ.
- મહાપિતા.
- અનેકાંત ભાવના.
- મહામધ્યસ્થના સમીપમાં અપૂર્વ શાંતિ.
- સર્વ પ્રશ્નોનું નિરાકરણુ.
- વસ્તુઓમાં પ્રિયત્વ કે અપ્રિયત્વની કલ્પનાનો અભાવ.

- પોતાના સર્વ કાર્યોની સિદ્ધિ કે અસિદ્ધિમાં અનુક્રમે આત્મ-શુદ્ધિ કે અશુદ્ધિની કારણભૂતતા.
- સ્તુત્યાદિ કે નિંદાદિમાં સમત્વ.
- પૌદ્ગલિક ભાવોનો કર્તા કે ભોકતા આત્મા (નિશ્ચયથી) નથી, તે તો સાક્ષિમાત્ર છે.
- ચારિસંજીવની ચાર ન્યાયથી સર્વનું હિત.
- નિષ્કામભાવે સદનુષ્ઠાનની સાધના.
- કર્મવિપાકનું ચિંતન વગેરે.

પવિત્રતા, આનંદ અને પૂજ્યતાનાં સાધનો

मैत्रीपवित्रपात्राय, मुदितामोदशालिने ।
कृपोपेक्षाप्रतीक्षाय, तुभ्यं योगात्मने नमः ॥ १ ॥

[મૈત્રીના પવિત્ર ભાજન, મુદિતાથી પ્રાપ્ત થયેલ સદાનન્દવડે શોભતા, કરુણા અને માધ્યસ્થ્ય વડે જગત્પૂજ્ય બનેલા, યોગસ્વરૂપ એવા (હે! વીતરાગ!) તને નમસ્કાર હો!]

કલિકાલસર્વજ્ઞ યોગાદ્યનેક શાસ્ત્રપારંગમી પરમપૂજ્ય શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય વિરચિત 'શ્રી વીતરાગ સ્તોત્ર' એ એક અતિગંભીર ગ્રંથ છે, શ્રી વીતરાગ ભગવંતની એમાં સર્વશ્રેષ્ઠ સ્તુતિ છે, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વગેરેની દૃષ્ટિએ તેનું સ્થાન મહત્વનું છે. શ્રી-સ્તુતિકારભગવંતે જૈનશાસનનાં અનેક રહસ્યોને એ સ્તુતિમાં ગુપ્ત રીતે એકત્રિત કર્યાં છે. સાધક આત્મા જ્યારે આ સ્તોત્રના ચિંતનમાં એકાગ્ર બને છે ત્યારે તે રહસ્યો તેના માટે ખુલ્લાં થાય છે, આ રહસ્યોનું જ્ઞાન થતાં જ તેનો આત્મા આનંદથી નાચી ઊઠે છે, જેમ જેમ આ સ્તુતિ-સમુદ્રના ઉંડાણમાં ઉતરે છે, તેમ તેમ તેને નવાં અદ્ભૂત રહસ્ય રત્નોની પ્રાપ્તિ થાય છે અને શ્રીસ્તુતિકારભગવંતની સર્વશાસ્ત્રવિષયક પરિપૂર્ણતા પર તે સાધક મુગ્ધ બને છે.

પૂર્વોક્ત કથનના સમર્થન માટે લેખની શરુઆતમાં મૂકેલા (એ સ્તોત્રના ત્રીજા પ્રકાશના અંતમાં આવતા) શ્લોક પર વિચારણા કરીએ.

પ્રસ્તુતશ્લોકમાં 'योगात्मने' શબ્દ અતિમહત્ત્વનો છે. યોગાત્મા એટલે યોગસિદ્ધ, સિદ્ધયોગી, યોગમય, યોગ-સ્વરૂપ વગેરે. શ્રીવીતરાગ ભગવંતનું એ સર્વશ્રેષ્ઠ વિશેષણ છે, શ્રીઅરિહંતને જ યોગાત્મા કહી શકાય, કારણ કે તેમને જ યોગની સર્વ મહાન વિભૂતિઓ–પ્રાતિહાર્યાદિ વરે છે. શ્રીઅરિહંતપરમાત્માના યોગાત્મત્વને જ બતાવવા માટે આ શ્લોકની રચના છે તેને શ્રીસ્તુતિકાર ભગવંત પવિત્ર, આમોદ અને પ્રતીક્ષા એ ત્રણ શબ્દોવડે બતાવે છે. આ શબ્દો શ્રીઅરિહંતમાં રહેલા પરમ પવિત્રતા, પરમાનંદતા અને ત્રૈલોક્યપૂજ્યતા એ ત્રણ ઉચ્ચ ગુણોને ધ્વનિત કરે છે, આ ગુણોના કારણે જ તેઓ અરિહંત કે યોગાત્મા છે.

'मैत्रीपवित्रपात्राय' પદ વડે શ્રીસ્તુતીકારમહર્ષિ એક મહત્ત્વપૂર્ણ વિશ્વનિયમ બતાવવા માગે છે, તે નિયમ એ છે કે મૈત્રીભાવનાનો અભ્યાસ તે જીવને શ્રીઅરિહંતમાં રહેલી પવિત્રતાનું ભાજન બનાવી શકે છે. પવિત્રતા એટલે વૈરાદિ ચિત્તમલોના નાશ પછી પ્રગટ થતો આત્મગુણ, જેમને આ પવિત્રતાની પ્રાપ્તિ કરવી હોય તેઓને મૈત્રી ભાવનાનું ચિંતન, મનન, નિદિધ્યાસન, વ્યવહારમાં ઉપયોગ, વગેરે વડે પોતાના આત્માને ભાવિત કરવો અત્યંત આવશ્યક છે.

સર્વ જીવોને પરમમિત્રની આંખે જોનારા શ્રી અરિહંત પરમાત્માની જેમ આપણે પણ જગતના મિત્ર બનવું જોઇએ, મિત્ર જેમ પોતાના મિત્રની હિતચિંતામા સર્વદા નિરત હોય છે તેમ આપણે પણ જગતના સર્વ જીવોની હિત ચિંતા માટે આપણા આત્માને ઉદ્યત બનાવવો જોઇએ. તાત્પર્ય એ છે કે મૈત્રી ભાવના એ પવિત્રતાની પુષ્ટિ માટે અપૂર્વ રસાયણ છે.

'मुदितामोदशालिने' પદમાં પ્રમોદભાવના, પરમઆનંદ અને શોભા, એ ત્રણ અર્થને અનુક્રમે કહેનારા 'મુદિતા' 'આમોદ' અને 'શાલિ' એ શબ્દો વડે શ્રી સ્તુતિકાર ભગવંત બીજા વિશ્વનિયમને રજુ કરે છે, તે નિયમ એ છે કે યોગસ્વરૂપ એવા શ્રી અરિહંતોને જે સર્વોચ્ચ શોભા (સૌંદર્યરૂપ પ્રાતિહાર્યાદિ યોગવિભૂતિઓ) પ્રાપ્ત થાય છે તેનું કારણ તેમનો આમોદ (પરમાનંદ, પરમપ્રસન્નતા) છે અને તે પરમપ્રસન્નતા તેમને મુદિતાભાવનાની પ્રકૃષ્ટ સાધનાથી વરે છે. આપણને પણ એવી શોભા અને એવો આનંદ જોઇતો હોય તો મુદિતાભાવના વડે આપણા હ્રદયને મુદિત બનાવવું જ પડશે. બીજાના ગુણ જોઇને જે વ્યક્તિ આનંદ-પ્રહર્ષ પામે છે તેને પરમાનંદ સ્વયમેવ વરે છે. ગુણી આત્માઓના ગુણો અને ધર્મનાં શુભ આલંબનો જોઈને હ્રદયમાં અતિ આનંદ પામનારા આત્માઓ વિના બીજા કોણ શ્રીતીર્થંકરની યોગવિભૂતિઓનાં ભાજન બની શકે ?

'कृपोपेक्षाप्रतीक्षाय' આ વિશેષણ વડે શ્રીસ્તુતિકાર ભગવંત આપણને એ બતાવે છે કે યોગસ્વરૂપ એવા શ્રી–અરિહંત પરમાત્માને જગત્પૂજ્ય બનાવનારાં કરૂણા અને માધ્યસ્થ્ય છે, જેનાં હૃદયમાં કરુણાભાવના અને માધ્યસ્થ્ય–ભાવના ચરમ સીમાને પામે છે તેની પૂજામાં ત્રણે લોક તત્પર બને છે.

સારાંશ એ છે કે પવિત્રતા, આનંદ અને પૂજ્યતાનાં સાધન મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા છે. આ ચાર ભાવનાઓના નિરંતર સેવનથી આપણે આપણા જીવનને પવિત્ર, આનંદમય અને આદર્શ બનાવવું જોઈએ.

卐

અંતિમ વક્તવ્ય

આ ચાર ભાવનાઓ અત્યંત દુર્લભ છે. પૂર્વના અનેક જન્મોમાં કરેલી માર્ગાનુસારી ક્રિયાના અભ્યાસથી પુણ્યાનુબંધિપુણ્યની પ્રાપ્તિ થાય છે અને પુણ્યાનુબંધિપુણ્યથી યુક્ત એવો આત્મા મૈત્ર્યાદિ ભાવનાઓના અભ્યાસમાં આગળ વધે છે.

જેઓને જિનવચનમાં શ્રદ્ધા છે, જેઓ તેને અનુસરે છે અને જેઓ યમનિયમાદિથી સંપન્ન છે તેઓને આ ભાવનાઓ શીઘ્રતઃ આત્મસાત્ થાય છે.

રાગ, દ્વેષ, ઈર્ષ્યા, પારકા પર અપકાર કરવાની ઇચ્છા, અસૂયા, અમર્ષ (વૈર વાળવાની વૃત્તિ), વગેરે મલોથી ભરપૂર એવું ચિત્ત જ સાધનામાં મહાન્ પ્રતિબંધક છે. મૈત્ર્યાદિ ભાવનાઓના નિરંતર અભ્યાસથી આ મલો નાશ પામે છે અને સૌજન્ય, ઉદારતા, ગાંભીર્ય, હૃદયની વિશાળતા, વગેરે ધર્મમાં અતિ આવશ્યક એવા ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે.

જે મૈત્ર્યાદિભાવનાઓના અભ્યાસ વિના જ ધ્યાનાદિ સાધનાઓમાં આગળ વધવા ઈચ્છે છે તે અતિમલિન પણ દિવાલને સાફ કર્યા વગર જ તેના પર સુંદર ચિત્ર કાઢવા ઇચ્છે છે. મૈત્ર્યાદિ ભાવનાઓને હૃદયમાં ધારણ કર્યા વિના જે ધર્મ કે તેનાં ફળોને ઇચ્છે છે, લંગડો એવો

તે સુમેરૂપર્વતને શી રીતે ઓળંગી શકશે ? મૈત્ર્યાદિભાવનાઓ ધર્મરૂપ મહાસાગરની તુલનામાં નાના સરોવર જેવી છે; જેનામાં સરોવરને તરવાની શક્તિ નથી તે મહાસાગરને કેમ તરી શકશે ?

મૈત્ર્યાદિભાવનાઓ એ જ પરમ અધ્યાત્મ છે, પરમ યોગ છે અને પરમ અમૃત છે. સઘળાય શ્રી જિનપ્રવચનનું રહસ્ય પણ આ ચાર ભાવનાઓ છે.

આ ચાર ભાવનાઓ જેના મનમાં સતત રમે છે, તે પોતે પવિત્ર છે અને સમગ્ર વિશ્વ તેનાથી પવિત્ર બને છે.

આ ચાર ભાવનાઓનું મહત્ત્વ જે જે રીતે મનમાં વધે તે તે રીત ઉપાદેય છે, આ ચાર ભાવનાઓ પરમ મંગલ છે, તે પરમ મંગલને સાધકે સદૈવ ચિત્તમાં સ્થાપન કરવું જોઇએ અને પોતાના જીવનને મંગલમય બનાવવું જોઇએ.

*આ ચાર ભાવનાઓ મુનિજનને આનંદ આપવા માટે અમૃતને ઝરતી અલૌકિક ચંદ્રજ્યોત્સનાઓ છે,

---

* જ્ઞાનાર્ણવ, ૨૭ મું પ્રકરણ શ્લોકો ૧૫. ૧૬. ૧૭.

एता मुनिजनानंदसुधास्यन्दैकचन्द्रिकाः ।
ध्वस्तरागाद्युरुक्लेशा, लोकाग्रपथदीपिकाः ॥१५॥
एताभिरनिशं योगी, क्रीडन् अत्यंतनिर्भरम् ।
सुखमात्मोत्थमत्यक्षमिहैवास्कन्दति ध्रुवम् ॥१६॥
भावनास्वासु संलीनः, करोत्यध्यात्मनिश्चयम् ।
अवगम्य जगद्वृत्तं, विषयेषु न मुह्यति ॥१७॥

રાગાદિ આંતરિક ક્લેશોનો ધ્વંસ કરનારી છે અને મોક્ષ માર્ગને બતાવવા માટે દીપિકાઓ છે.

આ ચાર ભાવનાઓની સાથે અહર્નિશ યથેચ્છ રીતે રમતો યોગી અત્યંત, અતિશય અને અતીંદ્રિય એવા આત્મિક સુખને આ જ લોકમાં નિશ્ચયતઃ પામે છે.

આ ભાવનાઓમાં સંલીન એવો આત્મા જગતના સ્વરૂપને જાણીને મુગ્ધ બનતો નથી અને તેથી અધ્યાત્મ-નિશ્ચયને (સ્વરૂપ રમણતાને) પામે છે.

* આ ભાવનાઓ જ્યારે સારી રીતે અભ્યસ્ત થાય છે ત્યારે યોગનિદ્રા(ધ્યાન)માં સ્થૈર્ય આવે છે, મોહનિદ્રા દૂર થાય છે અને તત્ત્વનો વિનિશ્ચય થાય છે.

જિતેંદ્રિય અને જિતકષાય એવો યોગી જ્યારે સમગ્ર વિશ્વને અહર્નિશ આ ભાવનાઓ વડે ભાવે છે, ત્યારે પર-મૌદાસીન્યને પામેલો તે અહિં મુક્તાત્માની જેમ વિચરે છે.

---

* જ્ઞાનાર્ણવ, પ્રકરણ ૨૭, શ્લો. ૧૮. ૧૯.

योगनिद्रा स्थिति धत्ते, मोहनिद्राऽपसर्पति ।
आसु सम्यक् प्रणीतासु, स्यान्मुनेस्तत्त्वनिश्चयः ॥१८॥
आभिर्यदानिशं विश्वं, भावयत्यखिलं वशी ।
तदौदासीन्यमापन्नश्चरत्यत्रैव मुक्तवत् ॥ १९ ॥

卐

卐 卐 卐

सत्वेषु मैत्रीं गुणिषु प्रमोदम्, क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्।
माध्यस्थ्यभावं विपरीतवृत्तौ, सदा ममात्मा विदधातु देव!॥

(પરમાત્મદ્વાત્રિંશિકા ૧.]

હે દેવ ! જીવોને વિષે મૈત્રી, ગુણી આત્માઓ પ્રત્યે પ્રમોદ, દુ:ખી જીવો પ્રત્યે કૃપાલુતા અને વિપરીત આચરણ કરનારાઓ પ્રત્યે માધ્યસ્થ્યભાવને મારો આત્મા સર્વદા ધારણ કરો.

卐 卐 卐

भजस्व मैत्रीं जगदङ्गिराशिषु, प्रमोदमात्मन्! गुणिषु त्वशेषतः।
भवार्त्तिदीनेषु कृपारसं सदा ऽप्युदासवर्त्तिं खलु निर्गुणेष्वपि॥

[અધ્યાત્મ કલ્પદ્રુમ ૧.૧૦.]

હે આત્મન્! આ જગતના સર્વ જીવ સમૂહો વિષે મૈત્રી, સર્વ ગુણિજનો પ્રત્યે પ્રમોદ, સંસારનાં અનેક દુઃખોનાં કારણે દીન બનેલા જીવો પ્રત્યે કરૂણા અને નિર્ગુણીઓ પ્રત્યે પણ ઉદાસીનભાવને ધારણ કર.

卐 卐 卐

અભ્યાસ

૧. સવારમાં ઉઠતાંની સાથે જ ભાવનાઓનું ચિંતન કરવું.

૨. આજે આ ચાર ભાવનાઓમાં હું અવશ્ય નિષ્ઠા કેળવીશ, એવો દૃઢ સંકલ્પ પ્રતિદિન સવારમાં કરવો જોઈએ.

૩. શરૂઆતના અઠવાડિયામાં રોજ ઓછામાં ઓછું એક વખત ચિંતન અવશ્ય કરવું. બીજા અઠવાડિયામાં રોજ ઓછામાં ઓછું બે વખત ચિંતન અવશ્ય કરવું. એમ અનુક્રમે ચિંતનમાં વિકાસ સાધવો જોઈએ. દિવસમાં જેટલી વખત ચિંતન કર્યું હોય તેટલાં ટપકાં [...] 'અભ્યાસ' નામક કોઠામાં 'ચિંતન' નામક ખાનામાં મૂકવાં, એક વખત ચિંતન કર્યું હોય તો એક ટપકું [.] મૂકવું, આ જ પ્રમાણે બીજા ખાનાઓમાં પણ સમજવું.

૪. આ કોષ્ટક સદૈવ પાસે રાખવું જોઈએ. ચિંતન, અમલ, અથવા ભંગના પ્રસંગમાં તરત જ એક ટપકું તે તે ખાનામાં અવશ્ય મૂકવું જોઈએ.

૫. ભંગ થયા પછી તરત જ ઓછામાં ઓછા ત્રણ નવકાર અવશ્ય ગણવા અને ગણતી વખતે ભાવનામય એવા પરમેષ્ઠિઓનું સ્મરણ કરવું.

૬. દરરોજ સાંજના કોષ્ટકનું સિંહાવલોકન કરવું અને આજે ભાવનાઓમાં આગળ વધ્યા કે પાછા પડયા, વગેરે વિચારવું.

૭. નિદ્રા લેવા પૂર્વે, નવકારનું સ્મરણ કરવું, તે વખતે ભાવનામય પરમેષ્ઠિઓનું ચિંતન કરવું. 'સવારમાં ઉઠતાની સાથે જ મને ભાવનાઓનું સ્મરણ થાઓ' એવી આંતરીક ઇચ્છા રાખવી.

૮. 'ધર્મબીજ' અથવા મૈત્ર્યાદિ ભાવના વિષયક આ ગ્રંથમાંની જે પંક્તિઓ તમને મહત્ત્વની લાગે, તે પંક્તિઓને 'લાલ' કરો અથવા તેની નોંધ કરો, રોજ ઓછામાં ઓછું એક વખત તે પંક્તિઓ ઉપર નજર ફેરવી જાઓ. સતત ચિંતન વિના ભાવનાઓમાં સિદ્ધિ મળતી નથી, એ કદી પણ ન ભૂલવું જોઇએ.

૯. એક વર્ષ સુધી હું 'ધર્મબીજ' (ભાવનાઓ)ના ચિંતન તથા અમલરૂપ જલ વડે સિંચન અને અભંગ (અસ્ખલન)ના સંકલ્પરૂપ વાડ વડે સંરક્ષણ અવશ્ય કરીશ,' એમ રોજ રોજ દૃઢ સંકલ્પ કરો.

૧૦. એક વર્ષ પછીના ભાવનામય જીવનનું સુંદર દૃશ્ય રોજ આંખ સામે લાવીને હર્ષ પામો. જીવનને પવિત્ર, આનંદમય અને નિર્ભય બનાવવાનો આ અમોઘ ઉપાય છે.

અભ્યાસ કોષ્ટક

	મૈત્રી			પ્રમોદ			કરુણા			માધ્યસ્થ્ય		
	ચિંતન	અમલ	ભંગ	ચિંતન	અમલ	ભંગ	ચિંતન	અમલ	ભંગ	ચિંતન	અમલ	ભંગ
રવિ												
સોમ												
મંગળ												
બુધ												
ગુરૂ												
શુક્ર												
શનિ												

'મૈત્રી—પ્રમોદ—કરુણા—માધ્યસ્થ્યમય ધર્મબીજ' એ જ મારાજીવનનું ધ્યેય છે, એ જ મારૂં અમૃત છે, એ જ મારી સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે અને એ જ મારું સર્વસ્વ છે.

મૈત્ર્યાદિ ભાવનાનું રહસ્ય.

સંસારવર્તી સર્વ જીવો સ્વરૂપે અભિન્ન છતાં અનાદિકાલીન કર્મસંયોગને યોગે ભિન્નદશાનો અનુભવ કરે છે. આ ભિન્નતાનો અનુભવ એ જ તેનું દુઃખ છે, તેને ટાળવા માટે જેમાં એવો ભેદનો અનુભવ નથી તે મોક્ષ ઉપાદેય છે.

અનાદિ નિગોદમાં (અવ્યવહાર રાશીમાં) જીવ બીજા અનંતા (સિદ્ધોથી પણ અનંત ગુણા) જીવોની સાથે એક શરીરમાં આહાર, નિહાર અને શ્વાસોચ્છવાસ વિગેરે ક્રિયાને પણ સાથે કરતો અનંતો કાળ રહ્યો, પણ ત્યાં મૈત્રીભાવ કે જે અભેદભાવનો સાધક છે તેના અભાવે દુઃખનો જ અનુભવ થયો, ક્ષણમાત્ર પણ સુખનો અનુભવ ન કરી શકયો.

કાલાન્તરે સામગ્રીનો યોગ મળતાં વ્યવહાર રાશીમાં આવ્યો, અનંતાની સાથે રહેવાથી ત્રાસી ગએલા તેને પ્રત્યેક ભવમાં શરીરાદિ સામગ્રી ભિન્ન મળી, છતાં ત્યાં પણ સુખનો અનુભવ ન કરી શકયો, કારણ કે તેનો ભેદ-ભાવ અખંડ હતો, નિગોદ અવસ્થાથી પણ ઘણો વધી ગયો હતો. પરિણામ એ આવ્યું કે સ્નેહરાગ, કામરાગ, દૃષ્ટિરાગ જેવા દુષ્ટ સંબન્ધોથી તેણે અન્ય જીવોની સાથે અભેદ સાધવા વિવિધ પ્રયત્નો કર્યા પણ તે રાગજન્ય દ્રોહી સંબન્ધોથી તે સર્વત્ર ઠગાતો જ રહ્યો, અભેદભાવને બદલે ભેદભાવ દૃઢ થયો અને સુખને બદલે દુઃખની વૃદ્ધિ થતી ગઈ. એમ ચારે ગતિમાં સર્વ યોનિઓમાં અનંતશઃ ભમવા છતાં તેને કયાંય સાચા સુખની પ્રાપ્તિ ન થઈ.

એ રીતે ભમતો જીવ ભવિતવ્યતાદિ કારણસામગ્રીને પામીને વર્તમાનમાં માનભવને પામ્યો છે, આ માનવભાવ એ કારણે શ્રેષ્ઠ છે કે તેને પામીને જીવ અનાદિ ભેદભાવને ટાળી શકે છે. તેને ટાળવાના મૌલિક ઉપાયો તરીકે તત્વજ્ઞોએ મૈત્રી આદિ ચાર ભાવો નિર્દેશ્યા છે. તેમાં–

૧–**મૈત્રીભાવ** સૌથી પ્રથમ એ કારણે જરૂરી છે કે તેના વિના અનાદિ ભેદ ટાળવાની ભૂમિકા જ પ્રાપ્ત થતી નથી. 'સર્વ જીવો સમાન છે, મારી જેમ સર્વને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે, કર્મથી વિવશ તે સર્વ ભિન્ન છતાં સ્વરૂપસત્તાએ મારી તુલ્ય છે, કોઇની ઉપર દ્વેષ–વૈર વિગેરે કરવું તે મારી જાત ઉપર જ વૈર–વિરોધ કરવા તુલ્ય છે, કોઈના પણ અહિતમાં મારૂં અહિત છે અને હિતમાં મારૂં જ હિત છે.' ઇત્યાદિ ભાવનાથી પોતે અન્ય જીવોથી નજીક આવતો જાય છે, અભેદના આનંદનો અનુભવ કરવા માંડે છે અને પરિણામે આત્મામાં સર્વનાં દુઃખોને નાશ કરવાની તત્પરતા વધે છે.

૨–**મુદિતાભાવ**–મૈત્રીભાવના ફળ સ્વરૂપે મુદિતાભાવ પ્રગટે છે. અન્ય જીવોને પોતાના મિત્રો માનવાથી તેઓની ધન, દોલત, આરોગ્ય યશ–કીર્તિ, કે ક્ષમાદિ ગુણો વિગેરે બાહ્ય–અભ્યન્તર સર્વ સમ્પતિ પારકી નહિ, પોતાની સમજતો થાય છે અને તે જેમ જેમ એવું સમજે છે તેમ તેમ તેનો વિશેષ આનંદ અનુભવે છે. એમ મુદિતાભાવથી અભેદનો આંશિક આનંદ અહીં જ અનુભવવા માંડે છે અને એથી અભેદભાવ પણ દૃઢ થતો જાય છે. એમ મૈત્રીમાંથી મુદિતા પ્રગટે છે, પછી બન્ને સહકારી બની વધતાં જાય છે. આ મુદિતા–પ્રમોદથી બીજાને લાભ ન થાય તો પણ પોતાના ગુણો અવશ્ય પ્રગટે છે.

૩–**કરૂણાભાવ** પણ મૈત્રીભાવ વિના પ્રગટતો નથી, જ્યાં સુધી અન્ય જીવો પ્રત્યે ભેદ બુદ્ધિ હોય ત્યાં સુધી તેના દુઃખમાં દુઃખ કે તે ટાળવાની બુદ્ધિ પ્રગટે જ કોના આધારે ? મૈત્રી ભાવથી સંબન્ધ થતાં જેમ પોતે બીજાનાં સુખોનો આનંદ અનુભવે છે તેમ તેઓનાં દુઃખોનું દુઃખ પણ અનુભવે છે. એથી બાહ્ય–અભ્યન્તર ઉભય પ્રકારનાં દુઃખોને ટાળવાની વૃત્તિરૂપ કરૂણા પ્રગટે છે. આ કરૂણાભાવથી શકચ પ્રયત્નો પણ કરવા માંડે છે અને એ પ્રયત્નો બીજાને કદાચ લાભ ન કરે તો પણ તેને પોતાને તો લાભ કરે જ છે.

૪–**ઉપેક્ષાભાવ**–સર્વ જીવો સાથે અભેદબુદ્ધિ પ્રગટ થવાથી જેમ બીજાની સમ્પત્તિ–વિપત્તિ પોતાનાં બની જાય છે તેમ બીજાને કર્મબન્ધન થાય તે પણ અસહ્ય બને છે. એ કારણે વૈદ્યની જેમ જ્યાં સુધી સામાને લાભ થાય ત્યાં સુધી તેને સુધારવાના (સુખી કરવાના) પ્રયત્નો કરે છે અને લાભને બદલે હાનિ થતી દેખે તો તેમાંથી બચાવવા માટે તુર્ત પ્રયત્નો છોડીને ઉપેક્ષા કરવા માંડે છે. મૈત્રીભાવ વિના જેમ મુદિતા કે કરૂણા પ્રગટ થતાં નથી તેમ ઉપેક્ષાભાવ પણ પ્રગટતો નથી જ. ઉપેક્ષા પણ લંઘન જેવું અનુપમ ઔષધ છે, તેનાથી થાય તો લાભ થાય, હાનિ ન થાય. હા, ઉપેક્ષા–અનુપેક્ષાના પાત્રની સાચી ઓળખ કરવી જોઇએ.

એમ ચાર ભાવનાઓના બળે સર્વ જીવોની સાથે ધર્મ-રાગથી અભેદ સાધતો જીવ આખરે ભેદના કારણભૂત સર્વ કર્મોનો નાશ કરીને મોક્ષમાં સર્વકાળ માટે અભિન્ન બની જાય છે, ભેદબુદ્ધિથી થતા દુઃખને મૂળમાંથી દૂર કરીને અભેદભાવનો અખંડ, અનુપમ, આત્યંતિક આનંદ અનુભવતો મુક્તજીવોની સાથે એકમેક બની જાય છે.

*શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૧	૧૪	કંઈ	કદી
૧૩	૧૦	સદ્દ્યુણોને	સદ્દગુણોને
૧૯	ખાનું ૨	ઉપદાન	ઉપાદાન
૨૧	ખા. ૫, શ્લો. ૩	खुरिवनः	सुखिनः
૩૦	૭	સારનોસાર	સારનો પણ સાર
૩૪	૧૫	નિરોગિતા	નીરોગિતા
૩૬	૧૩, ૧૬, ૧૮	જેમ,	જેમ કે,
૩૯	૪	સઘર્ષમાં	સંઘર્ષમાં
૪૬	૧૯	લાકિક૦	લૌકિક૦
૪૭	૮	અ	આ
૪૮	૯	વ્યાવહરિક	વ્યવહારિક
૫૪	૩	શળી	શૂળી
૫૪	૧૫	તે	તે દુઃખોને
૫૭	૧૮	ઘન	ધન
૬૫	૮	र्भीतेषु	भीतेषु
૭૬	૧૯	શ્રષ્ઠ	શ્રેષ્ઠ
૮૪	૯	નૈશ્ચિયિક	નૈશ્ચયિક
૮૪	૧૯	ભુણી	મુણી

*ઉપર જણાવેલી અશુદ્ધિઓ સિવાયની અનુસ્વાર, વિસર્ગ, પૂર્ણવિરામ, અલ્પવિરામ, હ્રસ્વ, દીર્ઘ વગેરેની કેટલીક ભૂલો રહી ગઇ છે, તે વાચકે સ્વયં સુધારી લેવી.

卐 卐 卐

જ્યારે જ્યારે તમે દુઃખમાં હો ત્યારે ત્યારે એકાંતમાં બેસીને જો તમે મૈત્ર્યાદિ ભાવનાઓનું ચિંતન કરશો અને 'આંતરિક ગુંજારવ' વગેરે શ્લોકોનું ભાવપૂર્વક ઉચ્ચારણ કરશો તો તમને દેખાશે કે તમારૂં દુઃખ હવે રહ્યું નથી.

★

તમારા પ્રત્યેક દિવસને આનંદમય બનાવવા 'ધર્મબીજ'માં કહેલી ભાવનાઓ ઉપર રોજ પ્રાતઃકાળમાં નિયમિત ચિંતન કરો.

★

તમારા જીવનની પ્રત્યેક ક્ષણને આ ભાવનાઓ વડે તમે રંગી દો : જગત તમને પોતાના હૃદયસિંહાસન પર બિરાજમાન કરશે.

卐 卐 卐